THURSDAY
૧૪-૦૧-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, પોષ સુદ ૦૧
અંક : ૮૬
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

ચક્રવાત મીડિયા ગ્રુપ તરફથી સર્વે વાંચકોને મકરસંક્રાંતિની શુભેચ્છા

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### ખેડૂતો કાયદાની નકલ સળગાવી રહ્યાં છે, મોદી સરકારે ખેડૂતોના ધૈર્યની પરીક્ષા કર્યા વગર કૃષિ કાયદા રદ્દ કરવા જોઈએ : ગેહલોત

# ખેડૂત હઠ સર્વોપરી : સ્ટે બાદ પણ આંદોલન યથાવત

નવી દિલ્હી,તા.૧૩

કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂત આંદોલનનો આજે ૪૯મો દિવસ છે. સુપ્રીમ કોર્ટે ત્રણ કૃષિ કાયદાને લાગુ થવાથી અટકાવી દીધા છે. કોર્ટે સરકાર-ખેડૂત સંગઠનો વચ્ચે વિવાદનો ઉકેલ લાવવા માટે જે કમિટીની રચના કરી છે એની પર વાંધો ઉઠાવ્યો છે. ખેડૂત સંગઠનોનો આરોપ છે કે કમિટીમાં સામેલ ચાર લોકો પહેલાં જ કાયદાનું સમર્થન કરી ચૂક્યા છે. તો આ તરફ ખેડૂતો પણ આંદોલનને ચાલુ રાખવા માટે મક્કમ છે. આજે તેઓ કૃષિ કાયદાની નકલની હોળી કરી રહ્યાં છે. આ બધાની વચ્ચે ભાજપ સાંસદ હેમા માલિનીએ કહ્યું હતું કે જે પ્રદર્શન કરી રહ્યા છે તેમને તો પોતાને જ ખબર નથી કે તે શું ઈચ્છે છે અને કૃષિ કાયદામાં શું વાંધો છે? આનાથી ખબર પડે છે કે તે કોના કહેવાથી દેખાવો કરી રહ્યા છે.

તો આ તરફ રાજસ્થાનના ઝસ અશોક ગેહલોતે કહ્યું- મોદી સરકારે ખેડૂતોના ધૈર્યની પરીક્ષા કર્યા વગર ત્રણ કાયદા પાછા લેવા જોઈએ.

હેમા માલિનીએ એવું પણ કહ્યું કે, કૃષિ કાયદાના અમલને અટકાવવો સારી વાત છે, આનાથી મામલો શાંત થવાની આશા છે. ખેડૂત ઘણા વખતની ચર્ચા પછી પણ માનવા માટે તૈયાર નથી.

કોંગ્રેસે પણ કમિટીના સભ્યો અંગે સવાલ ઉઠાવ્યા છે. કોંગ્રેસ-પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે જે ચિંતા વ્યક્ત કરી છે એને અમે વધાવીએ છીએ, પણ





જે ચાર સભ્યની કમિટી બનાવી છે એ ચોંકાવનારી છે. આ ચાર સભ્ય પહેલાંથી જ કાળા કાયદાના પક્ષમાં પોતાનો મત આપી ચૂક્યા છે. આ લોકો ખેડૂતો સાથે શું ન્યાય કરશે એ સવાલ છે? તેમણે વધુમાં કહ્યું હતું કે આ ચારેય તો મોદીજી સાથે ઊભા છે, આ લોકો શું ન્યાય કરશે.

કમિટીના સભ્ય અનિલ ઘનવટે કહ્યું- કોર્ટના આદેશ પર કામ કરીશું, અંગત મતને દૂર રાખીશું કમિટી પર ઊઠી રહેલા સવાલો વચ્ચે કમિટીના સભ્ય અનિલ ઘનવટે કહ્યું છે કે સુપ્રીમ કોર્ટે કમિટી બનાવવાનો નિર્ણય કર્યો છે, ખેડૂતોનું આદોલન છેલ્લા ૫૦ દિવસથી ચાલી રહ્યું છે અને આ દરમિયાન ઘણા ખેડૂતો શહીદ થયા છે, પરંતુ આ આંદોલનને ક્યાંક તો અટકવું જોઈએ અને ખેડૂતોનાં હિતમાં કાયદો બનવો જોઈએ.

કમિટીમાં ભારતીય ખેડૂત સંઘના અધ્યક્ષ ભૂપિંદર સિંહ માન, આંતરરાષ્ટ્રીય ખાદ્ય નીતિ અનુસંધાન સંસ્થાનના ડાયરેક્ટર ડો. પ્રમોદ કુમાર જોશી, કૃષિ અર્થશાસ્ત્રી અશોક ગુલાટી અને મહારાષ્ટ્રના શેતારી સંગઠનના અધ્યક્ષ અનિલ ઘનવટ છે. ચીફ જસ્ટિસ બોબડેની અધ્યક્ષતા બેંચે કમિટીને ૧૦ દિવસમાં કામ શરૂ કરવાના આદેશ આપ્યા છે.

ખેડૂતો હજી પણ પોતાની લડાઈ ચાલુ રાખવા માટે મક્કમ છે. સાથે જ ૨૬ જાન્યુઆરી એટલે કે ગણતંત્ર દિવસના દિવસે શાંતિથી ટ્રેક્ટર રેલી કાઢવાની પણ વાત કહી છે, જોકે આ મુદ્દા પર સુપ્રીમ કોર્ટે પણ ખેડૂતોને નોટિસ પકડાવી છે.

કોન્ટ્રાક્ટ ફાર્મિંગ વિશે અફવા ફેલાવાઈ રહી છે. આ પહેલા સુનાવણી દરમિયાન સરકાર તરફથી સોલિસીટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું કે, અમુક લોકો અફવા ફેલાવી રહ્યાં છે કે નવા ખેડૂત કાયદાથી જમીન છીનવી લેવાશે. પણ કોન્ટ્રાક્ટ ફાર્મિંગમાં કોન્ટ્રાક્ટ માત્ર પાકનો હશે, જમીનનો નહીં, આ અંગે કોર્ટે કહ્યું કે, સરકાર અને ખેડૂત, બન્ને પોતાનો પક્ષ કમિટિ સમક્ષ રજુ કરે.

### શુક્રવારનો અંક બંધ રહેશે

ચક્રવાત દૈનિક દ્વારા મકરસંક્રાંતી પર્વ નિમિત્તે તા.૧૪ના રોજ રજા પાળવામાં આવનાર હોવાથી તા.૧૫નો અંક પ્રસિદ્ધ થશે નહીં. જેની વાંચકોએ નોંધ લેવી. તા.૧૬મીથી અંક રાબેતા મુજબ પ્રસિદ્ધ થશે.

- વ્યવસ્થાપક

## દિલ્હીમાં કોરોના રસીનું ફ્રીમાં વિતરણ કરાશે : ૧૮મીથી ધો. ૧૦-૧૨ના વર્ગો શરૂ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૩

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે જાહેરાત કરી છે કે, જો કેન્દ્ર સરકાર કોરોના રસી મફત નહીં આપે, તો અમે દિલ્હીવાસીઓને કોરોના રસી મફત લગાવરાવીશું. કેજરીવાલે કહ્યું છે કે જો આવું થાય, તો દિલ્હી સરકાર તેના ખર્ચે લોકોને મફત રસી આપશે. દિલ્હીના સીએમ કેજરીવાલે કહ્યું કે હું લોકોને અપીલ કરું છું કે કોરોના રસી વિશે ખોટી માહિતી ફેલાવવી નહીં.

તેમણે કહ્યું- મેં કેન્દ્ર સરકારને અપીલ કરી હતી કે દરેકને નિઃશુલ્ક કોરોના રસી આપવામાં આવે. જો કેન્દ્ર સરકાર આમ નહીં કરે અને જરૂરિયાત પડશે તો દિલ્હીના લોકોને નિઃશુલ્ક કોરોના રસી આપવામાં આવશે. અરવિંદ કેજરીવાલ ડો. હિતેશ ગુપ્તાના પરિવારને મળવા આવ્યા હતા, જેમણે કોરોના ફરજ દરમિયાન જીવ ગુમાવ્યો હતો. અહીં તેમણે કહ્યું- “અમે કોરોના લડવૈયાઓને પ્રોત્સાહિત કરવા માટેની યોજના શરૂ કરી હતી અને આ હેઠળ હું તેમના પરિવારને ૧ કરોડ રૂપિયાની સહાય આપવા આવ્યો છું.

દિલ્હી સરકારે બોર્ડ પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને ૧૦ મહિના પછી ૧૮ જાન્યુઆરીથી ૧૦ અને ૧૨ ધોરણ સુધીની સ્કૂલ ખોલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## રાજકોટને બસ સ્ટેન્ડ માટે માધાપર ચોકડી પાસે ૬૮૦૦ ચો.મી. જમીનની ફાળવણી

ચક્રવાત ટીમ ગાંધીનગર,તા.૧૩

રૂપાણીએ સૌરાષ્ટ્રના આર્થિક-સામાજિક-વ્યાપારિક અને ઔદ્યોગિક ગતિવિધિઓના મુખ્ય કેન્દ્ર સમાન રાજકોટને ઉત્તરાયણ પર્વે અનોખી ભેટ રૂપે માધાપર ચોકડી પાસે નવા બસ સ્ટેશનના નિર્માણની મંજૂરી આપી છે.

ગાંધીનગરમાં રાજ્ય મંત્રીમંડળની મળેલી કેબિનેટ બેઠકમાં આ માધાપર બસ મથકના નિર્માણ માટે ટોકન ભાવે ૬૮૦૦ ચો.મીટર જમીન ફાળવવાનો મહત્વપૂર્ણ નિર્ણય મુખ્યમંત્રીએ કર્યો છે.

રૂપાણીના દષ્ટિવંત નેતૃત્વમાં રાજ્યના બસ મથકોનો આધુનિક કાયાકલ્પ કરીને બસ મથકોને એરપોર્ટ જેવી અદ્યતન સુવિધા સાથે પી.પી.પી. ધોરણે જનભાગીદારીથી બસ પોર્ટ તરીકે વિકસાવવાની પહેલ કરવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં અમદાવાદ રાણીપ, ગીતામંદિર, વડોદરા, રાજકોટ, સુરત, મહેસાણા જેવા મહત્વપૂર્ણ શહેરો-નગરોમાં આવા ૭ બસ પોર્ટ કાર્યરત છે અને અન્ય ૮ બસ પોર્ટનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે. આવા બસ પોર્ટમાં શોપીંગ મોલ, વિશાળ વેઈટીંગ હોલ, પેસેન્જર માટે લગેજ ટ્રોલી, બસના સમયપત્રક માટે એલ.ઈ.ડી, આરામદાયક બેઠક વ્યવસ્થા સહિતની પેસેન્જર એમીનીટીઝ ઉપલબ્ધ છે. મુખ્યમંત્રીએ રાજકોટ શહેરમાં તાજેતરમાં જ રૂ. ૪૨.૨૨ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાસભર બસ પોર્ટનું પ્રજાર્પણ કરેલું છે. હવે, રાજકોટ ૧૫૦ ફૂટ રિંગરોડ પર માધાપર ચોકડી ખાતે ૬૮૦૦ ચો.મીટર વિસ્તારમાં આ નવું બસ મથક નિર્માણ કરવા રાજ્ય સરકારે ટોકન ભાવે જમીન ફાળવવાનો નિર્ણય કર્યો છે. આ નવું બસ સ્ટેશન સૌરાષ્ટ્રના જામનગર, દ્વારકા, જુનાગઢ અને પોરબંદર વિગેરે જિલ્લાઓના લોકો-મુસાફરો માટે આશીર્વાદ રૂપ બનશે. એટલું જ નહિ, આ બસ સ્ટેશન કાર્યરત થવાથી રાજકોટ શહેરમાં પ્રવર્તમાન બસ પોર્ટ પરનું ટ્રાફિક સમસ્યાનું ભારણ પણ હળવું થશે અને મુસાફરો ઓછા સમયમાં પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી શકશે. માધાપર ચોકડી ખાતે નિર્માણ થનારા આ નવા બસ સ્ટેશનમાં ૮ પ્લેટફોર્મ, પેસેન્જર વેઈટીંગ એરિયા, શોપિંગ કોમ્પ્લેક્ષ, સ્ટોલ્સ-કેન્ટીન, પીવાના પાણી, શૌચાલય તેમજ ડ્રાયવર-કંડકટર માટેના રેસ્ટ રૂમની સુવિધાઓ પણ હશે.

## કોરોના વેક્સિનેશનની વ્યવસ્થા માટે પોલીયો રસીકરણ પર પ્રતિબંધ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૩

શમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વેક્સિનેશન અભિયાન શરુ થવા જઈ રહ્યું છે. જેની અસર હવે દેશમાં ચાલતા અન્ય રસીકરણ અભિયાનો ઉપર થઈ રહી છે. કોરોના વેક્સિનેશનના કારણે સ્વાસ્થ્ય મંત્રાલયે પોલિયો અભિયાનને સ્થગિત કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. ૧૭ જાન્યુઆરીએ દેશભરમાં પોલિયો રસીકરણ દિવસની ઉજવણી થવાની હતી, જેને આગલા આદેશ સુધી સ્થગિત કરવામાં આવ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા બુધવારે આ વાતની માહિતિ આપવામાં આવી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે આકસ્મિક ગતિવિધિઓના કારણે પોલિયો અભિયાન સ્થગિત કરવનાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પોલિયો અભિયાન માટે જે ટીમો કામ કરે છે તે ટીમો હવે કોરોના વેક્સિનેશન માટે કામ કરશે. ઉલ્લેખનીય છે કે ભારતમાં મોટા પ્રમાણમાં પોલિયો રસીકરણ અભિયાન ચલાવવામાં આવે છે. જેના કારણે ભારત ૨૭ માર્ચ ૨૦૧૪ના દિવસે જ પોલિયો મુક્ત બન્યો હતો. ત્યારબાદ પણ સાવધાનીના ભાગરુપે પોલિયો રસીકરણ શરુ રાખવામાં આવ્યું છે. જેથી કોઈ બાળક પોલિયોનો શિકાર ના બને. દર વર્ષે લાખો બાળકોને પોલીયોની રસી આપવામાં આવે છે.






## ફેસબુક, ટ્વિટર બાદ ટ્રમ્પના યુ-ટ્યૂબ એકાઉન્ટ પર પણ પ્રતિબંધ

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૧૩

ગૂગલે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું યુ-ટ્યૂબ એકાઉન્ટ બ્લોક કરી દીધું છે. આ ડોનાલ્ડ ટ્રમ્પનું ઑફિશિયલ એકાઉન્ટ છે. છેલ્લા કેટલાક દિવસથી ફેસબુક અને ટ્વિટરે પણ ટ્રમ્પનું એકાઉન્ટ બેન કરી દીધું છે. જો કે ટ્વિટરે તેમનું એકાઉન્ટ રિસ્ટોર કરી દીધું છે, પરંતુ તેમને ચેતવણી આપી છે. ચેતવણી એ હતી કે જો બાદમાં પોલિસીનું ઉલ્લંઘન થયું તો એકાઉન્ટ હંમેશા માટે બેન કરી દેવામાં આવશે. જો કે ફેસબુકે અનિશ્ચિતકાળ માટે ટ્રમ્પનું એકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધું છે.

## ભારતમાં ટેસ્લાની એન્ટ્રી : કર્ણાટકના બેંગલોરમાં થશે ઈલેક્ટ્રિક કારનું ઉત્પાદન

(જી.એન.એસ.)બેંગ્લુરુ,તા.૧૩

દક્ષિણ આફ્રિકામાં જન્મેલા, અમેરિકામાં સ્થાયી થયેલા અને દુનિયાના નંબર-૧ શ્રીમંત અને વિશ્વની અગ્રગણ્ય ઈલેક્ટ્રિક કાર ઉત્પાદક ટેસ્લા કંપનીના સ્થાપક અને સીઈઓ એલન મસ્ક ભારતમાં આવીને બિઝનેસ કરશે કે કેમ એવી અમુક વર્ષોથી ચાલતી અટકળોનો આખરે અંત આવી ગયો છે. એમની ટેસ્લા કંપનીએ બેંગલુરુમાં ઓફિસ શરૂ કરી છે. મસ્કે પોતાની ભારતીય પેટા-કંપનીનું નામ રાખ્યું છે, ટેસ્લા ઈન્ડિયા મોટર્સ એન્ડ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ. રજિસ્ટ્રાર ઓફ



કંપનીઝની વેબસાઈટ પરથી ઉપલબ્ધ વિગતો અનુસાર, ટેસ્લા કંપનીએ ગઈ ૮ જાન્યુઆરીએ રૂ. ૧૫ લાખની ઓથોરાઈઝ્ડ મૂડી અને રૂ. ૧ લાખની પેઈડ-અપ મૂડી સાથે બેંગલુરુમાં તેની ભારતીય કંપનીને રજિસ્ટર કરાવી છે. વૈભવ તનેજા, વેંકટરંગમ શ્રીરામ અને ડેવિડ જોન ફેન્સટીન તેના ડાયરેક્ટરો છે. એલન મસ્કે ગયા ઓક્ટોબરમાં જાહેરાત કરી હતી કે એમની કંપની ૨૦૨૧માં ભારતની બજારમાં પ્રવેશ કરશે.

## પ્રેસિડેન્ટની તરફેણમાં વાઈસ પ્રસિડેન્ટ ૨૫મા સંવિધાન સંશોધન પર રોક લગાવાઈ

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૧૩

વિદાય લઈ રહેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકી બંધારણના પચીસમા સુધારા સાથે ઈમ્પીચ કરીને હટાવવાના મુદ્દે ઉપપ્રમુખ માઈક પેન્સ સંમત નથી. તેમણે સંસદના સ્પીકર નેન્સી પેલોસીને જાણ કરી હતી કે હું ટ્રમ્પને હટાવવાનો અભિપ્રાય ધરાવતો નથી.

પ્રમુખપદની ચૂંટણીમાં પોતે પરાજિત થઈ રહ્યા છે એવો ખ્યાલ આવતાં ટ્રમ્પે એક ભાષણ દ્વારા પોતાના સમર્થકોને ઉશ્કેર્યા હતા કે ચાલો. આપણે સંસદ પર ચડાઈ લઈ જઈએ. તેમના હજારો સમર્થકોએ કેપિટલ હિલ પર ચડાઈ કરી હતી અને હિંસા આચરીને ભાંગફોડ કરી હતી. ત્યારબાદ કેટલાક સાંસદોએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે અમેરિકી બંધારણના પચીસમા સુધારા અન્વયે ટ્રમ્પને હટાવી દઈએ. ટ્રમ્પની મુદત પૂરી થવા આડે માત્ર સાત દિવસ બાકી રહ્યા હતા. ઉપપ્રમુખ માઈક પેન્સ ટ્રમ્પને હટાવવાના વિચાર સાથે સંમત નથી. ટ્રમ્પની મુદત વીસ જાન્યુઆરીએ પૂરી થાય છે જ્યારે ડેમોક્રેટ ઉમેદવાર જો બાઈડન પ્રમુખ તરીકે સોગન લેશે. માઈક પેન્સે સ્પીકર નેન્સી પેલોસીને જણાવ્યું હતું કે હું ટ્રમ્પને હટાવવા બંધારણના ૨૫મા સુધારાનો આશ્રય લેવાનો નથી.

## બિહારમાં નરાધમોએ દિવ્યાંગ બાળકી સાથે બળાત્કાર કરી આંખો ફોડી નાખી

(જી.એન.એસ.)પટના,તા.૧૩

બિહારના મધુબની જિલ્લામાં મંગળવારે એક દિવ્યાંગ (મૂક-બધીર) બાળકી સાથે ગેંગરેપની ઘટના બની છે. ગેંગરેપથી ના અટકતા આરોપીઓ દ્વારા તેની બંને આંખો પણ ફોડી નાંખવામાં આવી છે. આ ઘટના બાદ બિહારના વિપક્ષી દળો અને નેતાઓ સત્તાપક્ષ અને મુખ્યમંત્રી નીતીશ કુમાર તેમજ એનડીએને નિશાન બનાવી રહ્યા છે.

આરજેડીના નેતા તેજસ્વી યાદવે તો મુખ્યમંત્રી નીતીશ કુમારના રાજીનામાની માંગ કરી છે. તેજસ્વી યાદવે બુધવારે ટ્વિટ કરીને કહ્યું કે અનૈતિક સરકારના સંરક્ષણમાં અપરાધ અને દુષ્કરમોની સંખ્યા દરરોજ વધી રહી છે, તે એનડીએની સામુહિક નિષ્ફળતા છે. નીતીશજી દ્વારા અપરાધોને છુપાવવાના પ્રાયસ અને સ્વીકાર નહીં કરવું એ જ સૌથી મોટો અપરાધ છે લઅને અપરાધીઓ માટે રામબાણ છે. જો તેમનાથી બિહાર ના સંભાળાતું હોય તો તરત રાજીનામુ આપી દે. તો બીજી ટ્વિટમાં કહ્યું કે મધુબની જિલ્લામાં ગરીબ દિવ્યાંગ બાળકી સાથે બલાત્કાર થયો અને તેની બંને આંખો પમ ફોડી નાંખવામાં આવી. બિહારમાં સતત ગરીબ નાની બાળકીઓ સાથે બલાત્કારના સમાચારો આવી રહ્યા છે. પરંતુ ગરીબ હવાનું જાણીને સરકાર કે પોલીસ કોઈ હલતું નથી.

### અમરેલી એસ.પી. દ્વારા દિપીકા ચૌધરીને ફરજ મોકૂફનો આદેશ

# બાબરામાં મહિલા પોલીસની દાદાગીરી : મહિલાઓને લાકડી ફટકારી

ચક્રવાત ટીમ બાબરા તા.૧૩

મોટાભાગે બહારગામ અને સ્થાનિક વિસ્તાર માંથી પાથરણા પથરી વેપાર કરી આજીવિકા ચલાવતા મધ્યમ વેપારી વચ્ચે દિનબદિન ઘર્ષણ વધવા ના બનાવો વચ્ચે આજે બુધવારી બઝાર ના મહિલા વેપારી વર્ગ ઉપર પોલીસે લાકડી ઓ ફટકારી દેતા વ્યાપક રોષ વચ્ચે પણ નાના વેપારી ના મુદ્દે ઉચ્ચ કક્ષા સુધી રજુવાત કરવા કોઈ આગળ નહી આવતા ચર્ચા નો વિષય બન્યો છે.

મળતી વિગત મુજબ બાબરા શહેર કાળુભાર નદી કાઠા વિસ્તાર અને વ્હોકર્સ સહિત બન્ને પુલ ઉપર બુધવાર ના દિવસે બાબરા ના સ્થાનિક અને બહારગામ થી આજીવિકા રળવા આવતા અંદાજીત ૧૫૦ જેટલા નાના મોટા વેપારીનો પાથરણા,લારી,પલંગ ઉપર વ્યાજબી ભાવે ઘર વપરાશ સહિત હેન્ડલુમ કાપડ પ્લાસ્ટિક ફુટ કોસ્મેટીક સહિત નો વેપાર છેલ્લા ૨૦ વર્ષ થી ચાલે છે અને નગરપાલિકા વિસ્તાર માં લારી પાથરણા રાખી વેપાર કરતા વેપારી વર્ગ પાસે છેલ્લા ૧૦ માસ થી કોઈ ભાડું ઉઘરાવવા માં આવતું નથી.



નાના અને મધ્યમ વર્ગનો સમય સાચવી આપતી અને મોટાગજાના શો રૂમો કરતા તદન વ્યાજબીભાવે વેપાર કરતા આ બુધવારી બઝારમાં બાબરા તાલુકા સહિત આજુબાજુ ના પંથક માંથી અંદાજીત ૫૦૦૦ થી વધુ ગ્રાહકો ની અવરજવર અને પોતાના બઝેટ માં જીવનજરૂરી ચીજ વસ્તુ મળી રહે છે છેલ્લા સમયે કોરોના મહામારી મુદ્દે આ બઝાર નો વેપાર ભાંગી પડ્યા બાદ લોક ડાઉનમાં રાહત મળતા નાના વેપારી નો વ્યવસાય ધમધમાટ શરૂ થયો હતો જેમાં આજે સવારે સ્થાનિક ટ્રાફિક પોલીસ અને ટીઆરબી સ્ટાફે પ્રથમ રોફ જમાવી વેપારી વર્ગ ના ધંધા રોજગાર અડચણ હોવાનું કહી સ્થળ ફેર કરાવ્યા અને રાજકોટ ભાવનગર રોડ ઉપર વેપાર કરવા મોકલાયા બાદ ગણતરી ની કલાકો માં ત્યાંથી હટી જવા દમદાટી આપતા પેટીયુ રળવા આવેલા મધ્યમ વેપારી માટે જાયે તો જાયે કહાં તેવી સ્થિતિ વચ્ચે આજે બાબરા ગાયત્રી મંદિર નજીક એકઠી થયેલી મહિલા વેપારી વર્ગ ઉપર સ્થાનિક પોલીસ મથક માં પી.એસ.આઈ તરીકે ફરજ બઝાવતા મહિલા દિપીકા ચૌધરી દ્વારા દબંગીરી આદરી સિવિલ ડ્રેસ માં આવી મહિલા વર્ગ ને લાકડી વડે મારમારવા લાગ્યા હોવાનો વિડીઓ સામે આવ્યો હતો.

બહારથી પેટીયું રળવા આવતા અઠવાડિક બજારના વેપારી ઉપર પોલીસ વર્ગની યાતનાભરી કામગીરી મુદ્દે કોઈ લાઠી બાબરા વિસ્તાર ના ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર દ્વારા જીલ્લા કલેકટર નો સંપર્ક સાધી મહિલા ફોઝદાર સામે ખાતાકીય કાર્યવાહી કરવા સંદર્ભે ઉચ્ચ કક્ષાએ રજૂ-ાત કરતા જિલ્લા પોલીસ વડાએ બાબરાના મહિલા સબ ઈન્સ્પેક્ટર દિપીકા ચૌધરીન તત્કાળ અસરથી પાણીચું પકડાવાનો નિર્ણ કરતો આદેશ બહાર પાડેલ છે.

### વાયરલ ફોટો ઓફ ધ ડે.....




# મકરસંક્રાંતિએ સોમનાથ ટ્રસ્ટની ગાયોને દત્તક લેવાની વિશેષ સુવિધા કરવામાં આવી

ચક્રવાત ટીમ વેરાવળ,તા.૧૩

મકરસંક્રાતિના દિને સોમનાથ મંદિરે ગૌપૂજન સાથે મહાદેવને તલનો અભિષેક અને શણગારનું આયોજન કરાયું છે. સોમનાથ ટ્રસ્ટના ગૌશાળામાં ૧૦૦ ગીર ગાયો છે જેને કોઈ ભક્ત દાન આપી દત્તક લઈ શકશે તેવું આયોજન મંદિર ટ્રસ્ટએ કર્યું છે.



આ અંગે સોમનાથ ટ્રસ્ટના જીએમ વિજયસિંહ ચાવડાએ જણાવ્યું છે કે, ૧૪ જાન્યુઆરી મકરસંક્રાતિનો દિવસ દાન-પુણ્ય કરવા માટે મહત્વનો દિવસ માનવામાં આવે છે. મકરસંક્રાતિના દિને પૂજા, ગૌપૂજન જેવા ધાર્મિક કાર્યો ધાર્મિક સ્થાનોમાં લોકો કરતા હોય છે. ત્યારે આગામી તા.૧૪ ને મકરસંક્રાંતિના દિને સોમનાથ મંદિરમાં સવારે ૯ વાગ્યે ગૌપૂજન, ૧૧ વાગ્યે મહાદેવને તલનો અભિષેક તથા સાંજના શયં આરતી સમયે તલનો શણગાર કરવામાં આવશે.

સોમનાથ ટ્રસ્ટની ગૌશાળામાં ૧૦૦ ગીર ગાયોની સેવા કરવામાં આવી રહી છે. હિન્દુ ધર્મશાસ્ત્રમાં ગૌ માતાનું પાલન અને પૂજનને શ્રેષ્ઠ માનવામાં આવે છે. વર્તમાન દોડાદોડીવાળા જીવનમાં શહેરમાં વસતા અનેક લોકો ગૌપાલન-પૂજન કરવા ઈચ્છા ધરાવતા હોવા છતાં કરી શકતા નથી. આવા અનેક ગૌભકતો ગૌપાલન-પૂજનનો લ્હાવો લઈ શકે તે માટે ટ્રસ્ટની ગૌશાળામાં રહેલી એક ગીર ગાય માટે રૂ.૩૧ હજારનું દાન આપી ગીર ગાય દત્તક લઈ સેવા કરવાનો લ્હાવો લઈ શકશે

# ૧૬મીએ વેક્સીન આપવા માટે મોરબી સજ્જ જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ

ચક્રવાત ટીમ મોરબી,તા.૧૪

સમગ્ર દેશમાં આગામી ૧૬મી જાન્યુઆરીથી ફ્રન્ટ લાઇન કોરોના વોરિયર્સને વેક્સીન આપવાની છે તે સંદર્ભે ગુજરાતમાં સંપૂર્ણ આયોજન કરી દેવાયુ છે ત્યારે મોરબી જિલ્લામાં પણ વેક્સીનેશન અંગેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો હોવાનું જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી જે.એમ. કતીરાએ આજરોજ મંગળવારે એ.ઇ.એફ. આઇ. ખાસ આયોજિત બેઠકમાં જણાવ્યું હતું.



જિલ્લા પંચાયત આરોગ્ય શાખામાં મુખ્ય આરોગ્ય અધિકારી જે.એમ. કતીરાના અધ્યક્ષસ્થાને મળેલ એ.ઇ.એફ.આઇ.ની બેઠકમાં આગામી ૧૬મી તારીખે કોરોનાની રસીકરણની કામગીરી અંગે આખરી ઓપ અપાયો હતો. ડો. કતીરાએ બેઠકમાં જણાવ્યું હતું કે, સૌ પ્રથમ આરોગ્ય વિભાગના ફ્રન્ટલાઇન કોરોના વોરિયર્સને કોરોનાની રસી આપવામાં આવશે. મોરબીમાં ત્રણ સ્થાનો પર કોરોનાની રસી આપવાનો પ્રારંભ કરવામાં આવશે જેમાં મોરબી સિવિલ હોસ્પિટલ, વાકાંનેર સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ તેમજ હળવદ તાલુકાના સાપકડા ખાતે એક સેન્ટર દીઠ ૧૦૦ વ્યક્તિઓને રસી આપવાનું આયોજન કરવામાં આવેલ છે. વેકસીન અંગે વધુ માહિતી આપતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ ભારપૂર્વક જણાવ્યું હતુ કે, આ વેકસીનની કોઈ આડઅસર થતી નથી.

# રાજ્યમાં ઉતરાયણ પૂર્વે ઠંડીમાં ક્રમશઃ ઘટાડો નોંધાયો

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૩

રાજ્યમાં મકરસંક્રાતિ (ઉતરાયણ) પર્વની પૂર્વે લઘુત્તમ તથા ગુરૂત્તમ તાપમાનનો પારો ધીમે ધીમે ઉંચાઈ પ્રાપ્ત કરી રહ્યો છે. પરંતુ હવામાનશાસ્ત્રીઓનાં કથન અનુસાર શનિવાર બાદ રાજ્યમાં ફરી ઠંડીનું એક મોજુ ત્રાટકવાની પ્રબળ સંભાવના દર્શાવવામાં આવી છે. રાજ્યમાં આગામી દિવસોમાં રાત્રીના ઠારનું તેમજ ધુમ્મસનું પ્રમાણ પણ વધવાની સંભાવનાઓ ઉદ્દભવી રહી છે. રાજ્યમાં આગામી દિવસોમં ઠંડીનો વધુ એક તબક્કો આવી રહ્યો હોવાથી તંત્ર દ્વારા આ મામલે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયેલ છે. રાજ્યમાં આજે નલિયા, કંડલા, ગાંધીનગર, ડીસા, ગિરનાર પર્વત તથા ભૂજ ખાતે સૌથી વધુ ઠંડી નોંધાવા પામેલ છે. રાજ્યમાં



આજે નલિયા ૫, કંડલા વિમાન મથક ૭.૭, ગિરનાર પર્વત ૮.૮, ગાંધીનગર ૯, ડીસા ૯.૬, વલસાડ ૧૪, અમરેલી ૧૪, જૂનાગઢ ૧૩.૮, અમદાવાદ ૧૨, રાજકોટ ૧૩.૧, પોરબંદર ૧૩.૬, કેશોદ ૧૩.૬, વિદ્યાનગર ૧૩.૫, વડોદરા ૧૪.૨, ભાવનગર ૧૫, દ્વારકા ૧૫.૨ તેમજ સુરત, દિવ, ઓખા સુરેન્દ્રનગરમાં તાપમાનનો પારો ૧૭ ડીગ્રી ઉપર અને વેરાવળ ખાતે ૧૮.૪ ડીગ્રી નીચું તાપમાન નોંધાયુ હતું.

### રાજ્યના છેવાડે આવેલ સંપૂર્ણ આદીવાસી વસ્તી ધરાવતા ડાંગ જિલ્લામાં શ્રેણીબદ્ધ ખાતમૂહુર્ત

# વસાવાના હસ્તે ડાંગમાં ટાવર અને રસ્તાનું લોકાર્પણ

ચક્રવાત ટીમ ડાંગ,તા.૧૩

ડાંગ જિલ્લા ૧૭૩ વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવારની જંગી મતોથી વિજય મેળવ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા વિકાસકીય કામોમાં વેગ મળ્યો છે ત્યારે ગામડાં ને ગાંધીનગર સાથે ઓનલાઈન જોડવા બીએસએનએલ ટાવરો અને માર્ગોના નિર્માણ માટે ગુરુવારે વસાવાના હસ્તે શ્રેણીબદ્ધ ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવશે.

રાજ્યના છેવાડે આવેલ ૧૦૦ ટકા આદિવાસી વસ્તી ધરાવતો ડાંગ જિલ્લામાં કોંગ્રેસ સરકારે આદિવાસીઓને માત્ર વોટ બેન્ક પુરતી જ રાજનીતિ કરી આદિવાસીઓને વિકાસથી વંચિત રાખ્યા હતા. હાલ રાજ્ય અને કેન્દ્રમાં વર્તમાન ભાજપ સરકાર આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી રહી છે. વર્ષોથી જંગલમાં વસતા આદિવાસીઓ માટે બિસમાર માર્ગ,શુદ્ધ પીવાના પાણીની સમસ્યા, તેમજ જંગલ જમીનના હક્ક પત્રક વિતરણ સહિત બિસ્માર માર્ગોના કરોડો રૂપિયાના ખર્ચે નવીનીકરણ કામગીરી હાથ ધરવામાં આવી છે. ગુરુવારે આદીવાસી સમાજના મસીહા કેબિનેટ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા,ચૂંટણી ઈન્ચાર્જ અશોકભાઈ ધોરજીયાના



હસ્તે પાર્ટી પ્રમુખ દશરથભાઈ પવાર,અને ધારાસભ્ય વિજયભાઈ પટેલ ના ઉપસ્થિતિ માં જામાલા કેશબંધ રોડ,કેશબંધ પ્રાથમિક શાળા રોડ,વડપાડા ચિચપાડા રોડ,શિવબારા થી પાંઢરપાડા હનવતપાડા રોડ,કેળ આમસરપાડા રોડ,વાહુટીયા ઝાંખરાયબારી રોડ,સબરિધામ થી કાંગર્યામાળ ,પંપાસરોવર રોડ,તેમજ ધવલીદોડ પીપલાઈદેવી રોડ,પળસમાળ કાકડવિહીર રોડ ,ચીખલી લવચાલી રોડ,પાદલખડી કિરલી કાકડવિહીર રોડ તેમજ વિકાસ પામેલ આયમોનો લોકાર્પણ, જંગલ જમીનના હક્ક પત્રકો,માલિકી ચેક વિતરણ,ઈક્કો ટુરિઝમ સર્કિટ મહાલ, સુબિર,પીપલદહાડ,પીપલાઈદેવી ટુરિઝમ એકમોનું ડીઝીટલ લોકાર્પણ કરવામાં આવશે. રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીના દીર્ઘદ્રષ્ટિ ને પગલે ડાંગ જેવા છેવાડામાં આવેલ જિલ્લાને વિકાસની ગતિ ઝડપી બને અને આદિવાસીઓનો વિકાસ કાજે સમાજ પગભર થાય તેવા ઉદ્દેશ સરકાર થી કરોડો રૂપિયાનો ખર્ચો કરી રહ્યા છે.

# મકરસંક્રાતિના દિવસે ઘાસચારાના બગાડને અટકાવવા વેરાવળમાં વિવિધ સ્થળોએ ઘાસડેપો કાર્યરત કરાશે

ચક્રવાત ટીમ વેરાવળ,તા.૧૩

વેરાવળમાં જીવદયા પ્રેમી યુવાનો અને સંસ્થાઓ દ્વારા મકરસંક્રાતિના દિવસે ગાય સહિતના પશુઓને ઘાસચારો, ખીચડો વિગેરે ખવડાવવામાં ઘણો જ બગાડ થતો હોવાથી ઘાસનો સદઉપયોગ થાય તેવા હેતુથી સંસ્થાઓ દ્વારા જુદા-જુદા સ્થળોએ ઘાસડેપોનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા શહેરીજનોને અપીલ કરવામાં આવી છે. વેરાવળમાં સ્વસ્તિક સેવા મંડળ, મહાવીર સેવા મંડળ અને જીવન જ્યોત સેવા ટ્રસ્ટ સહિતના જીવદયા પ્રેમીઓએ મકરસંક્રાતિના દિને ઘાસડેપોનું અનેરૂ આયોજન કર્યું છે. જે અંગે અરૂણભાઇ સોનીએ જણાવ્યું કે,



ઘાસડેપોમાં ઘાસ, કપાસીયા, ભુસો તથા દાનની રકમ જમા લેવાશે. ત્યારબાદ આ ઘાસચારો વેરાવળ મહાજન પાંજરાપોળ, ગોપાલવાડી, ઉંબાવાડી, બાપા સીતારામ ગૌ શાળા, રાધે શ્યામ બાપુ ગૌશાળા -પ્ર.પાટણ, ગાયત્રી મંદિર ગૌશાળા, મોટી હવેલી ગૌશાળા સહિતની જરૂરિયાતવાળી ગૌશાળાઓમાં પહોંચાડી લોકોએ આપેલ દાનનો સદઉપયોગ કરવાનું આયોજન કર્યું છે. આ ઉપરાંત માનવ સેવા રોકડ અથવા વિવિધ વસ્તુઓમાં બિસ્કીટ, તલસાકરી, મમરાના લાડું, ફ્રુટ, ઘઉં, ચોખા વિગેરે ચીજ વસ્તુઓ સ્વીકારી જરૂરિયાતમંદ વ્યક્તિઓને પહોંચાડવામાં આવશે.




# મકરસંક્રાતિના અવસરે વેરાવળમાં પતંગોત્સવ દર્શનનું આયોજન

ચક્રવાત ટીમ વેરાવળ,તા.૧૩

મકરસંક્રાતી ના પાવન દિવસે શ્રી જલારામ મંદિર વેરાવળ દ્વારા શ્રી જલારામબાપા ના પતંગોત્સવ દર્શન નુ ભવ્ય આયોજન આજે તા. ૧૪/૦૧/૨૦૨૧ ગુરૂવાર સવારે ૮ થી ૧૨ અને બપોરે ૪થી ૮ શ્રી જલારામ મંદિર, મોટી શાકમાર્કેટ પાસે વેરાવળ ખાતે કરવામાં આવેલ છે. સરકારશ્રી ના નીયમ મુજબ માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સ જાળવી દર્શન નો લાભ લેવા ભક્તોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.




# રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી અંતર્ગત આપનો જોરશોરથી પ્રચાર



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૩

રાજકોટ મહાનગર પાલિકાની ચૂંટણી અનુસંધાને વોર્ડ નંબર ૭ " આપ "ના ઘોષિત ઉમેદવાર, જોસનાબેન તથા પરેશ શીંગાળાએ બહોળી સંખ્યામાં સમર્થકો તથા કાર્યકરો સાથે ચૂંટણી પ્રચાર શરુ કરેલ છે.

જોસનાબેન તથા પરેશભાઈ શીંગાળા ની સંયુક્ત યાદીમાં " આપ " પ્રમુખ રાજભા ઝાલા તથા પ્રદેશ સંગઠન સહપ્રભારી અજિત લોખીલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ શહેરની જનતાને દિલ્હી મોડેલ આધારિત સુવિધા મળે તે સંકલ્પ લીધેલ હતો.






# પોરબંદર તાલુકામાં રસ્તાનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા

## પોરબંદર તાલુકાના ગ્રામ્ય વિસ્તારને જોડતા બંને રસ્તા સાડા ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે સાકાર થશે



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૩

પોરબંદર તાલુકામાં સતત વિકાસના કામો થઈ રહ્યા છે જેના અનુસંધાને આજે પોરબંદર તાલુકાના વિકાસશીલ ગામ ફટાણાથી ભેટકડી સુધીનો ત્રણ કિલોમીટરનો માર્ગ અને સોઢાણા ાી ભેટકડી નો ૯ કિલોમીટરનો માર્ગ આ બે માર્ગો જે સાડા ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે આગામી દિવસોમાં સાકાર થશે તેનું ખાતમુહૂર્ત પોરબંદરના ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા ના હસ્તે આજે કરવામાં આવેલ આ તકે ફટાણા ગામના લોકપ્રિય સરપંચ મિતલબેન કરસનજી ઓડેદરા અને અગ્રણી કરસનજી ઓડેદરા જેઓએ આ માર્ગ બને તે માટે અનેક રજૂઆતો કરેલ તેઓ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ ધારાસભ્યની સાથે પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ મોઢવાડિયા, ભુરાભાઈ કેશવાલા, પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ વિરમભાઈ કારાવદરા પોરબંદર જિલ્લાના મહામંત્રી ખીમજી ભાઈ મોતીવરસ, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ વિક્રમભાઈ ઓડેદરા આવડા ભાઈ, નિર્મલજી ઓડેદરા અન્ય ભાજપ અગ્રણીઓ તેમજ વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહેલ.

### ગીર સોમનાથ જિલ્લાના સર્વ સમાજના કર્મચારી દ્વારા સન્માન કરાયું

# ગીર સોમનાથના જનનાયક જે.ડી. સોલંકીનો સન્માન સમારોહ

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૩

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કર્મધર ગુજરાતના સામાજિક રાજકીય અગ્રણી પૂર્વ ધારાસભ્ય અને સંસદીય સચિવ જે. ડી. સોલંકીની જિલ્લાના સર્વ સમાજના આગેવાનો, સંસ્થાઓ, કર્મચારીઓ તેમજ ગીર સોમનાથ જિલ્લા યુનિટ એક વિચાર એક ભારત દ્વારા અને વિવિધ વિસ્તારોમાંથી સમગ્ર જિલ્લાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં, જે ડી સોલંકી દ્વારા સમાજમાં વ્યસન પ્રત્યે જાગૃતિ કેળવવામાં આવે તેમજ કર્મચારીઓ આ બાબતે પાયાની ભૂમિકા ભજવે તેમ જણાવ્યુ હતુ

ઉલ્લેખનીય છે કે કોરોનાના કપરા કાળમાં પણ જીવના જોખમે ગીર સોમનાથ જિલ્લાના વિવિધ કર્મચારીઓ દ્વારા સતત જનસેવાની કામગીરી કરવામાં આવી હતી તે બાબતે સર્વે કર્મચારીઓ ને અભિનંદન પાઠવ્યા હતા તેમજ તેમની કામગીરી ની સરાહના કરવામાં આવી હતી, સામાજિક અગ્રણી જે ડી સોલંકી એ સમગ્ર જિલ્લામાં માત્ર અનુ જાતિ સમાજના જ નહિ પણ સર્વ સમાજના લોકો ના પ્રતિનિધિ તરીકે કાર્ય કરતાં હોય તેમની ઉત્કૃષ્ટ કામગીરી બાબતે સર્વ સમાજના આગેવાનો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ ના પ્રતિનિધિઓ તથા સર્વ સમાજના કર્મચારીઓ તેમના સન્માન કાર્યક્રમ માં ઉપસ્થિત રહ્યાં હતાં તેમજ આ બાબતે તેમણે સર્વેને સામાજિક અને જિલ્લાના ઉતરોતર વિકાસ માટે યોગ્ય ભૂમિકા ભજવી સર્વે નું કલ્યાણ થાય તેવી કામગીરી પોતાની નૈતિક ફરજ સમજી કરવા જણાવ્યુ હતું. તેમને વિશેષ માં જણાવ્યુ હતું કે આપણે સૌ બાબા સાહેબ આંબેડકરના વારસદારો છીએ તેમની રાષ્ટ્રીય અને રાષ્ટ્રવાદી વિચારધારા નું આપણે સૌ એ અનુસરણ કરવું જોઈએ. તેમણે સર્વ સમાજના લોકોને વિનતી કરતા જણાવ્યુ હતુ કે વધુમાં વધુમાં લોકો વ્યસન મુક્તિ બાબતે જાગૃત થાય અને એક સુવ્યવસ્થિત અને સુદ્રઢ સમાજનું નિર્માણ થાય માટે સર્વે એ સહકારથી તથા રાષ્ટ્રીય ભાવનાથી કાર્ય કરવું જોઈએ તેમ તેમણે ખૂબ જ ભાવપૂર્ણ રીતે નિવેદન કર્યું હતું, તેમજ ગુજરાત ના પનોતા પુત્ર આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ તેમની ડો બાબા સાહેબ આંબેડકર પ્રત્યેની ઉત્કૃ ષ્ટ ભાવના અને સંવિધાન પ્રત્યે ની જાગૃતિ અને જાળવણી બાબતની પણ સરાહના કરી હતી, જે ડી સોલંકી ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં તથા સમગ્ર જિલ્લાના લોકોના પ્રશ્નો અને સમસ્યાઓ બાબતે સતત કાર્યરત રહી જનનાયક તરીકે ભૂમિકા ભજવે છે તેમની ત્રણ દશકાથી વધુ સમયની સામાજિક કામગીરી બાબતે જિલ્લાના અગ્રણીઓ તેમજ સર્વ સમાજના લોકો દ્વારા આજ રોજ શુભેચ્છા મુલાકાત લઈ તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.



# પોસ્ટઓફિસના પાપી એજન્ટના કારણે એક પરિવારનો માળો વિખાયો : મહિલાએ આપધાત કરતા ચકચાર



ચક્રવાત ટીમ જૂનાગઢ, મુંબઈ, ૧૩

જૂનાગઢ પોસ્ટ ઓફીસના એજન્ટે કરોડો રૂપિયાના ફેરવેલા ફુલેકાનો ભોગ બનનાર પરિવારની મહિલાએ કરી આત્મહત્યા, ગરીબ પરિવારના બાળકો માં વગરના નોંધારા બન્યા.

કહેવાય છે કે પૈસો પાપ કરાવે, પેટનો ખાડો પુરવા પૈસો વ્યવસ્થાનો એક ભાગ છે ત્યારે કાળી મજૂરી અને રાતદિવસ મહેનત કરી એક એક પાઈ ભેગી કરી અને એજ પૈસા સાચવવા કે બચત કરવા લોકો સલામતી માટે બેન્ક કે પોસ્ટઓફિસનો સહારો લેતા હોઈ છે પરંતુ એજ પોસ્ટઓફિસનો એજન્ટ લોકો પાસેથી પૈસા ઉઘરાવી રફુચકુર થઈ જતા અનેક પરિવારો આર્થિક ભીંસમાં આવી જઈ આત્મહત્યા સુધીનું પગલું ભરતા પણ અચકાતા નથી આવી એક ઘટના જૂનાગઢ સ્થિત આવેલી ગાંધીગ્રામ પોસ્ટ ઓફિસનો ભરત પરમાર નામનો એજન્ટ લોકોની મહેમતના પૈસા ઉઘરાવી રાતોરાત રફુચક્કર થઈ ગયો હતો જેમા અનેક પરિવારોના નાણાં ફસાયા છે પોસ્ટઓફિસ તંત્ર એ એજન્ટ પર બધું ઢોળી દઈ પોતાનો બચાવ કર્યો હતો ત્યારે આજે જૂનાગઢના આંબેડકર નગરમાં રહેતી અજાઈબેન પ્રવીણભાઈ મકવાણા નામની મહિલાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પાપી એજન્ટ ભરત પરમાર પર ફિટકારની આંકરોશ વરસી રહી છે આ મહિલાએ રાતદિવસ સાડીનું ભરત ભરી એક એક પાઈ ભેગી કરી ૫૦ હજાર રૂપિયા એકઠા કરી એજન્ટ ભરત પરમાર મારફત પોસ્ટમા જમા કરાવ્યા હતા ત્યારે ભરત પરમાર કરોડો રૂપિયા લઈ રાતોરાત ભાગી છૂટ્યો હતો જેમા સંખ્યાબન્ધ લોકોના લાખો રૂપિયા ડૂબતા અનેક પરિવારો આર્થિક ભીંસમાં આવી ગયા છે, ત્યારે આજે એક મહિલાએ આપઘાત કરી લેતા એક દીકરી અને બે દીકરા એ પોતાની માતા ગુમાવી ને પતિએ તેમની પત્ની ગુમાવી છે આ બનાવ ને લીધે શહેરમાં ચકચાર મચી છે.અને પોલીસે પણ આ આરોપી એજન્ટ ભરત પરમારને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ઉત્તરાયણ નિમિત્તે વીંછીયામાં ગરીબ બાળકોને પતંગ, લાડવા, ચોકલેટ, બિસ્કીટ વિતરણ કરાશે

ચક્રવાત ટીમ વિછીયા, તા.૧૩

વિછીયા મુકામે આવતીકાલે વિર માંધાતા પ્રાગટ્ય મહોત્સવ અને ઉત્તરાયણના પવિત્ર તહેવાર નિમિત્તે વિછીયા પિંગલાધાર ખોડીયાર મિત્ર મંડળ અને વિછીયા કોળી સમાજ દ્વારા ઉગમણી બારી શિવાજીપરા તળપદા કોળી સમાજની વાડી (રામજી મંદિર) ખાતે સવારના ૮ થી ૧૧ સુધી વિછિયાના સ્લમ અને પછાત વિસ્તારના બાળકોને પતંગ લાડવા ચોકલેટ અને બિસ્કીટનું વિતરણ તેમજ નિરાધાર વૃદ્ધ વિધવાઓ અને ગરીબ પરિવારોને વિનામૂલ્યે ધાબળા તેમજ કોટનું વિતરણ કરી માંધાતા પ્રાગટ્ય મહોત્સવની સાદાઈથી ઉજવણી કરવામાં આવશે.અને કોળી સમાજના સેવાભાવી યુવાનોને વિર માંધાતાની મૂર્તિ અને મોમેન્ટો આપી સન્માનિત કરાશે. કાર્યક્રમમાં જસદણ વિછીયા વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા દીપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મૂકશે અને બાળકોના ચહેરા પર સ્મિત લાવવા પ્રયાસ કરશે તેમ પિંગલાધાર ખોડીયાર મંદિર સેવક ગણ અને વિછીયા તાલુકા કોળી સમાજ પ્રમુખ વિનોદભાઈ વાલાણીએ સમસ્ત કોળી સમાજ તેમજ તમામ સમાજના ભાઈઓ બહેનો અને બાળકોને કાર્યક્રમમાં હાજરી આપવા જાહેર વિનંતી સહ રૂબરૂ મળ્યા તુલ્ય સમજી પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે (કાર્યક્રમમાં સરકારની ગાઈડ લાઈન અને આદેશ અનુસાર માસ્ક પહેરી આવવું ફરજિયાત છે.)

# પોરબંદર ખાતે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા યુવા સપ્તાહ અંતર્ગત કાર્યક્રમ



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૩

નહેરૂ યુવા કેન્દ્ર પોરબંદર દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસ તથા યુવા સપ્તાહ અંતર્ગત ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત તા.૧૨ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ સવારે નહેરૂ યુવા કેન્દ્ર પોરબંદર ખાતે કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. જેમાં જિલ્લા યુવા સંયોજક મેઘા સનવાલ, ACT મયંકકુમાર રાનોતર, તથા સ્વંયસેવકો, ઉપસ્થિત રહ્યા હતા. જે અંતર્ગત સ્પોર્ટસ ટુર્નામેન્ટ આયોજન ગોઢાણીયા મહિલા કોલેજ ખાતે કરવામાં આવ્યુ હતું. તેમાં રમત ગમતની વિવિધ પ્રવૃતિઓ જેવી કે ૧૦૦ મી. દોડ, ૪૦૦ મી. દોડ અને લાંબીકુદ જેવી પ્રવૃતિઓનું આયોજન કરાયુ હતું. આ વિવિધ પ્રવૃ તિઓમાં વિજેતાઓને શિલ્ડ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાંતિબેન ભૂતિયાનો સહકાર મળ્યો હતો.

# ઉપલેટાના નીલાખામા સાસરિયાના ત્રાસથી કંટાળીને મહિલાએ આત્મહત્યા કર્યાનો કિસ્સો આવ્યો સામે



ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, મુંબઈ, ૧૩

ઉપલેટા તાલુકાના નીલાખા ગામે એક આત્મહત્યાનો બનાવ સામે આવ્યો છે જેમાં એક પરણિત મહિલાએ સાસરિયાના શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને આત્મહત્યા કરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે અને આ કિસ્સામાં મૃતક મહિલાના પરિવારના સભ્ય દ્વારા માનસિક અને શારીરિક ત્રાસ અપાતો હોવાની વિગતો સામે આવે છે જેમાં સાસુ, સસરા, દિયર, નણંદ સહિત કુલ પાંચ વ્યક્તિઓ વિરુદ્ધ ઉપલેટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. નીલાખા ગામે સાસરે રહેતી સરોજબેનના લગ્ન સુધીરભાઈ નારણભાઈ જળુ સાથે થયા હતા. આ લગ્ન સંબંધ નિલાખા ગામે રહેતા નટુભાઈ કારાભાઈ સમીરભાઈ દ્વારા કરાયો હતો. હાલ મૃતક સરોજબેનને સંતાનમાં એક ૧૭ વર્ષની પુત્રી તેમજ એક ૧૦ વર્ષનો પુત્ર છે. સરોજબેનને પતિ સુધીરભાઈ, સસરા નારણભાઈ, સાસુ વજીબેન, દિયર સુમિત સહિત બધા દ્વારા લગ્નને છએક માસ સુધી સરોજબેનને સારી રીતે રાખેલ ત્યારબાદ અવાર-નવાર માનસિક ત્રાસ આપતા તેમજ ભૂંડી ગાળો આપતા અને માર પણ માણતા હોવાની વિગતો ફરિયાદમાં નોંધાવાઈ છે. આ સમગ્ર બાબતે બે દિવસ પૂર્વે નીલાખા ગામના પ્રવીણભાઈ દ્વારા સરોજબેનના ભાઈને જાણ કરેલ કે સરોજબેન તેમના કૂવામાં પડી ગયેલ અને તેમને બહાર કાઢી અને ઉપલેટા કોટેજ હોસ્પિટલ ખાતે લઈ જવાતા ત્યાં ડોકટર દ્વારા તેમને મૃત જાહેર કરાયેલ. આ ઘટના બાદ મૃતકના પરિવાર દ્વારા માનસિક ત્રાસને પગલે આત્મહત્યા કર્યા હોવાની વિગતો ફરિયાદમાં નોંધાવાઈ છે અને હાલ આ સમગ્ર મામલે ઉપલેટા પોલીસ દ્વારા તપાસના ધમધમાટ શરૂ થયા છે અને ફરિયાદ અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મહીસાગર જિલ્લામાં સ્વામી વિવેકાનંદની ૧૫૮મી જન્મ જંયતીની ઉજવણી કરાઈ

## ભાજપના યુવા મોરચા દ્વારા લુણાવાડાના નગરમા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિના દીવસે વિશાળ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ

ચક્રવાત ટીમ મહીસાગર, તા.૧૩

સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી નિમિતે મહીસાગર જિલ્લાના યુવા મોરચા દ્વારા લુણાવાડા નગરમાં વિશાળ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.લુણાવાડા નગરમાં ઠેર ઠેર ચોકડીઓ પર નગરોના માણસો દ્વારા સ્વામી વિવેકાનંદનુ આનંદ અને ઉત્સાહભર સ્વાગત કરવામાં આવ્યુ હતુ.યુવાદિન નિમેત યુવા મોરચા દ્વારા પણ લુણાવાડા નગરમાં બાઈકોની વિશાળ રેલીનુ આયોજન કર્યુ હતુ. અને ભારત માતા કી જય તેવા સુત્રોચ્ચાર પણ કરયા હતા.ભારત દેશમા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ અથૉત ૧૨ જાન્યુઆરીના દીવસને પ્રતિવર્ષ રાષ્ટ્રીય યુવા દીનના રૂપમાં માનવામાં આવે છે.

આમ ૧૨મી જાન્યુઆરી એટલે કે યુવાનોના એક આદર્શ એવા સ્વામી વિવેકાનંદનો જન્મ જંયતિનો દીવસને રાષ્ટ્રીય યુવા દીન તરીકે પણ દેશ ભરમા ઉજવવામા આવે છે. આમ કોરાના વાયરસની મહામારી બિમારીને ખાસ ધ્યાન રાખીને મહીસાગર જિલ્લાના યુવા મોરચા દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

# ઉપલેટા વોર્ડ નંબર ૯ ના સુધરાઈ સભ્યના પિતાની ઉમદા કામગીરીને પગલે દસ સંસ્થાઓ દ્વારા સન્માનિત કરાયા



ચક્રવાત ટીમ ઉપલેટા, તા.૧૩

ઉપલેટા શહેરમાં આવેલ વોર્ડ નંબર ૯ માં છેલ્લા ૧૫-૨૦ વર્ષથી સ્થાનિકોને પીવાના પાણી માટેની બહુ મોટી સમસ્યા હતી કેમ કે અહીંના લોકોને પીવાના પાણી ભરવા માટે દૂર જવું પડતું સાથે આ વિસ્તારમાં રહેતા લોકોને ચોમાસા દરમિયાન પણ વરસાદના અને રોડના પાણી પણ ઘરમાં ઘૂસી જતાં હોવાની પણ સમસ્યાઓ હતી અને સ્થાનિકોની ઘરવખરી પણ બગડી અને પલડી જતી. આ પાણી ભરાવાના પગલે અહીંયા માંદગી પણ ઘર કરી જતી અને લોકો બીમારીનો પણ ભોગ બનતા. આવી સમસ્યાઓના નિરાકરણ લાવવા સ્થાનિક સુધરાઈ સભ્ય રિયાઝ હિંગોરા અને તેમના પિતા દ્વારા આ વિસ્તારમાં પોતાના અંગત પૈસા વાપરી અને આ વિસ્તારમાં પીવાના પાણીની નવી લાઈનો નંખાવી હતી. આ ઉપરાંત અહીંના સ્થાનિક લોકોને ૨૪ કલાક પાણી મળે તે માટે પણ વધારાના અંદાજે ૧૫ થી ૨૦ કેટલા બોર કરી અને તેમાં સબમર્સિબલ મોટર પણ નંખાવી અને લોકોને ૨૪ કલાક પાણીની સગવડ મળી રહે તે માટેના પ્રયાસો કર્યા છે.

સુધરાઈ સભ્ય એન તેમના પિતાની આવી ઉમદા કામગીરીથી સ્થાનિકોમાં પણ ખુશીઓનો માહોલ છવાઈ ગયો છે અને લોકોને પ્રાથમિક સુવિધાઓ પણ આ તકે મળી ગઈ છે. ત્યારે આ તકે ઉપલેટા શહેરની અલગ અલગ દસ જેટલી સંસ્થાઓ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

# કોડીનાર-ઉના વિધાનસભા મતવિસ્તારના રોડ-રસ્તાની કાયાપલટ



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૩

ગીર સોમનાથ જિલ્લાના ૯૨ કોડીનાર ઉના વિધાનસભા મતવિસ્તાર માં કરોડો રૂપિયાના રસ્તાના કામો ધારાસભ્ય મોહનભાઈ વાળા ના પ્રયત્નો થી મંજૂર કરવામાં આવ્યા હતા. માર્ગ અને મકાન વિભાગ દ્વારા સાત વર્ષ થી વધુ સમયના રિકાર્પેટ ન થયેલ હોય તેવા રાજય હસ્તકના ૪.૮૦ કરોડના રસ્તાઓ અને પંચાયાત હસ્તકના ૫.૧૨ કરોડના રસ્તાઓના કુલ રૂપિયા ૯.૯૨ કરોડના કામો મંજૂર કરવા બાબતે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતુ. આ રસ્તા ની ગામ મુજબ યાદી જોઈએ તો કોડીનાર તાલુકામાં મિતિયાજ મજેવડી રોડ, રોણાજ પિછવી રોડ, વિઠલપુર શેઢાયા રોડ, પાંચ પીપળવા એપ્રોચ રોડ, દેવલપુર એપ્રોચ રોડ, દામલિ એપ્રોચ રોડ, દુદાણા ઈંચવડ રોડ આ મુજબના રોડ-રસ્તા ના કામો મંજૂર કરવામાં આવતા વર્ષો જૂની જન સમસ્યા નો ઉકેલ આવ્યો હતો તેમજ જન સુવિધા માં વધારો થયો હતો. ધારાસભ્ય શ્રીમોહનભાઈ વાળાના આ પ્રજાલક્ષી કાર્યો માટે કોડીનારની ગ્રામ્ય વિસ્તારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો, આ મુજબની ઑફિસયલી યાદી ધારાસભ્ય કાર્યાલયથી પ્રેસ પ્રતિનિધિને જણાવવામાં આવી હતી.

# ઉત્તરાયણ પર્વ નિમિતે પોરબંદર જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

## કોઇપણ જાહેર સ્થળોએ મોટી સંખ્યામા એકત્રિત થઇ શકાશે નહી તેમજ પતંગ ચગાવી શકાશે નહી

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૩

ઉત્તરાયણ તથા વાસી ઉત્તરાયણ તહેવારોની ઉજવણી સામાન્ય સંજોગોમાં લોકો ધાબા, અગાસી તથા ખુલ્લા મેદાનોમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈને કરતા હોય છે. હાલ કોરોના મહામારીનાં કારણે કોરોનાનું સંક્રમણ ન ફેલાઈ તે હેતુથી તા.૧૭ જાન્યુઆરી સુધી જિલ્લા મેજિસ્ટ્રેટ પોરબંદરે સમગ્ર જિલ્લામાં નીચે મુજબના પ્રતિબંધ લગાવ્યા છે. કોઈપણ જાહેર સ્થળો/ખુલ્લા મેદાનો/રસ્તાઓ વગેરે પર મોટી સંખ્યામા લોકોએ એકત્રિત થઈ શકાશે નહી તેમજ પતંગ ચગાવી શકાશે નહી. માસ્ક વિના મકાન/ફ્લેટના ધાબા/અગાસી કે સોસાયટીના મેદાનમાં પતંગ ચગાવવાના હેતુથી એકત્રિત થઈ શકશે નહી. ઉપસ્થિત લોકોએ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન અને સેનેટાઈઝરની વ્યવસ્થા ફરજિયાતપણે કરવાની રહેશે. મકાન/ફ્લેટના ધાબા/અગાસી કે રહેણાંક સોસાયટીના મેદાનમાં ત્યાંના રહીશ સિવાયની કોઈપણ વ્યક્તિને પ્રવેશ આપવાનો રહેશે નહી. મકાન/ફ્લેટના ધાબા/અગાસી કે રહેણાંક સોસાયટીના મેદાનમાં મોટી સંખ્યામાં લોકોના એકત્રિત થવા પર પ્રતિબંધ રહેશે. મકાન/ફ્લેટના ધાબા/અગાસી કે સોસાયટીના મેદાનમાં લાઉડ સ્પીકર, ડી. જે. તેમજ મ્યુઝીક સિસ્ટમનો ઉપયોગ પ્રતિબંધિત રહેશે. ર્કોવિડ-૧૯ સંદર્ભે રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ જાહેરનામા/માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

# સ્વામી વિવેકાનંદ જયંતિ 'રાષ્ટ્રીય યુવા દિવસે' યુવાઓ માટે ઓનલાઈન કોલ સેન્ટર 'રોજગાર સેતુ'નો પ્રારંભ



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૩

મુખ્યમંત્રી રૂપાણીએ સ્વામી વિવેકાનંદ જયંતિ 'રાષ્ટ્રીય યુવા દિવસે' રાજ્યના રોજગાર વાંચ્છુ યુવાઓ માટે રોજગારલક્ષી ઓનલાઈન કોલ સેન્ટર 'રોજગાર સેતુ'નો ગાંધીનગર ખાતેથી ઈ-પ્રારંભ કરાવ્યો હતો. દેશભરમાં ગુજરાતની આ નવતર પહેલમાં રાજ્યનો કોઈ પણ યુવાન આ કોલ સેન્ટરનો એક કોલ નંબર ૬૩-૫૭-૩૯૦-૩૯૦ડાયલ કરીને રાજ્યના કોઈપણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારલક્ષી અને સરકારની યુવાલક્ષી સહિતની યોજનાઓની માહિતી મેળવી શકશે. રાજ્યના શ્રમ રોજગાર વિભાગના રોજગાર તાલીમ નિયામક કચેરી દ્વારા આ નવતર પહેલ સાથે મુખ્યમંત્રીશ્રીએ ઓનલાઈન ભરતી મેળા પખવાડીયું (૧૨ જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી)નો પણ પ્રારંભ કરાવ્યો હતો મુખ્ય મંત્રીએ ગાંધીનગર ખાતેથી સમગ્ર રાજયમાં શ્રમ અને રોજગાર વિવિધ યોજનાઓનું લોકાપર્ણ કર્યું હતું. આ ઈ-લોકાપર્ણ કાર્યક્રમમાં મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે જિલ્લા કલેકટર આર. બી. બારડ સહિત જિલ્લા રોજગાર અધિકારી પરમાર પણ ઓનલાઈન જોડાયા હતા. આ ઈ-લોકાપર્ણ થતાં રોજગાર વાંચ્છુ ઉમેદવારોને પર્યાપ્ત રોજગારીનો અવસર મળી રહે તે માટે વર્ચ્યુઅલ/ઓનલાઈન ભરતી મેળાઓનું પણ આયોજન થશે. રોજગાર વાંચ્છુ ઉમેદવારો કોઈપણ સ્થળેથી રોજગાર કચેરીઓનો ટેલીફોનીક સંપર્ક કરીને અભ્યાસલક્ષી તથા કારકિર્દીલક્ષી સચોટ અદ્યતન માર્ગદર્શન મેળવી શકે તે હેતુસર કોલ સેન્ટરનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે મુખ્યમંત્રી રૂપાણીએ અમારે મન યુવા એ ન્યૂ એઈજડ વોટર નહીં, પરંતુ ન્યૂ એઈજડ પાવર છે''. યુવાઓની શક્તિ પર નવા ભારતનું નિર્માણ કરવું છે. એટલા માટે રાષ્ટ્રીય યુવા દિવસથી આ અભિયાનની શરૂઆત કરીને યુવા પેઢીને રોજગાર અવસરથી સજ્જ કરી તેનેએમ્પાવર્ડ-સશક્ત બનાવવાની દિશા લીધી હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટર આર. બી. બારડના હસ્તે રોજગારી મેળવેલ ઉમેદવારોને રોજગાર પત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઈ-લોકપર્ણ કાર્યક્રમમાં જિલ્લા રોજગાર અધિકારી શ્રી પરમાર, નોડલ આઈ.ટી.આઈ.ના આચાર્યશ્રી, નોકરીદાતાઓ અને રોજગારી પ્રાપ્ત કરનાર ઉમેદવારો જોડાયા હતા.

તંત્રીસ્થાનેથી......

# સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલ સમિતિને ખેડૂતો 'સરકારની ચાલ' કેમ કહે છે?

યાકુબ બાદી
તંત્રી

નરેન્દ્ર મોદી સરકારે પસાર કરેલા ત્રણેય કૃષિકાયદાઓ સામે ૨૮ નવેમ્બરથી ખેડૂતો દિલ્હીની સરહદે આંદોલન ચલાવી રહ્યા છે જેમાં લાંબા દિવસોથી ચાલતા આ આંદોલનમાં મંગળવારે સુપ્રીમ કોર્ટે હંગામી સ્ટે આપી અને ખેડૂતો તથા સરકાર વચ્ચે વાતચીત અને પ્રશ્નના સમાધાન માટે સમિતિની રચના કરતા આદેશ બાદ આ મુદ્દે એક નવો જ વળાંક આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા પસાર કરવામાં આવેલા ત્રણ કૃષિકાયદા પર સુપ્રીમ કોર્ટે આગલા આદેશ સુધી સ્ટે આપ્યો છે. આ સાથે સુપીમ કોર્ટે ચાર સભ્યોની એક સમિતિની રચના કરવાનો નિર્ણય કર્યો છે જે કૃષિકાયદાઓ મામલે ખેડૂતોની સમસ્યાનો અભ્યાસ કરશે અને તેનો અહેવાલ સર્વોચ્ચ અદાલતને બે મહિનામાં આપશે. આ સમિતિમાં ઈન્ટરનેશનલ ફૂડ પૉલિસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના પ્રમોદકુમાર જોશી, કૃષિ વૈજ્ઞાનિક અશોક ગુલાટી અને શેતકરી સંગઠનના અનિલ ધનવંત અને બી. એસ. માનનો સમાવેશ થાય છે. જોકે, કાયદાઓ પાછા લેવાની માગ કરી રહેલા ખેડૂતોએ મંગળવારે જણાવ્યું કે. તેઓ સુપ્રીમ કોર્ટ દ્વારા જે સમિતિની રચના કરવામાં આવી છે તેની સમક્ષ હાજર નહીં રહે અને પોતાનું વિરોધપ્રદર્શન યથાવત્ રાખશે. ખેડૂત સંગઠનોએ જણાવ્યું કે સમિતિમાં સામેલ સભ્યો સરકારતરફી વલણ ધરાવે છે. સુપ્રીમ કોર્ટના સમિતિના સભ્યો ભરોસાપાત્ર નથી કારણ કે કૃષિકાયદા ખેડૂતો માટે કેમ લાભકારી છે તે વિશે આ સભ્યો લખતાં આવ્યાં છે. ખેડૂત સંગઠનોએ જણાવ્યું કે સુપ્રીમ કોર્ટ સુઓમોટો દ્વારા કૃષિકાયદાઓને પરત લઈ શકે છે. સિંઘું બૉર્ડર પર પત્રકારો સાથે વાત કરતા ખેડૂત નેતા બલબીરસિંહ રાજેવાલે જણાવ્યું છે કે, અમે ક્યારેય પણ સુપ્રીમ કોર્ટ સમક્ષ સમિતિ બનાવવાની માગણી કરી નથી. આની પાછળ સરકારનો હાથ છે. અમારું વિરોધપ્રદર્શન યથાવત્ રહેશે અને તે અનિશ્ચિત સમય સુધી છે, અમે સૈધાંતિક રીતે સમિતિની વિરુદ્ધમાં છીએ. વિરોધપ્રદર્શનની લોકોનું ધ્યાન હઠાવવા માટે આ સરકારની ચાલ છે. બીજા એક ખેડૂત નેતા દર્શન સિંહે જણાવ્યું કે, તેઓ કોઈ પણ સમિતિની સમક્ષ હાજર નહીં રહે, આ મુદ્દા પર ચર્ચા કરવી જોઈએ અને તેનો ઉકેલ લાવવો જોઈએ, અમને કોઈ બહારની સમિતિની જરૂર નથી. સુપ્રીમ કોર્ટે ચાર સભ્યોની એક સમિતિની રચના કરી છે જેમાં ભારતીય કિસાન યુનિયનના ભૂપિંદર સિંહ માન, શેતકારી સંગઠનના અનિલ ઘનવત, કૃષિ અર્થશાસ્ત્રી અશોક ગુલાટી અને ડૉક્ટર પ્રમોદ કુમાર જોશી સામેલ છે. મુખ્ય ન્યાયાધીશ એસ. એ. બોબડેની અધ્યક્ષતાવાળી ત્રણ સદસ્યોવાળી ખંડપીઠે દિવસ મંગળવારે સુનાવણી વખતે એવું પણ કહ્યું છે કે તેઓ કાયદાઓને રદ કરવા માગે છે પરંતુ બંને પક્ષો વચ્ચે કોઈ પણ પ્રવૃત્તિ વિના આવું અનિશ્ચિતકાળ માટે ન કરી શકાય. સુપ્રીમ કોર્ટ સોમવારે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર અને ખેડૂત પ્રતિનિધિઓ વચ્ચે જે રીતે વાતચીત થઈ રહી છે તે 'ખૂબ નિરાશાજનક' છે. મધ્યસ્થી માટે જે સમિતિનું ગઠન કરાયું છે તેમાં ચાર સભ્યોને જગ્યા આપવામાં આવી છે. જેમાં પહેલા ભારતીય કિસાન યુનિયન સાથે જોડાયેલા ભૂપિંદર સિંહ માન કૃષિ વિશેષજ્ઞ હોવાની સાથોસાથ અખિલ ભારતીય કિસાન સમન્વય સમિતિના ચૅરમૅન છે અને ભૂતપૂર્વ સાંસદ પણ રહી ચૂક્યા છે.

## પ્રકરણ ૪૦

# 'Krossing ગર્લ'

રવિ વિરપરીયા

"તે ખોટો નથી. પણ લોકો સ્વાર્થી છે. પોતાના પગ નીચે રેલો નહીં આવે ત્યાં સુધી કોઈને કંઈ પ્રોબ્લમ નહીં થાય. જ્યાં સુધી તું લોકમાનસનો રૂબરૂ અનુભવ નહીં કરે ત્યાં સુધી તને નહીં સમજાય ઈન્ડિયા શું ચીજ છે. આપણો દેશ બહુ કોમ્પ્લિકેટેડ છે. અહીંયા આધ્યામિકતા વિજ્ઞાનને સતત પડકારતી આવી છે. દેશમાં એટલી વિવિધતા છે કે ઘણીવાર લાગે કોઈને એક બીજા સાથે કશો સંબંધ નથી. છતાં બધું કોઈ અતૂટ બંધનમાં જોડાયેલું અનુભવાય. પણ જ્યાં સુધી તમે આ બંને વચ્ચેનું કનેકશન ના પામી શકો ત્યાં સુધી બીજાની જેમ માથું જ ખંજવાળવાનું. તું અત્યારે રહેવા દે. તને નહીં સમજાય કારણ કે આ પ્રેમ જેવું છે. એમા પડો તો જ એનો જાદુ કે વિરહ વેદના પામી શકાય બાકી કવિતા અને પ્રેમ પત્રોની કલ્પનાના શબ્દોથી કામ ચલાવવું પડે.

"પણ એ બધું આ અભિયાનને શું લાગેવળગે ?"મે પૂછ્યું. "અરે યાર, તને કેમ સમજાવવું સાંભળ આપણો દરેક પૌરાણિક ગ્રંથ, શાસ્ત્રો કે વેદ જે કહે તે તમારી અનુભૂતિ પર ભાર મૂકે છે. તે તમને એટલું કહેશે આ રસ્તા પર ચાલી શકાય. કોઈએ આ રસ્તા પર ચાલવાથી આવું પરિણામ આવે એવું ખુલ્લીને કહ્યું નથી. મતલબ, તમને સમસ્યા સમજાવે, તેના કારણો જણાવે. તેના ઉકેલના રસ્તા પણ બતાવે પરંતુ એ તમારે નક્કી કરવું પડે કે આ પરિસ્થિતિમાં આ સમસ્યા માટે આ ઉપાય શ્રેષ્ઠ રહેશે. આપણા ઋષિઓને ખબર હતી. સમાન પરિસ્થિતિ પણ દરેક વ્યક્તિ માટે એક જ ઉપાય ના હોઈ શકે. એટલે એમણે શક્યતાના તમામ દ્વાર ખુલ્લા રાખ્યા. બસ અને આ જ રહસ્ય છે. આ જ સાચી સ્વંતત્રતાં છે.

પરંતુ સદીઓની ગુલામી વેઠી આપણે દરેક બાબત કે ઘટનાને ચોક્કસ ફ્રેમમાં ફીટ કરતાં થયા. સાદાઈ અપનાવી એટલે વિચારો સંકુચિત થયા. આપણે કપડાં કલરફૂલ પસંદ કર્યા પણ વિચારો બ્લૅક એન્ડ વ્હાઈટ જ્યારે અમેરિકાએ બિલકુલ ઉંધુ ત્યાંના કપડાં બ્લૅક વ્હાઈટ કે ગ્રે છે. પણ વિચારોમાં મેઘધનુષ્યના સાત રંગોની રેન્જ છે.

આપણે પ્રવાસોને બદલે જાત્રા કરતાં થઈ ગયા. એક અઠવાડિયું આપણું ભોજન નથી છોડી શકતાં તો બીજાના વિચારો કે સંસ્કૃતિ કેમ અપનાવી શકીશું. જ્યાં સુધી આ બ્લૅક એન્ડ વ્હાઈટની છબીને કલરફૂલ બનાવવાવાળો માસ્ટર માઈન્ડ જન્મ નહીં લે ત્યાં સુધી હજારો ગગન મોદી શહીદ થાય તો પણ દેશમાં કશો ફર્ક નહીં પડે. મને તારામાં આ શક્યતા દેખાય છે. એટલે જ હું તારી પાછળ મહેનત કરી રહ્યો છું.

હવે જ્યાં સુધી હું તને મુક્ત નહીં કરું ત્યાં સુધી મારી કેદમાંથી છટકી નહીં શકે."

સાગરના શબ્દો સાંભળી મારું હૃદય જાણે ધબકારો ચુકી ગયું.

★ ★ ★ ★

"મને તો બહુ અદબ અને નમ્રતાથી વર્તવાવાળા છોકરા વેવલા જેવા લાગે." પરિજાતે કહ્યું.

" લે આ તો સંસ્કાર અને સભ્યતાની નિશાની કહેવાય." સાગરે કહ્યું.

"સાગર, ખોટું ના બોલ. તું સારી રીતે સમજે છે. મારો કહેવાનો મિનિંગ. જાનુ હું તને હગ કરી શકું ? કિસ કરી શકું ? વૉટ એ નોનસેન્સ યાર, મને તો ચુંબનોના વહાલથી ગુંગળાવીને ભીંજવી દે એવો પુરુષ ગમે." પરિજાતે કહ્યું

"તો તો અસ્સલ મારા જેવો જ ને ! થોડો બરછટ અને રૂથલેસ...સ્વભાવથી અને લાગણીની પણ." સાગર બોલ્યો.

"સાથે થોડોક આક્રમક અને ઍરોગન્ટ પણ હોવો જોઈએ બિલકુલ તારા જેવો ?" પારિજાતે કહ્યું

સાગર કહ્યું. "પણ હું....તેની આંખોમાં છૂપાયેલું સત્ય જોઈને સાગર ના શબ્દો મૌન બની ગયા. તે હસવાં લાગી. ક્યાંય સુધી હસતી રહી. બિંદાસ બનીને... આખરે તેનું સહજ હાસ્ય માણીને સાગર થોડો મુંઝાયો. તેનું પુરુષાતન ઉશ્કેરાયું. સાથે સ્ત્રી સહજ આકર્ષણ ભળ્યું. સાગરે પારિજાતને એક હાથે પકડીને પોતાની તરફ ખેંચી. બીજા હાથેથી કમરને વધુ ઝનૂનથી ભીંસીને કહ્યું "જેમ પુરુષ તેના ઈગોથી શોભે તેવી જ રીતે સ્ત્રી તેના અલ્લડ મસ્ત નખરાથી."

બંનેની આંખોમાં છલકાતા પ્રેમરંગને કોઈ સાબિતીની જરૂર નહોતી. સાગરનો હાથ તેના ચહેરા પર ફરવા લાગ્યો. પ્રેમમાં શબ્દો સ્પર્શ સામે ક્યાં સુધી ઝીક ઝીલી શકે ? આખરે પ્રેમના શબ્દો અને સ્પર્શની નજાકતનો અધ્યાય પુરો થયો. સાગરના હોઠના ઝનૂન પૂર્વકના હુમલાથી પરિજાતના હોઠ તેના લૉકઅપમાં કેદ થઈ ગયા. થોડીવારમાં બંનેની આંખમાંથી વહેતાં આંસુઓમાં એ લૉકઅપની ચાવી પીગળી ગઈ. એમાં કોઈ વાસના કે પામી લેવાની ચાહત નહોતી. ના એમાં વિરહની તડપ પછી ઉદ્દભવતા મિલનના આવેગો હતાં. ના પરાણે પ્રેમ જતાવાનો કોઈ પ્રયાસ હતો. એવું કશુંક હતું જે બન્ને પાસે હતું છતાં કોઈક અધુરપ હતી. જે રીતે બંને એકબીજાને સહજપણે પામવાનો પ્રયાસ કરી રહ્યા હતાં. કદાચ આજ પ્રેમ અને સેક્સના જાદુ કે નફરતનું અકબન્ધ રહસ્ય હતું.

મારી જિંદગીનું મે પ્રથમ લાઈવ ચુંબન જોયું. આમાં વાસનાના કોઈ અંશ નહોતો. પ્રેમ કે સર્મપણની ભાવના કે પછી પ્રિય પાત્રની કાળજી !! હું કશું જ સમજી શકતો નહોતો. પારિજાત રડતી હતી. પરંતુ મેં બંને વચ્ચેના સંબંધની મજબૂતાઈ અનુભવી. જેને કોઈ લૅબલ કે નામકરણની જરૂર નહોતી. સાગર તેના માથામાં અને પીઠ પર વહાલથી હાથ ફેરવતો રહ્યો.

સવારમાં મારી અડધી ખુલેલી આંખો સામે જ આ દૃશ્ય ભજવાઈ રહ્યું હતું. પારિજાત એટલે કુદરતે સર્જેલું બેનમૂન સૌદર્ય. કદાચ હાથ લગાડો તો પણ ડાઘ લાગી જાય એટલી ગૌરવર્ણ કાતિલ સૌંદર્ય ધરાવતી છોકરી. સાગરે એકવાર તેનો ફોટો દેખાડેલો. તે મોડેલીંગ કરતી હતી. લાજવાબ ડાન્સર હતી. કલાસિકલ અને વેસ્ટર્ન બંને પ્રકારના ડાન્સની રિધમમાં એ જ્યારે ઝૂમતી ત્યારે એની સામેથી નજર ના હતી શકતી.. મે એક વિડિયોમાં સાગર સાથે તેને ડાન્સ કરતી જોઈ હતી. આજે પહેલીવાર તેને રૂબરૂ જોઈ. તે ખરેખર સાક્ષાત દેવી જોવું સૌદર્ય હતું. તેની સાથે પ્રેમ કરવાનું મન થાય. સેક્સ નહીં. ડાર્ક બ્લું કલરના લોન્ગ શર્ટમાં તે સોફા પર બેઠી. તેના મુલાયમ અને સુવાળા પગ જોઈ મારી નિંદર ઉડી ગઈ. તે બંને એ મને ઉઠી ગયેલો જોયેલો. પણ તેમને મારી કોઈ પરવા નહોતી. તે બંને પોતાનામાં મસ્ત હતા. થોડીવાર પછી સાગર મારા તરફ નજર નાખી પોતાના રૂમમાં ગયો. હું પણ મારા રૂમમાં જઈ, ફ્રેશ થઈને ફરી હોલમાં આવ્યો.

ક્રિષ્ના તું કોફી લઈશ કે ચા ? પરિજાતે રસોડામાંથી બૂમ પાડી.

"ગમે તે બનાવ, એને હજુ પોતાની કોઈ ચોઈસ નથી. તે હજુ પાંજરાના પોપટ જેવો છે. જે મળે તેની સાથે સમાધાન કરી લે તેવો."સાગરે સીડીના પગથીયા ઉતરતાં કહ્યું.

પારિજાતે અમારા ત્રણેય માટે ચા બનાવી. તે લોગ શર્ટ પહેરીને જ હોલમાં ચા લઈને આવી. સાગર ટૅડી સોફા પર બેઠો હતો. પારિજાત મારી બાજુમાં આવીને બેઠી. જેની મને જરા પણ કલ્પના નહોતી. હું જરા સંકોચાયો. તેને હસી ને મારી સામે જોયું.

રિલેક્સ ક્રિષ્ના નૉર્મલ થઈને બેસ હું તારી છેડતી નહીં કરું" તે મને ચા નો કપ આપતાં બોલી.

સાગર હસીને બોલ્યો "ક્રિષ્નાની ટ્રેનિંગ ચાલુ છે. એ હજુ સંસ્કારના નામે વેવલાવેડાં મૂકી નથી શકતો. એને સમજતાં હજુ બહુ વાર લાગશે કે છોકરીઓને પ્રેમમાં જીતવી હોય તો રામ નહીં કૃષ્ણ બનવું પડે. તેને હજુ સમાજની બીક છે. કોઈ શું કહેશે ?

સાગર મારી પોલ ખોલી રહ્યો હતો. હું તો તેની સામે ક્યારેય ચર્ચામાં ઉતરી શકતો નહીં. મારી પાસે એટલું જ્ઞાન કે સમજ નહોતી. મને ક્યારેય તેની ઈર્ષ્યા આવતી. પણ શું કરવું એ ક્યારેય ના સમજાતું.

"સાગર સ્ટોપ ઈટ યાર, બધા તારા હોંશિયાર કે મલ્ટીટૅલેન્ટેડ ના હોય. હજુ એની ઉંમર નાની છે. જસ્ટ કૂલ ડાઉન ક્રિષ્ના. તું એની વાતો મગજ પરના લે. તે પોતાની જાતને આઈ એમ સમથિંગ માને છે. તારે તારી ખૂબી પર ધ્યાન દેવાનું. એન્ડ સાગર બહુ હેરાન કરે તો તું મને કહેજે. એને કેમ સીધે રસ્તે લાવવો એ મને આવડે છે. તું મને તારી બેસ્ટફ્રેન્ડ માની શકે છે. પારિજાતે મારી સામે ફ્રેન્ડશીપ માટે હાથ લંબાવતાં કહ્યું. મેં ફ્રેન્ડશીપ સ્વીકારતાં સહજ બની હેન્ડશેક કર્યું.

સાગર બોલ્યો. "ક્રિષ્ના બની શકે છે એમ છે. એટલે જ આ ઘરમાં રહે છે. હું એને બનાવીશ. મારે એની જરૂર છે." "બસ કર હવે, સાગર ઈટ્સ નોટ પોસિબલ. તું વિચારે છે એ શક્ય નથી. પ્લીઝ તું એ વિશે વિચારવાનું છોડી દે. ઈટ્સ વેરી ડેન્જરસ, તું હવે એ રસ્તે આગળ નહીં વધે મને પ્રોમીસ આપ. બધા તારા જેટલા બેલેન્સ અને મજબૂત ના હોય. તું આ સીધી વાત કેમ નથી સમજી શકતો. એના પર દયા કર. હી ઈઝ નોટ પ્રિપેર ફોર ઈટ." પારિજાતે ચિંતાના સૂરમાં કહ્યું.

"બેબી, સાગરને હિરાની પરખ હોય તો જ એ જોખમ ખેડે. મારી પાસે બહુ ઓછો સમય છે. મારી પાસે આ લાસ્ટ ચાન્સ છે. આ કામ ક્રિષ્નાથી નહીં થાય તો બીજા કોઈથી નહીં થાય. તારી જેમ મને પણ શંકા હતી બટ હવે નથી. એન્ડ હું તને કોઈ જાતનું પ્રોમીસ આપવાનો નથી."સાગરે મારી સામે જોઈન કહ્યું.

૨૦૨૪ ખુલતાં દિવાળી વેકેશનની સવાર. કાલે ગગનમોદીની ઈવેન્ટ પછી હું ઘરે આવી ગયેલો. સાગર પાર્ટી માટે રોકાયો હતો. 'ફ્રીડમ બોકસ' ની પાર્ટીમાંથી બન્નેસાથે આવ્યા હશે ?

સવારે તે બંને વચ્ચે થતી વાતો મારા માટે સરપ્રાઈઝ જેવી હતી. મને કંઈ સમજાતું નહોતું. પરંતુ એટલું નક્કી હતું તેમની વાતચીતનું કેન્દ્ર હું હતો.

સાગરને ઘણી છોકરીઓ સાથે સંબંધ હતા. તે કેવા પ્રકારના હતાં તે ક્યારેય ખબર ના પડતી. મોટેભાગે તે છોકરીઓને જાહેર જગ્યામાં મળતો. એને કોઈ છોકરી સાથે જુઓ ત્યારે 'મેઈડ ફોર ઈચ અધર' નું લેબલ આપ્યા વગર ના રહી શકો. પારિજાતને મેં આજે પહેલીવાર જોઈ હતી. તે સાગર સાથે ઘરે રોકાઈ, મિન્સ કે તે સ્પેશિયલ હતી.

ફુવાની સલાહ યાદ આવી. સાગર શું કામ કરતાં હશે ? એ હવે ગમે તેમ કરીને જાણવું પડશે. હું કોઈ મુસીબતમાં તો નહોતો ને ? મને ઘણાં પ્રશ્નો મુંઝવતા હતાં. મનમાંથી સવાલો જવાબ મેળવ્યા વિના પસાર થઈ ભૂતકાળ બની રહ્યા હતાં. શું મને એ રહસ્ય જાણવાની ઈચ્છા નહોતી ? કે પછી રહસ્ય અકબન્ધ રહે એવું હું ઈચ્છતો હતો ? મારી પાસે કોઈ જવાબ નહોતો. એટલી ખાત્રી ચોક્કસ હતી. સાગર મને નુકસાન થાય એવું કામ ક્યારેય નહીં કરે !

મને ક્યાં ખબર હતી ભવિષ્ય મારા દરેક ભ્રમ ભાંગી નાખવાનું હતું.

(ક્રમશઃ)

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૪-૦૧-૨૦૨૧, ગુરૂવાર, મકરસંક્રાંતિ, પોષ સુદ-૧, સૂર્યોદય-૭-૩૦, સૂર્યાસ્ત-૬-૨૦, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ શ્રવણ

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૪થી અભિજિત-૧૩-૧૮ સુધી,૭-૩૦થી શુભ-૮-૫૨ સુધી, ૧૧-૩૫ થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૯ સુધી, ૧૭-૦૧થી શુભ-અમૃત-ચલ-૨૧-૩૯ સુધી

**- શુભ હોરા-**

૭-૩૦થી ૮-૨૪ સુધી, ૧૦-૧૩થી ૧૨-૫૬ સુધી, ૧૩-૫૦થી ૧૪-૪૫ સુધી, ૨૬-૩૩ થી ૧૯-૨૮ સુધી

- સૂર્ય–કુંભ
- ચંદ્ર–કર્ક
- મંગળ–ધન
- બુધ–કુંભ
- ગુરૂ–ધન
- શુક્ર–મેષ
- શનિ–મકર
- રાહુ–મિથુન
- કેતુ–ધન
- હર્ષલ–મેષ
- નેપ્ચ્યુન–કુંભ
- પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- સ્થાનીક સ્તરે તમારી કંપની પ્રંબધ થવાની નોકરીમાં મનગમતી જગ્યા મળે રાજકીય વ્યકિતની મુલાકાત થાય

» વૃષભ(બ.વ.ઉ.) :- લગ્ન ઈચ્છુકોને સફળતા મળે રહેવાનો નવા આયોજનો કોઈની મદદ મળે માતાનો સહકાર મળે

» મિથુન(ક.છ.ઘ.) :- વિદેશના પ્રવાસની શકયતાઓ ઉભી થાય નવી મિત્રતા લાભદાયક રહે સંસ્થાનો સારો હોદો સહકાર રહે

» કર્ક(ડ.હ.) :- નળબા વિચારોને ટાળજો કર્જ કરવાથી દુર રહેજો દસ્તાવેજના કાર્યમાં કોઈ ઉતાવળ ન કરવી

» સિંહ(મ.ટ.) :- આવક વધારવાના પ્રયત્નો ફળે એકીએક નાણા માટે આશાવાદ ફળવાનો વિજાતીય મિત્રતા ગાઢ બને

» કન્યા(પ.ઠ.ણ.) :- વિદેશ વસતા સગા સ્નેહીઓ તરફથી શુભેચ્છા સંદેશો મેળવાશે સગાઈ લગ્નની ઈચ્છામાં સફળતા.

» તુલા(ર.ત.) :- નાના કાર્યોમાં પણ ચીવટ રાખજો બિન જરૂરી વિવાદથી દુર રહેજો આવક વધારવાના પ્રયત્નો ફળવાના

» વૃશ્ચિક(ન.ય.) :- આર્થીક પ્રશ્નોને લઈને પ્રગતીના અવકરોધો રહે ધાર્મીક સંસ્થાના સારો હોદો મેળવશે કર્જ ન કરવુ

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- નવી ઓળખાણ થી લાભ રહે રચનાત્મક પ્રવૃતિમાં રૂચી વધવાથી ખર્ચ ઉપર કાબુ રાખવા પ્રયાસ થાય

» મકર(ખ.જ.) :- તમારી મહેનતનું ફળ મળવાનુ છે નોકરીમાં લાભ રહે કર્મચારી વર્ગને સફળતા રહે સ્વાસ્થય જાળવવું

» કુંભ(ગ.શ.સ.) :- સંતાનોની સગાઈ બાબતના કાર્યને લઈને પ્રવાસ થાય આવકનું પ્રમાણ જળવાઈ રહે નોકરીમાં બદલીના ચાન્સ

» મીન(દ.ચ.ઝ.) :- ઉત્સાહ વધવાનો કાનુની પ્રશ્નોથી દુર રહેજો રહેણાકના મકાનમાં બદલીના ફેરફારો થવાની ઈચ્છા ફળવાની

# અનામત વિશે સાદી સમજ




**(ગતાંકથી શરૂ)**



નેલ્સન પરમાર
'જાગતે રહો'

શિક્ષણમાં અનામત એ આર્ટીકલ ૧૫ (૪) મુજબ મળે છે. બંધારણ પ્રમાણે SC/ST/OBC વર્ગને શિક્ષણમાં સરકારી અને ખાનગી સંસ્થાઓમાં અનામતની વ્યવસ્થા છે. અને જાતિવાદના કારણે શિક્ષણથી વંચીત રહેલ સમાજને બંધારણમાં અનામત થકી જ શિક્ષણમાં 'પ્રતિનિધિત્વ' કરવાની વ્યવસ્થા મળી છે. અને ખાસ તો શિક્ષણમાં અનામત અંગે ૧૦ વર્ષ માટેની કોઈ એવી સમયમર્યાદાનો ઉલ્લેખ બંધારણમાં નથી. એટલે જો કોઈ શિક્ષણમાં ૧૦ વર્ષની અનામતની જોગવાઈ અંગે વાત કરે તો એ તદન ખોટી માહિતી છે.

-સરકારી નોકરીમાં અનામત બંધારણની કલમ ૧૬ ( ૪ ) મુજબ અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, અને અન્ય પછાત વર્ગ માટે નોકરીમાં અનામતની વ્યવસ્થા કરવામાં આવી છે. વિચારો એક સમયે ગટરો સાફ કરવા, જેવા કામો જ કરાવતાં હતાં એમને અનામત દ્વારા ઓફીસરો પણ બનતાં જોયા, આપણી સમાજ વ્યવસ્થા એવી હતી જ નહી કે અનામત વગર આ શક્ય બને. આપણી માનસિકતા તો ચોકકસ વર્ગને ગુલામીમાં રાખવાની જ હતી. એટલે એમ માની શકાય કે બાબાસાહેબ આંબેડકરને ખબર હતી કે વર્ષોથી ઘર કરી ગયેલી જાતિવાદની માનસિકતા ટુંક સમયમાં અનામત દ્વારા નાબૂદ નહિ થાય એટલે શિક્ષણની સાથે નોકરીમાં બંધારણમાં અનામત મુદે કોઈ સમયગાળો નક્કી રાખવામાં આવ્યો નથી. એટલે જયારે કોઈ નોકરીમાં ૧૦ વર્ષની અનામતની વાત કરે તો એ ખોટી માહિતી ફેલાવે છે. એવું કહી શકાય.

- રાજકીય અનામત વિશે મૂળ બંધારણની કલમ ૩૪૪ મુજબ ૧૦ વર્ષ સુધી અનામત ચાલુ રાખવાની જોગવાઈ હતી. જેમાં જીઝ/જી/ અને ઍંગ્લો ઈન્ડીયન માટે લોકસભા, વિધાનસભામાં બેઠક અનામત રાખવાનો સમયગાળો ૧૦ વર્ષનો હતો. એ પછી બંધારણના અલગ અલગ સુધારા જેમાં ૮,૨૩,૪૫, ૬૨, ૭૯, અને છેલ્લે ૨૦૦૯ નો ૯૫મો સુધારા બીલમાં ૧૦ - ૧૦ વર્ષ સુધી અનામત ચાલુ જ રાખવી એવો સુધારો થયો છે જે ૭૦ વર્ષ સુધી ચાલુ છે. એટલે અનામતની જોગવાઈમાં ૧૦ વર્ષ સુધી જે વાત હતી એ ફક્ત રાજકીય અનામતની વાત હતી.

૧ આજે અનામતની જરુર ખરી?

અનામત ફક્ત શિક્ષણ, નોકરી અને રાજકીય લાભ આપવા પુરતી વ્યવસ્થા ન્હોતી, અનામતનો હેતુ એક ચોકકસ સમાજને જાતિવાદના કારણે સામાજીક મોભો પણ નહોતો મળતો એ સામાજીક મોભો અને સમાજમાં સ્વમાનભેર જીવી શકે એ પણ હતો. અનામત દ્વાર શિક્ષણ, અને નોકરી તો મળી જાતે પણ વિચારો, પટેલ, દેવ, જોષી, બ્રાહ્મણ, અટક જેવી ઉચ્ચ જાતિની અટકો જોઈને જે માન મળતુ એ શિક્ષણમાં કે નોકરીમાં એકસાથે ક્લાસમાં કે ઓફીસમાં બેઠેલ પરમાર, મકવાણા, સોલંકી, અથવા ગામીત, વસાવા અટક વાળાને એટલુ જ માન મળતુ હતુ? ને આજે પણ.મળે છે? અટકો જોઈને તો શિક્ષણ અને નોકરીમાં અન્યાય થતો અને આજે પણ ઘણી જગ્યાએ થાય છે. આજ અન્યાય દુર કરવા માટે આજે પણ અનામત જરુરી છે. આજે પણ આઈ.પી.એસ, આઈ.એ.એસ અથવા તો કોઈ ઉચ્ચ સ્તરના અધિકારીઓ જેમને અટકના કારણે અપમાનજનક શબ્દ પ્રયોગ સાંભળવા મળ્યા હોય એવાં પણ કિસ્સા જોય છે. આજે ૭૦ વર્ષ બાદ પણ અસ્પૃશ્યતા, જાતિવાદ, વાળી માનસિકતા ધરાવનાર લોકો હયાત છે. આજે પણ એક ચોકકસ વર્ગના લોકો ગટરમાં ઊતરવા

આભાર - નિહારીકા રવિયા મજબુર છે. જે અસમાનતા હતી એમાં થોડો ઘણો બદલાવ તો આવ્યો છે પણ એટલો પણ બદલાવ નથી આવ્યો કે અનામતનો લાભ બંધ કરી તેમનો અધિકાર છીનવી લેવામાં આવે. છેલ્લે મૂખ્ય વાત જાતિવાદના કારણે અનામત છે. અનામતના કારણે જાતિવાદ નહીં ઈલાજ કરવો હોય તો પહેલાં જાતિવાદ દુર કરાય અને પછી અનામત, કોઈએ એવી ખોટી વાત ન કરવી કે આજના સમયમાં જાતિવાદ જેવુ કંઈ રહ્યુ નથી, રોજના અખબારો ઉઠાવી જોઈલો એક સમાચાર તો જાતિવાદના નામ અત્યાચારના હશે જ, આજે પણ શહેરમાં ચોકકસ જાતિના હોવાથી ઘર નથી મળતુ, એવું તો ઘણું છે જેના કારણે અત્યાચાર ને અન્યાય આજે પણ થાય છે. એટલે અનામત હજુ ચાલું જ રાખવાની જરૂર છે. પહેલાં માનસિકતા બદલો બધુ આપોઆપ બદલાય જશે.

# "ઉત્તરાયણ"
# એકમાત્ર સર્વધર્મ અને વૈજ્ઞાનિક પર્વ



શાહ ધ્વનિ
ધ્વનિના સથવારે

ઉત્તરાયણને મકરસંક્રાંતિ પણ કહેવાય છે અને આ તહેવાર એટલે મોજ મજા અને મસ્તીનો પરંતુ સાથે સાથે ગૂઢ વૈજ્ઞાનિક રહસ્ય સાથે જોડાયેલો. ઉત્તરાયણ જેને અલગ અલગ રાજ્યમાં અલગ અલગ નામથી ઓળખાય છે. જેમ કે, સંક્રાંત,પોંગલ, લોહડી વગેરે...તમે જાણો છો આ એક જ એવું પર્વ છે જેને ધર્મ સાથે કોઈ જ લેવાદેવા નથી. આ તહેવાર એટલે પતંગ ઉડાડવાનો સાથે સાથે ઋતુનું વિજ્ઞાન..ઉત્તરાયણ શબ્દની ઉત્પત્તિ સમજવા જેવી છે. આ શબ્દનો સંસ્કૃત અર્થ એટલે ઉત્તરાયન. ઉત્તર + અયન અર્થાત્ ઉત્તર તરફનું પ્રયાણ.

આ દિવસે સૂર્ય પૃથ્વીની આજુબાજુની પોતાની પરિભ્રમણની દિશામાં પણ પરિવર્તન કરી ઉત્તર દિશા તરફ ખસે છે, માટે ઉત્તરાયણ એટલે સૂર્યનું ઉત્તર તરફનું પ્રયાણ. સૂર્યના આ પરિવર્તનથી આ દિવસે રાત-દિવસ સરખા એટલે કે ૧૨-૧૨ કલાકના હોય છે અને બીજા દિવસથી શિયાળાની લાંબી રાત ટૂંકી અને દિવસ લાંબો બની જાય છે. આ દિવસે સૂર્ય ઉત્તરની સાથે સાથે એક રાશિમાંથી બીજી રાશિમાં સ્થાનાંતર કરે છે. સૂર્યની આ ક્રિયાને સંક્રાંતિ કહેવાય છે. આમ બાર રાશિ પ્રમાણે વર્ષમાં કુલ બાર સંક્રાંતિઓ થાય છે. ૧૪ જાન્યુઆરીએ સૂર્ય ધન રાશિમાંથી મકર રાશિમાં સ્થાનાંતર કરે છે.

પતંગની શરૂઆત વિશે જણાવું તો ચીનમાં આશરે ત્રણ હજાર વર્ષ પહેલાં શરૂઆત થયેલી. પતંગ બનાવવા સિલ્કનું કાપડ અને લાકડી માટે વાંસનો ઉપયોગ થયેલો. ઈન્ડોનેશિયાની ગુફાઓમાં પણ પતંગનાં ચિત્રો જોવા મળ્યાં છે. તે વખતે વનસ્પતિના મોટાં-મોટાં પાંદડાંઓમાંથી પતંગ બનાવાતો.

આજની વાત કરીએ તો આજે ચીનથી લઈને કોરિયા સુધી અને સમગ્ર એશિયામાં પણ જુદા જુદા પ્રકારની પતંગો પ્રચલિત થઈ છે અને પતંગ ઉડાવવા પાછળના વિવિધ સાંસ્કૃતિક હેતુઓ પણ જોડાવા લાગ્યા છે. પતંગ આજે ભલે મોજ-શોખ માટે ચગાવવામાં આવતો હોય પણ તેની શોધ આ માટે થઈ નથી. પતંગની શોધ ખરેખર તો ગંભીર વિચારધારા પર થઈ છે. તેનો ઉપયોગ પહેલાં હંમેશાં કટોકટી, યુદ્ધ કે સંશોધન માટે થતો રહ્યો છે. પતંગનો આવો ઉપયોગ નવાઈ પમાડે તેવો ચોક્કસ છે.

સવારે આકાશ વ્હાઈટ અને બ્રાઈટ હોય ત્યારથી માંડીને મોડી નાઈટ સુધી, અગાસીની હાઈટ પરથી કાઈટ માટે ફાઈટ કરવાની, ચીક્કી અને લાડવાને બાઈટ કરવાની, પતંગના કિન્ના ને ટાઈટ કરવાની, નેગેટીવિટીને પોઝીટીવ કરવાની અને જિંદગીને લાઈટ કરવાનો ઉત્સવ એટલે ઉત્તરાયણ.

જીવનમાં પતંગની જેમ રહેવું. જો એક પતંગ કપાય તો 'ડોન્ટ વરી'. બીજા પતંગને ચગાવીને 'બી હેપ્પી' રહો. છેવટે એક પતંગ તો એવો હશે જ કે જે અવિચલ ધ્રુવના તારાની માફક દુર-સુદૂર જશે અને પોતાનું સ્થાન કાયમ કરશે. એ જ રીતે જીવનમાં પણ એ પતંગની શોધમાં રહેવું, ન જાણે ક્યારે એ સ્થિરતા અને ઉંચાઈ મળી જાય..!

ચકમકતા કાચ અને કપાયેલ દોરીનો માંજો,
બીજાનો કાપો તો પાક્કો અને પોતાનો કપાય તો વાંધો.
આરોગ્ય અને આનંદની સાથે જીવનમાં ઘણું બધું શીખવી જનારો ઉત્સવ છે ઉત્તરાયણ.

પતંગ જાણે આપણને કહેતો હોય કે, જો મારા રંગબેરંગી ભાઈ-બહેન દોરીની મદદથી જોડાયેલા હોવા છતાં મુક્તપણે હરેફરે છે. એમ તો મને સાથે આપનારી દોરી થી અલગ થવાનું ગમતું નથી પણ દુનિયાની રસમ પ્રમાણે અલગ થવું પડે છે પરંતુ એમાં પણ કોઈનો આનંદ છે એ જોઈને મને આનંદ થાય છે. પતંગ જાણે સમજાવતો હોય કે ગમે તેટલા ઉંચે ઉડો પણ પછડાશો તો નીચે જ.

પતંગ જયારે કપાઈ જાય ત્યારે દુઃખ થાય છે પરંતુ એ જ જયારે બીજો પકડે છે ત્યારે એ ખુશ થાય છે. એમ જીવનમાં હમેશા તડકી-છાયડી રહે જ છે. આવી રીતે હંમેશા હસતા-હસાવતા રહેવું એ જ સાચું નવનીત હોઈ શકે. ઉત્તરાયણ એટલે, આનંદ, પતંગ અને ભોજનનો સુભગ સમન્વય. આ તહેવાર છે આકાશના હૈયાને ચીરવાનો, નીલા રંગને રંગબેરંગી બનાવવાનો, સૌન્દર્યને છટાદાર વૃક્ષોની માફક સોળે કળાએ ખીલેલું જોવાનો, એકસાથે અગાસી પરથી ખુશીઓની ચિચિયારીઓ પાડવાનો, નવા ગીતો સાંભળવાનો તહેવાર છે. રાત્રે આકાશમાં ઉડતા તુક્કલ આકાશના અસંખ્ય તારાઓને પાર કરી જાય તો પણ નવાઈ નહિ. આનંદ સાથે લાગણીઓનો પ્રવાહ એટલે ઉત્તરાયણ.

# પૂણે જિલ્લામાં ૬૫૦ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૧૨,૦૦૦ કર્મચારીઓ ભાગ લેશે

ચક્રવાત ટીમ મુંબઈ તારીખ ૧૩

એક બાજુ મુંબઈ મહારાષ્ટ્ર સહિત દેશભરમાં ૧૬મી જાન્યુઆરીથી કોરોના વેક્સિન જુદા જુદા તબક્કામાં આપવાની શરૂઆત થઈ રહી છે ત્યારે ૧૫મી જાન્યુઆરીએ પુણેના છસો પચાસ ગ્રામ પંચાયત માટે મતદાન થવાનું છે જે પાર પાડવા માટે ૧૨ હજાર જેટલા કર્મચારીઓ તેમાં ભાગ લેશે પરંતુ મજાની વાત એ છે કે આ ૧૨૦૦૦ કર્મચારીઓનો કોરોના ટેસ્ટ થયો જ નથી આ માટે જરૂરી એવી યંત્ર સામગ્રી ન હોવાને કારણે આ તમામ કર્મચારીઓ કોરોના ટેસ્ટ કરાવ્યા સિવાય ચૂંટણી પ્રક્રિયા પાર પાડશે. આ એક જોખમકારક બાબત પુરવાર થઈ શકે તેમ નિષ્ણાતોએ જણાવ્યું હતું. પુણે જિલ્લાની ૭૪૬ ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર થઈ છે જેમાંથી ૯૫ ગ્રામ પંચાયત ની ચૂંટણી બિનવિરોધ થઈ છે.હવે ૬૫૦ ગ્રામ પંચાયત માટે મતદાન થશે આ માટે અંદાજે ૧૧ હજાર જેટલા ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે.ચૂંટણી પ્રક્રિયા પાર પાડવા માટે અંદાજે ૧૨૩૦૫ કર્મચારીઓ તેમાં ભાગ લેવાના છે. એક કેન્દ્ર પર પાંચ કર્મચારીઓ નિયુક્તિ કરવામાં આવશે અને ૨૪૬૧ મતદાન કેન્દ્ર નક્કી કરવામાં આવ્યા છે. આ ચૂંટણીને સલામતીપૂર્વક પાર પાડવા માટે સરકારી સામગ્રી તૈયાર કરવામાં આવી છે અને હવે અંતિમ તબક્કામાં આ પ્રક્રિયા પાર પડી છે. પૂણે જીલ્લાના ૬૫૦ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે સર્વ આરોગ્ય કર્મચારીઓ ને હેન્ડ ગ્લોઝ સેનેટાઈઝર પણ આપવામાં આવશે તેમ જ માસ્ક ફરજિયાત રહેશે. મતદાન કરવા માટે આવનારા મતદારો માટે પણ માસ્ક ફરજીયાત રહેશે. સોશિયલ ડ્ઢૈજંટ્ઠહષ્ઠીનું પાલન કરવાનું રહેશે તેમજ આ તમામ મતદાન કેન્દ્ર પર એક હેલ્થ એક્સપર્ટ પણ રાખવામાં આવશે. આ ચૂંટણી ૬૫૦ ગ્રામ પંચાયત મા થશે હવે જોવાનું એ રહે છે કે કોરોના ટેસ્ટ કરાવ્યા વગર આટલી મોટી સંખ્યામાં કર્મચારીઓ તેમાં ભાગ લેશે અને ત્યાર પછી તેનું પરિણામ શું આવશે? અત્યારે કોરોના ઉપરાંત સ્ટેન જેવો બીજો વાઈરસ પણ ભારતમાં પ્રવેશી ચૂકયો છે ત્યારે શું આ ચૂંટણીને રોકી અને પહેલા આ તમામ કર્મચારીઓને કોરોના ટેસ્ટ કરાવવો જરૂરી ન હતો? તેવો સવાલ પણ ચર્ચાઈ રહ્યો છે.

????? ??????




મુંબઈ નાર્કોટિક્સ વિભાગના અધિકારીઓએ મસ્જિદ બંદરમાં શંકાસ્પદ હાલતમાં ફરતા બે આરોપીઓની ધરપકડ કરી તેમની પાસેથી ૪૦ લાખ રૂપિયાનું ટ્રક જપ્ત કર્યું હતું. ઉત્તરપ્રદેશના રહેવાસી ધર્મેન્દ્ર અને રાહુલ પાસેથી ૧૨૦૦ કિલો ચરસ મળી આવ્યું હતું જેની કિંમત ૪૦ લાખ રૂપિયા થવા પામે છે.

# લગ્નજીવન તૂટવાને મામલે આરોપીએ યુવતી સહિત તેની માતાનું અપહરણ કર્યુ

ચક્રવાત તીમ, મુંબઈ,૧૩

લગ્નજીવન તૂટવાના મામલે ગુસ્સે થઈને યુવતીનું તેની માતા સાથે અપહરણ કરવામાં આવ્યું હતુ.. આ ઘટના નાગભીડ તાલુકાના પાહર્ની ગામની છે. અપહરણકર્તાનું નામ રામકૃષ્ણ ભોયાર છે અને તેણે માતા અને પુત્રીનું અપહરણ કરવા પાંચ મિત્રોની મદદ લીધી હતી. છોકરાનું સારું વર્તન ન હોવાથી છોકરીના માતા-પિતાએ લગ્ન રદ કર્યુ હતુ. ચંદ્રપુર અને નાગપુર પોલીસે સંયુક્ત કાર્યવાહીમાં આરોપીની ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર કુહી તાલુકાના રુયાલ ગામના રામકૃષ્ણ ભોયરે પાહાણી ગામની યુવતી સાથે લગ્ન થયા હતા. જોકે, યુવતીના પરિવારજનોએ છોકરાની ગેરવર્તનનું કારણ આપીને લગ્ન તોડી નાખ્યા હતા. આથી ગુસ્સે થઈને છોકરાએ તેના મિત્રોની મદદથી તેની માતા સાથે છોકરીનું અપહરણ કરવાનું નક્કી કર્યું. તેણે તેના પાંચ સાથીઓની મદદથી મંગળવારે ૧૨ જાન્યુઆરી સવારે પાહની ગામમાથી માતા અને પરિણીત યુવતીનું અપહરણ કર્યું હતું. માતા અને પુત્રી બંનેના ગાયબ થવાને કારણે પાહની ગામમા હંગામો મચ્યો હતો. ત્યારબાદ યુવતીના પિતા નાગપુર રૂરલ પોલીસ મથકે દોડી ગયા હતા અને તેની પત્ની અને પુત્રી ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. આ કેસની ગંભીરતાને જાણીને પોલીસે તુરંત તપાસ શરૂ કરી હતી. આ માટે, ચંદ્રપુર રૂરલ પોલીસે નાગપુર પોલીસની મદદની પણ નોંધણી કરી. સ્રોતની સઘન તપાસ અને માહિતીના આધારે પોલીસે યુવતીઓનું અપહરણ કરનાર આરોપી રામકૃષ્ણ ભોયરને શોધી કાઢયો હતો..પોલીસને જાણવા મળ્યુ હતુ કે આરોપી નાગપુર-મધ્યપ્રદેશ બોર્ડર પર હતો. ત્યારબાદ પોલીસે છટકું ગોઠવ્યું હતું અને તુરંત કેલજરથી તેની ધરપકડ કરી હતી. દરમિયાન લગ્નજીવન તૂટવાના મામલે ગુસ્સામાં હોવાથી છોકરીની માતા સાથે તેનું અપહરણ કરવામાં આવી હોવાની ઘટના આશ્ચર્યજનક વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસે આરોપી રામકૃષ્ણ ભોયર અને બે અન્યની ધરપકડ કરી છે જ્યારે તેના અન્ય ત્રણ સાથીઓ ફરાર છે. પોલીસ ફરાર આરોપીની શોધ કરી રહી છે.

# ૩૦લાખનીકિમતનું૩૦૦ગ્રામએમડી ડ્રગ્સ સાથે તડિપાર આરોપીની અટક




ચક્રવાત ટીમ, મુંબઈ,૧૩

મુંબઈની ક્રાઈમ બ્રાંન્ચ યુનિટ ૧૧ના સ્ટાફ દ્વારા મલાડ પશ્રિમમાથી ૩૦ લાખની કિમતનુ ૩૦૦ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે તડિપાર કરેલ આરોપીની અટક કરી મલાડ પોલિસમા ગુનો નોંધવામા આવ્યો છે.

ક્રાઈમ બ્રાંન્ચ યુનિટ ૧૧ના પીઆઈ સુનિલ માને ને બાતમીદાર દ્વારા માહિતી મળી હતી કે મલાડ પશ્રિમમા ૧૨ જાન્યુઆરીએ બપોરના બે વાગ્યાની આસપાસ એક યુવક ડ્રગ્સ વેચવા આવવાનો છે.તેઓએ સ્ટાપ સાથે જાળ બિછાળીને રાખી હતી.પોલિસે એક શંકાસ્પદ વ્યક્તિને જોતા તેની ઝડતી લેતા તેની પાસેથી ૩૦ લાખની કિમતનું ૩૦૦ ગ્રામ મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ મળી આવ્યુ હતુ.પૂછપરછ કરતા આરોપીનું નામ જોન ડેવિડ જોસેફ (૩૭) અને વસઈમા રહેતો હોવાનું જાણવા મળ્યુ હતુ.પોલિસે તેની અટક કરીને તેની વિરુધ્ધ મલાડ પોલિસમા ગુનો નોંધાવ્યો હતો.તપાસમા આરોપી રીઢો ગુનેગાર હોવાનુ તેમજ તેને ૩૦/૧૨/૨૦૨૦ના રોજ એક વર્ષ માટે તડિપાર કરવામા આવ્યોનું બહાર આવ્યુ છે.

# ક્રોધમા મિત્રની કારમાં આગ લગાડતા, નજીકમાં પાર્ક કરેલ દશ બાઈક આગમા ખાક

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૩

પિંપરી ચિંચવાડમાં વાહન તોડફોડ બાદ હવે વાહન સળગાવવાની ઘટના પ્રકાશમાં આવી છે. પિંપરીમાં ૧૦ જેટલા દ્વિચક્રી વાહન બળી ગયા છે. કારને આગ લગાડવામા અવતા જ મોટા પ્રમાણમા આગ ફેલાઈ હતી. જેને કારણે આસપાસના વાહનોને ઘણું નુકસાન થયું છે. પૈસા અંગેના વિવાદના કારણે વાહનને આગ ચાંપી દેવાઈ હોવાનું પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ છે.

વાહન સળગાવવાની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. પૈસાની આપલે અંગે વિવાદ થયો હતો. જવાબી કાર્યવાહીમાં મિત્રે બીજા મિત્રની કારમાં આગ લગાવી. જો કે આગને કારણે આસપાસના વાહનોને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. કુલ ૧૦ વાહનોને નુકસાન પહોંચ્યું હતું. થોડા દિવસ પહેલા નાયબ મુખ્યમંત્રી અજિત પવારે પિપંરી ચિંચવાડમાં પોલીસ કાર્યક્રમમાં વાહન તોડફોડની ઘટના અંગે નારાજગી વ્યક્ત કરી હતી. ત્યાર પછીના દિવસોમાં, આ પ્રકાર ફરીથી સામે આવ્યો છે. પિપરી ચિંચવાડમાં બે મિત્રો વચ્ચે થયેલી તકરારના પગલે વાહનો સળગી ગયા હતા. ત્રણ મિત્રો સાથે આવ્યા અને કેમેરો ખરીદ્યો.હતો. આ માટે રુતુરાજ ઘોરપડે તેના પિતાના નામે લોન લીધી હતી. લગ્ન અથવા વિવિધ કાર્યક્રમોના ઓર્ડર લઈને ત્રણેયે મળીને લોન ચુકવવાનું નક્કી કર્યું હતું. તેઓને કેટલાક ઓર્ડર મળ્યાં, પરંતુ તે પછી અપેક્ષા પ્રમાણે કામ મળવાનું બંધ થયુ હતુ. અને પરિણામે લીધેલ લોનનો હપ્તો ભરી શક્યા ન હતા. ત્રણેયને તેના વિશે શું કરવું તે વિચારી શકતા ન હતા..રુતુરાજ ઘોરપડેને સૌથી વધુ ટેન્શન હતું. કારણ કે તેની પાસે બીજું કોઈ કામ નહોતું. આ ઉપરાંત, તેના પિતાને શું જવાબ આપવો તેની ચિંતામા તે હતો. જે માટે રુતુરાજે કેમેરો વેચી દીધો હતો. ખાનગી કંપનીમાં નોકરી કરતા બીજા મિત્ર પાસેથી લોન ભરવાપૈસા માંગ્યા હતા. પરંતુ કેમેરો વેચ્યો તેવુ બહાનુ આગળ કરી તેને નકાર્યુ હતુ., જેને પગલે બંને વચ્ચે વર્ષથી ઝઘડો થયો હતો. તેનાથી નારાજ થઈને રૂતુરાજે બદલો લેવાનું નક્કી કર્યું. આ માટે તે મધ્યરાત્રિએ ચિંચવાડની ઓમ ગણેશ સોસાયટીમાં આવ્યો હતો. તે દિવાલ પરથી કૂદીને મિત્રની કાર પાસે પહોંચ્યો હતો અને તેની કારને આગ ચાંપી દીધી હતી. મધ્યરાત્રિ હોવાથી, રહેવાસીઓ સૂઈ ગયા હતા, ઘટનાની જાણ દરેકને થાય ત્યાં સુધી આગ ફેલાઈ ગઈ હતી. અગ્નિશામક દળને તાત્કાલિક બોલાવવામાં આવ્યા હતા, પરંતુ આગે પહેલાથી જ નજીકના વાહનોને લપેટમા લઈ લેતા દશ વાહનો બળીને ખાક થઈ ગયા. પોલીસ, અગ્નિશામકો અને રહેવાસીઓએ અનુમાન લગાવ્યું હતું કે આ ઘટના શોર્ટ સર્કિટને કારણે થઈ શકે છે. પરંતુ સોસાયટીના સીસીટીવી ફૂટેજ તપાસ્યા બાદ વાહનો સળગાવવાના વાસ્તવિક કારણ સામે આવ્યા હતા. તદનુસાર, ચિંચવડ પોલીસે રૂતુરાજની અટ્ક કરી છે. નાયબ મુખ્યમંત્રી અજિત પવારે પોલીસની સામે તોડફોડ અને અગ્નિદાહની ઘટનાઓ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. અન્ય લોકોને વિવાદમાં સામાન્ય માણસના વાહનને નુકસાન ન પહોંચાડવા સૂચના આપવામાં આવી હતી. ત્યારબાદથી આયર્નમેન પોલીસ કમિશનર કૃષ્ણ પ્રકાશ અને તેનો સ્ટાફ આ ઘટનાને રોકી શક્યા નથી. તે આ આજની ઘટનાથી સ્પષ્ટ થાય છે.

# મુંબઈમાં કોરોના સામે 'બ્રહ્માસ્ત્ર' કોવિશિલ્ડ રસી ઉપલબ્ધ્ધ

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧૩

મુંબઈમાં સીરમની કોવિશિલ્ડ રસીની ડિલીવરી આવી ગઈ છે. રસીનો પ્રથમ સ્ટોક સવારે ૫.૩૦ વાગ્યે મુંબઈ પહોંચ્યો છે. પુણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા રસીના ૧ લાખ ૩૯ હજાર ૫૦૦ ડોઝ મુંબઈને ઉપલબ્ધ કરાયા છે. મુંબઈમાં કોવિશિલ્ડ રસી શરૂ થયા બાદ હવે તેનું વિતરણ ૯ હોસ્પિટલ કેન્દ્રોમાં કરવામાં આવશે. મુંબઈમાં કેઈએમ, સાયન, નાયર, વી.એન. દેસાઈ, ભાવા, રાજાવાડી, ડો. બાકેસાહેબ આંબેડકર હોસ્પિટલ, બીકેસી જંબો સેન્ટર ખાતે રસીકરણ કરવામાં આવશે. દેશમાં કોરોનાની મહામારી પછી મહારાષ્ટ્રમાં કોરોના પીડિતોની સંખ્યા વધુ હતી. મહારાષ્ટ્ર સહિત દેશના સૌથી વધુ કોરોના કેસ ધરાવતા શહેરોની યાદીમાં મુંબઈ પણ ટોચ પર છે. કોરોનાની સૌથી વધુ ઘટના મુંબઈના ધારાવીમાં હતી, જે એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી તરીકે જાણીતી છે. હાલમાં, મુંબઈમાં કોરોના કાબુમા આવેલ છે.તેનો દર ઘણો નીચો છે. મુંબઈનો હાલમા રીકવરી રેટ ૯૩ ટકા છે. તેમજ દર્દીના બમણા થવાનો સમયગાળો ૩૬૫ દિવસ છે.

# ધનંજય મુંડે પ્રકરણે આખરે ભાજપે મૌન તોડ્યું

ચક્રવાત ટીમ મુંબઈ તારીખ ૧૩

મહા વિકાસ આઘાડી સરકારના સામાજિક ન્યાય વિભાગના મિનિસ્ટર ધનંજય મુંડે પર થયેલા બળાત્કારના આક્ષેપ પ્રકરણમાં આખરે ભાજપે મૌન તોડી અને તેમના રાજીનામાની માગણી કરી છે.

ગેંડા જેવી ચામડીના મિનિસ્ટર ધનંજય મુંડે નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામું નહીં આપે પરંતુ તેમણે જે કૃત્ય કર્યું છે ત્યાર પછી આ જવાબદારી ભર્યા હોદ્દા પર રહેવું નૈતિકતાનું અપમાન ગણાશે આથી તેમનું રાજીનામું સરકારે લઈ લેવું જોઈએ તેવી માગણી ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રકાંત પાટીલે કરી હતી. ધનંજય મુંડે પર તેમની એક નજીકની સ્ત્રી મિત્ર અને સ્વજન એવી મહિલાએ બળાત્કારનો આક્ષેપ પોલીસ સ્ટેશનમાં કર્યો છે. જોકે પહેલા આ અરજી સ્વીકારવામાં આવી ન હતી. પરંતુ આ મહિલાએ ટ્વીટ દ્વારા શરદ પવાર સુપ્રિયા સુલે મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરે વિપક્ષીનેતા દેવેન્દ્ર ફડણવીસ સહિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ કૃત્યની જાણ કરી ન્યાય માંગ્યો હતો એટલું જ નહીં પોતાની જાનને જોખમ હોવાનું જણાવી સુરક્ષાની પણ માગણી કરતા આખરે પોલીસે આ અરજીનો સ્વીકાર કરી તપાસ ચાલુ કરી હતી. આ ઘટનાને પરિણામે જ્યારે બાજુ રાજકીય ખળભળાટ મચી ગયો હતો. ધનંજય મુંડેએ પહેલા આ મહિલાના આક્ષેપોને નકારી અને પોતાને બદનામ કરવાનું તેમજ બ્લેકમેલીંગનો કિસ્સો હોવાનું જણાવી બચાવ કર્યો હતો. પરંતુ આખરે ચારેબાજુથી દબાણ થતાં અને મહિલાએ સોશિયલ મીડિયામાં તેના આ કૃત્યની જાણકારીઓ આપવાનું શરૂ કરતાં ધનંજય મુંડે એ કબૂલ કર્યું હતું કે પરસ્પર સહમતિથી તેઓ વચ્ચે સંબંધ હતો અને તેના થકી એક પુત્ર અને પુત્રી પણ છે જેનું પાલન પોષણ તે કરી રહ્યા છે .જોકે આમ કહેવાથી તેઓ જવાબદારીમાંથી છટકી શકે નહીં અને મિનિસ્ટર પદના હોદ્દાને હવે તે લાયક નથી તેમ સૌપ્રથમ ભાજપના નેતા કિરીટ સોમૈયાએ કહ્યું હતું ત્યાર બાદ ભાજપની મહિલા મોરચા દ્વારા પણ તેમના રાજીનામાની માગણી કરાઈ હતી. જોકે આ બધામાં ભાજપના નેતાઓ ફડણવીસ ચંદ્રકાંત પાટિલ સહિત અન્ય મોટા માથાઓ ચૂપકીદી સાધી બેઠા હતા. હજી સુધી રાકોપ પક્ષના વડા શરદ પવારે અથવા એમપી સુપ્રિયા સુળે નું નિવેદન પણ આ બાબતમાં આવ્યું નથી. ત્યારે જોવાનું એ રહે છે શું મહા વિકાસ આંઘડી સરકાર ધનંજય મુંડેને મિનિસ્ટર તરીકે ચાલુ રહેવા દેશે કે તેમની પર દબાણ કરી આ મુદ્દે તેમનું રાજીનામું માગી લેશે?

# અપેક્ષા કરતા મહારાષ્ટ્રમાં રસીનો ડોઝની માત્રા ઓછી મળી : રાજેશ ટોપે

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૩

આરોગ્ય પ્રધાન રાજેશ ટોપે આરોપ લગાવ્યો છે કે રસીકરણના પ્રથમ તબક્કા માટે મહારાષ્ટ્રને કોરોના રસીના ડોઝ ઓછી માત્રા મળી છે. રાજેશ ટોપે કહ્યું કે કેન્દ્રની સૂચના બાદ રસીકરણ કેન્દ્રોની સંખ્યા ૫૧૧ થી ઘટાડીને ૩૫૦ કરી દેવામાં આવી છે. આજે રસી મહારાષ્ટ્રના જુદા જુદા જિલ્લામાં ડિલીવરી પહોચાડવામા આવશે. રસીકરણ માટે આઠ લાખ લોકોએ પોતાના નામ અપલોડ કર્યા છે. રસી તેના કરતા થોડી ઓછી છે. પરંતુ જે રસી આવી છે તે ચોક્કસપણે આજની રાત કે કાલે સવારે તમામ વિભાગીય કચેરીઓમાં પહોંચશે. ૧૫ મી જાન્યુઆરી સુધીમાં રસી બધા રસીકરણ કેન્દ્રોના ૧૦૦ ટકા સુધી પહોંચી જશે. દરેક રસીકરણ કેન્દ્ર રસી સંગ્રહવા માટે જરૂરી તમામ સાધનો પૂરા પાડવામાં આવ્યું છે. 'રાજેશ ટોપેએ વધુમાં જણાવ્યું હતું કે, વડા પ્રધાન ૧૬ મી જાન્યુઆરીએ સવારે વિડિઓ કોન્ફરન્સ દ્વારા દેશભરમાં રસીકરણનું ઉદ્ઘાટન કરશે. મહારાષ્ટ્રની બે હોસ્પિટલો, એક કૂપર હોસ્પિટલ અને બીજી જિલ્લો હોસ્પિટલ વડા પ્રધાન સાથે સીધી વાતચીત કરી શકશે.' રસીકરણ કેન્દ્રો પર બોલતા આરોગ્યમંત્રીએ કહ્યું કે, બે દિવસ પહેલા ૫૧૧ રસીકરણ કેન્દ્રો માટે યોજના બનાવી હતી. પરંતુ ગઈકાલની બેઠકમાં કેન્દ્ર સરકાર અને આરોગ્ય મંત્રાલયે આટલા મોટા પાયે રસી ન લેવાની સલાહ આપી હતી. તેથી, કેન્દ્રના સૂચનને પગલે રસીકરણ કેન્દ્રોની સંખ્યા ૫૧૧ થી ઘટાડીને ૩૫૦ કરી દેવામાં આવી છે. દરેક રસીકરણ કેન્દ્રમાં ૧૦૦ લોકોને રસી આપવામાં આવશે. આમ, પ્રથમ દિવસે ૩૫,૦૦૦ લોકોને રસીકરણ કરવાનો ઈરાદો હોવાનું જણાવ્યુ છે. મહારાષ્ટ્રને કેન્દ્ર સરકાર દ્વારા ૯ લાખ ૬૩ હજાર રસીનો ડોઝ આપવામાં આવ્યો છે. પરંતુ તે કિસ્સામાં, મહારાષ્ટ્રને ૧૭ થી સાડા સત્તર લાખ રસી ડોઝની જરૂર છે. આજે, સાડા નવથી સાડા નવ લાખ રસીયાનો ડોઝ મળ્યો છે. કેન્દ્ર સરકારની સુચના મુજબ ડોઝ આપી રહ્યા છો તેને બે રસીનો સંપૂર્ણ ડોઝ આપવાની સલાહ આપી છે તેથી રાજ્યની ક્ષમતા પ્રમાણે ૫૫ ટકા ડોઝ છે. ટકાવારીનો અર્થ, આશરે ૫ લાખ સુધી, રસીકરણ પૂર્ણ કરવામા આવશે.

# મુંબઈમાં પેટ્રોલનો ભાવ ૯૧ રૂપિયા થયો ડીઝલનો ભાવ પણ વિક્રમી સપાટી પર પહોંચ્યો

ચક્રવાત ટીમ મુંબઈ તારીખ ૧૩

આંતરરાષ્ટ્રીય બજારમાં તેલ કંપની ઓ દ્વારા ફરી એકવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરતા દેશમાં ફરી એકવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો છે ભારતની પેટ્રોલ અને ડીઝલની કંપનીઓ દ્વારા પાંચ દિવસ બાદ આજે ફરી એકવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરતાં મુંબઈ માં પેટ્રોલનો ભાવ ૯૧.૦૭ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૮૧.૩૧ પ્રતિ લીટર પર વેચાયું હતું. આ પહેલા ૪ ઓક્ટોબર ૨૦૧૮ ના રોજ મુંબઈમાં પેટ્રોલનો ભાવ ૯૧.૩૪ રૂપિયા પ્રતિ લીટર હતો.

પાંચ દિવસ પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રહ્યા હતા જો કે આજે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલનાં ભાવમાં વધારો થયો હતો જેના પગલે ભારતમાં પણ તેલ કંપનીઓ દ્વારા ભાવમાં વધારો કરાયો હતો. રાજ્યમાં પરભણી માં પેટ્રોલનો ભાવ સૌથી વધારે હતો અહીં ૯૩.૪૫ રૂપિયે પ્રતિ લીટર પેટ્રોલ અને ૮૨.૪૦ રૂપિયે ડીઝલ વેચાયું હતું. દિલ્હી સહિત દેશના તમામ મુખ્ય શહેરોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરાયો હતો.

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં રોજ સવારે ૬ વાગ્યે ભાવમાં ફેરબદલ કરવામાં આવે છે. પેટ્રોલ ડીઝલના ભાવમાં એક્સાઈઝ ડ્યૂટી. ડીલર કમિશન અને અન્ય બાબતો જોડ્યા પછી તેના ભાવ ઓલમોસ્ટ બમણા થઈ જાય છે.

# ક્રોધમા મિત્રની કારમાં આગ લગાડતા, નજીકમાં પાર્ક કરેલ દશ બાઈક આગમા ખાક

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૩

પિંપરી ચિંચવાડમાં વાહન તોડફોડ બાદ હવે વાહન સળગાવવાની ઘટના પ્રકાશમાં આવી છે. પિંપરીમાં ૧૦ જેટલા દ્વિચક્રી વાહન બળી ગયા છે. કારને આગ લગાડવામા અવતા જ મોટા પ્રમાણમા આગ ફેલાઈ હતી. જેને કારણે આસપાસના વાહનોને ઘણું નુકસાન થયું છે. પૈસા અંગેના વિવાદના કારણે વાહનને આગ ચાંપી દેવાઈ હોવાનું પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ છે.વાહન સળગાવવાની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. પૈસાની આપલે અંગે વિવાદ થયો હતો. જવાબી કાર્યવાહીમાં મિત્રે બીજા મિત્રની કારમાં આગ લગાવી. જો કે આગને કારણે આસપાસના વાહનોને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. કુલ ૧૦ વાહનોને નુકસાન પહોંચ્યું હતું. થોડા દિવસ પહેલા નાયબ મુખ્યમંત્રી અજિત પવારે પિપંરી ચિંચવાડમાં પોલીસ કાર્યક્રમમાં વાહન તોડફોડની ઘટના અંગે નારાજગી વ્યક્ત કરી હતી. ત્યાર પછીના દિવસોમાં, આ પ્રકાર ફરીથી સામે આવ્યો છે.પિપરી ચિંચવાડમાં બે મિત્રો વચ્ચે થયેલી તકરારના પગલે વાહનો સળગી ગયા હતા. આયર્નમેન પોલીસ કમિશનર કૃષ્ણ પ્રકાશ અને તેનો સ્ટાફ આ ઘટનાને રોકી શક્યા નથી. તે આ આજની ઘટનાથી સ્પષ્ટ થાય છે.

# ડ્રગ કેસમાં નવાબ મલિકના જમાઈની એનસીબી દ્વારા ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૩

ડ્રગ સપ્લાય કેસમાં મુંબઈ સ્થિત 'મુછડ પાનવાલા' ના માલિક રામકુમાર તિવારીની ધરપકડ થયા બાદ હવે રાજ્યના લઘુમતી પ્રધાન નવાબ મલિકના જમાઈ સમીર ખાનને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી) એ સમન્સ જારી કર્યો છે. સમીર ખાનને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો.સૂત્રોએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ડ્રગ તસ્કર કરણ સજનીની પૂછપરછ દરમિયાન સમીર ખાનનું નામ સામે આવ્યું છે. ત્યારબાદ એનસીબીએ સમીર ખાનને સમન્સ પાઠવ્યું હતું. અહેવાલ મુજબ સમીર ખાન આજે સવારે એનસીબી ઓફિસમાં હાજર થયા હતા અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.

ધનંજય મુંડે પર બળાત્કારનો આરોપ લગાવ્યા બાદ અને મલિકના જમાઈને બોલાવવામાં આવ્યા બાદ એનસીપીની ચિંતા વધી ગઈ છે. .એનસીબીની ટીમે ગયા અઠવાડિયે ખાર વિસ્તારમાંથી બ્રિટિશ નાગરિકો કરણ સંજાની અને રાહિલ ફર્નિચરવાલાની ધરપકડ કરી હતી. તેમની પાસેથી ૨૦૦ કિલો ડ્રગ્સ કબજે કરાયું છે. આ જ કેસમાં પૂછપરછ દરમિયાન ઘણા લોકોના નામ સામે આવ્યા હતા. તેમાં રાજ્યના લઘુમતી પ્રધાન નવાબ નવાબ મલિકની પુત્રી નીલોફરના પતિ સમીર ખાનનું નામ પણ હોવાનું સામે આવ્યું હતું. તેથી, મંગળવારે (૧૨ જાન્યુઆરી) રાત્રે ૮ વાગ્યાની આસપાસ એનસીબીની એક ટીમ બાંદ્રા ગઈ હતી અને સમીર ખાનને પૂછપરછ માટે હાજર થવા જણાવ્યું હતું. તદનુસાર, સમીર ખાન આજે (૧૩ જાન્યુઆરી) સવારે ૮.૩૦ વાગ્યે એનસીબી ઓફિસમાં પૂછપરછ માટે હાજર થયો હતો. હાલમાં તેની તપાસ ચાલી રહી છે.

દરમિયાન ડ્રગ્સ કેસમાં નામના 'મુછડ પાનવાલા' ના માલિક રામકુમાર તિવારીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાયા છે.

# ક્રૂડ પામતેલમાં ૩૫,૭૫૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૮૮,૭૮૦ ટનના સ્તરે: કોટનમાં સેંકડા વધ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧૩

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૭૪૦૭૩ સોદામાં રૂ.૧૧૫૧૦.૭૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનું ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૬ વધ્યું હતું, જ્યારે ચાંદી કિલોદીઠ રૂ.૮૭ ઘટ્યું હતું. એલ્યુમિનિયમ સિવાયની બિનલોહ ધાતુઓમાં વૃદ્ધિ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલ (સીપીઓ) માં ૩૫,૭૫૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૮૮,૭૮૦ ટનના સ્તરે પહોંચ્યો હતો. કોટનના વાયદામાં સેંકડા વધ્યા હતા. રબર, કપાસ, મેન્થા તેલમાં સાર્વત્રિક સુધારો વાયદાના ભાવમાં થયો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૨૧૨૭ સોદાઓમાં રૂ.૫૭૫૮.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૧૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૪૪૭ અને નીચામાં રૂ.૪૯૧૩૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૪૬ વધીને રૂ.૪૯૨૯૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૬ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૬૧૬ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૨૦ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૮ વધીને બંધમાં રૂ.૪૯૩૨૬ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૬૫૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૫૦૦ અને નીચામાં રૂ.૬૫૫૨૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૭ ઘટીને રૂ.૬૫૮૧૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૬૨ ઘટીને રૂ.૬૫૮૩૫ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૫૭ ઘટીને રૂ.૬૫૮૨૯ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૫૮૪૧ સોદાઓમાં રૂ.૧૯૧૮.૪૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૯૦૨ ખૂલી, ઊપરમાં રૂ.૩૯૭૬ અને નીચામાં રૂ.૩૮૯૮ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૬ વધીને રૂ.૩૯૧૨ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૫૪૬ સોદાઓમાં કુલ રૂ.૪૩૭.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૩૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૩૯૦ અને નીચામાં રૂ.૨૧૨૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૬૦ વધીને રૂ.૨૧૩૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૯૦.૩ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૫ ઘટીને બંધમાં રૂ.૯૭૮.૭ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૯૯૭ અને નીચામાં રૂ.૯૯૦.૨ રહી, અંતે રૂ.૯૯૩.૫ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૧૮.૫ અને નીચામાં રૂ.૧૨૧૩.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭.૫૦ વધીને રૂ.૧૨૧૬ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દ્દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૦૧૬૭ સોદાઓમાં કુલ રૂ.૩૦૫૦.૧૭ કરોડ ની કીમતનાં ૬૧૮૧.૫૦૧ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૧૯૬૦ સોદાઓમાં કુલ રૂ.૨૭૦૮.૩૦ કરોડની કીમતનાં ૪૧૦.૦૭૯ ટન, ક્રૂડ તેલમાં ૪૬૩૬ સોદાઓમાં રૂ.૨૮૧.૨૭ કરોડનાં ૭૧૭૦૦૦ બેરલ્સ, કોટનમાં ૯૩૩ સોદાઓમાં રૂ.૮૨.૨૯ કરોડનાં ૩૮૪૭૫ ગાંસડી, સીપીઓમાં ૨૫૩૦ સોદાઓમાં રૂ.૩૫૦.૪૦ કરોડનાં ૩૫૭૫૦ ટન.

# રાષ્ટ્રિય શૈક્ષિક મહાસંઘ સુરેન્દ્રનગર દ્વારા કર્તવ્ય બોધ કાર્યક્રમ યોજાયો



ચક્વાત ટીમ વઢવાણ, તા.૧૩

તાજેતરમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સુરેન્દ્રનગર દ્વારા કર્તવ્ય બોધ કાર્યક્રમ રાખવામાં આવેલ, જેમાં વઢવાણ ધારાસભ્ય ધનજી પ ટેલ, સુરેન્દ્રનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મિતાબેન ગઢવી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ ગગજી પઢેરિયા ઉપસ્થિત રહેલ.

ત્યારબાદ સંગઠન મંત્ર ભરતસિંહ ચાવડા તેમજ સંગઠન ગીત નરવીર મર્યાએ કરેલ. મહેમાનોનું શાબ્દીક સ્વાગત અનિલ મકવાણાએ કરેલ. ત્યાર બાદ દશરથસિંહ અસ્વાર અને સહદેવસિંહ ઝાલા, હસમુખસિંહ પરમાર તેમજ કલ્પનાબેન વાઢેર તેમજ નયનાબા રાણા મહેમાનોનુ પુષ્પગુચ્છ અને પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવેલ. વિધવા બહેનોને આ પ્રસંગે કરિયાણાની કીટનું વિતરણ ઉપસ્થિત મહેમાનો દ્વારા કરવામાં આવેલ. જેમાં મુકેશ બદ્રેશિયા તેમજ તમામ મહાસંઘની ટીમ જોડાયેલ.આ પ્રસંગે તમામ ઉપ સ્થિત શિક્ષકમિત્રો એ પોતાનું કર્તવ્ય લીધેલ.તેમજ આભાર વિધિ રણછોડ કટારિયાએ કરેલ. સંચાલન જીગ્નેશ આલ વઢવાણ યુનિટ અધ્યક્ષ એ કરેલ.તેમજ વ્યવસ્થામાં હેમલ તુરખિયા રહેલ. કાર્યક્રમમાં તમામ તાલુકા અધ્યક્ષ, મંત્રી અને હોદેદારો હાજર રહેલ.

**ગીરસોમનાથના યુવા પત્રકાર શૈલેષ નાઘેરાએ કર્યો સૌથી મોટા કૌભાંડનો પર્દાફાશ**

# ખોટા ખેડૂત લાભાર્થી બની સરકારને ૧૩૪૬ કરોડનો ચૂનો લગાવ્યો



ચક્વાત ટીમ, તા.૧૩

૮ સપ્ટેબરના રોજ ગીરસોમનાથ જિલ્લામાં PM કિસાન સન્માન નિધિમાં કરોડોનું કૌભાંડ બહાર પાડવામાં આવ્યું હતું ત્યાર બાદ સરકારે તપાસના આદેશ પણ આપ્યા હતા તે બાદ RTI માં સમગ્ર મામલો સામે આવતા ૧૩૪૬ કરોડનું કૌભાંડ બહાર આવ્યું છે. પ્રધાનમંત્રી કિસાન સમ્માન નીધિ યોજના મોદી સરકાર દ્વારા ૨૦૧૯માં મોટી જાહેરાતો સાથે શરૂ કરવામાં આવી હતી જેનો હેતુ નાના અને સીમાંત ખેડૂતોને આર્થિક મદદ આપવાનો હતો પરંતુ કોમનવેલ્થ હ્યૂમન રાઈટ્સ ઈનીશિએટિવ સંબંધિત RTI આવેદનકર્તા વેંકટેશ નાયરે કરેલી ઈંએ આ યોજનાની પોલ ખોલી નાખી છે. RTI નો જવાબ આપતા કેન્દ્રીય કૃ ષિ મંત્રાલય દ્વારા જે વિગતો સામે આવી છે તે ચોંકાવનારી છે. RTI માં જણાવાયુ છે કે ૨૦૧૯થી ૨૦૨૦ સુધીમાં ૨૦.૪૮ લાખ એવા ખેડૂતોએ PM કિસાન સમ્માન નીધિ યોજનાનો લાભ લીધો છે કે જે યોજનાના લાભ માટેના માનાંકો પૂર્ણ નથી કરી રહ્યાં. ૨૦.૪૮ લાખ અયોગ્ય લોકોના ખાતામાં ૧૩૪૬ કરોડ રૂપિયા જમા થઈ ચુક્યાની કબુલાત ખુદ મોદી સરકારના કૃષિ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે. આ યોજનાનો લાભ ૨ હેક્ટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતોને મળતો હતો પણ સરકારે જે અયોગ્ય ખેડૂતોને ચુકવણી કરી છે તેની ઓળખ ૨ શ્રેણીઓમાં કરવામાં આવી છે જેમાંથી એક એવા લોકો છે કે યોજનાના ધારાધોરણો પ્રમાણે યોગ્ય નથી જ્યારે બીજી શ્રેણીમાં એવા લોકો છે કે જે આવકવેરો ફરતા હોવા છતા પણ આ યોજનાનો લાભ લઈ ચુક્યા છે. અયોગ્ય લાભાર્થીઓમાં ૫૫.૫૮% ખેડૂતો આવકવેરો ભરનારની શ્રેણીમાં છે જ્યારે બાકીના ૪૪.૪૧% લાભાર્થીઓ ખેડૂત છે પરંતુ તેઓ યોજનાના માનાંકો પ્રમાણે યોગ્ય નથી એટલે કે તેમની પાસે ૨ હેક્ટરથી વધુ જમીન છે. મીડિયામાં આ વિગતો સાર્વજનિક થતા હવે કેન્દ્ર સરકારે અયોગ્ય લાભાર્થીઓને ચુકવેલી રકમ પરત વસુલવાની પ્રક્રિયા શરૂ કરી છે. RTI કર્તા વેંકટેશ જણાવી રહ્યાં છે કે ૧૩૬૪ કરોડની કુલ રકમ ૬૮.૨૦ હપ્તાઓમાં અયોગ્ય લાભાર્થીઓ પાસે પહોંચી છે. કુલ હપ્તાઓમાંથી ૪૯.૨૫ લાખ આવકવેરા ભરતા લોકો છે જ્યારે માનાંકો પૂર્ણ ન કરતા લોકોને ૧૮.૯૫ હપ્તાઓમાં રકમ મળી છે. RTI માં ખુલાસો થયો છે ૨૦.૪૮ લાખ અયોગ્ય લાભાર્થીઓમાંથી ૫ રાજ્યોના ખેડૂતોની સંખ્યા વધુ છે એ રાજ્યોમાં ગુજરાત, પંજાબ, આસામ, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રના છે. સૌથી વધુ પંજાબના ૨૩.૬% સાથે ૪.૭૪ લાખ ખેડૂતો. ૧૩.૯૯% સાથે મહારાષ્ટ્રના ૨.૮૬ લાખ અયોગ્ય ખેડૂતો. ૧૬.૮ ટકા સાથે આસામના ૩.૪૫ લાખ અયોગ્ય લાભાર્થીઓ. ગુજરાતના ૮.૦૫ ટકા એટલે કે ૧.૪૭ લાખ ખેડૂતો અને ઉત્તરપ્રદેશના ૮.૦૧ ટકા એટલે કે ૧.૬૪ લાખ ખેડૂતો એવા છે કે જેમણે અયોગ્ય હોવા છતા PM કિસાન સમ્માન નીધિ યોજનાનો લાભ લીધો છે.

# વીરપુર : જલારામ વિદ્યાલયની હાલત ખખડધજ

**ધો.૧૦ના વિદ્યાર્થીઓને ભણવામાં કોરોનાનો નહીં પણ સ્કૂલ પડવાનો ડર, ચાલુ ક્લાસે છતમાંથી પોપડા પડે છે**



ચક્વાત ટીમ વીરપુર, તા.૧૩

કોરોના મહામારીને લઈને છેલ્લા ૧૦ મહિનાથી સ્કૂલ-કોલેજો બંધ કરવામાં આવી હતી. ગઈકાલે સોમવારથી રાજ્ય સરકારની ગાઈડલાઈન પ્રમાણે ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે સ્કૂલ ખોલવામાં આવી છે. પરંતુ વીરપુર (જલારામ) ગામે આવેલી જલારામજી વિદ્યાલય જર્જરિત હાલતમાં હોવાથી ધો.૧૦ના વિદ્યાર્થીઓને ભણવામાં કોરોનાની નહીં પણ સ્કૂલ પડી જવાનો ડર સતાવી રહ્યો છે. શાળાના વર્ગખંડની છતમાંથી અનેકવાર ચાલુ વર્ગે મોટા મોટા પોપડા પડ્યાના બનાવ બન્યા છે. પરંતુ સદનસીબે હજુ સુધી કોઈ વિદ્યાર્થીને ઈજા પહોંચી નથી. સ્કૂલના આચાર્ય દ્વારા સાવચેતીના પગલારૂપે જર્જરિત વર્ગોમાં તાળા મારી દેવામાં આવ્યા છે. આ સ્કૂલમાં ધોરણ ૯ અને ૧૦નો અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. ઓછામાં ઓછા એક ધોરણ માટે બે વર્ગો તો જોઈએ જ. દસ વર્ગખંડ અભ્યાસ માટે, બે વર્ગખંડ કોમ્પ્યુટર ક્લાસ માટે અને એક લાયબ્રેરી માટે રાખવામાં આવ્યાં છે. જેની સામે શાળાની કમનસીબી એ છે કે હવે માત્ર એક જ વર્ગ ખંડ જ બેસવા લાયક રહ્યો છે. તેમાંય સ્કૂલનું બિલ્ડીંગ પડવાના ભય હેઠળ વિદ્યાર્થીઓને ભણવાનું. એટલે કે સરકાર ભાર વગરનું ભણતરના બંણગા ફૂંકે છે પરંતુ ખરી વાસ્તવિકતા એ છે કે અહીં તો ભય હેઠળ ભણતર ચાલે છે. જલારામજી વિદ્યાલયને રિપેરિંગની સરપંચથી મુખ્યમંત્રી સુધી શાળાના આચાર્ય વીડી નૈયાએ કરી છે. પરંતુ તેઓને રિપેરિંગના ઠાલા આશ્વાસનો જ મળ્યા છે. આ સ્કૂલ રિપેરિંગના બદલે જર્જરિત સ્કૂલમાં દસ માસ બાદ શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. શાળામાં એક પણ મોટો વર્ગખંડ કે હોલ સલામત ન હોય માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભયના માહોલ વચ્ચે ભણતર શરૂ કર્યુ છે. કોરોના મહામારીને લઈને માત્ર ધોરણ ૧૦ વર્ગો ચાલુ કરવામાં આવ્યા છે. જો ભવિષ્યના સમયમાં વધુ ધોરણના વર્ગો ચાલુ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને ના છૂટકે સ્કૂલના ખુલ્લા ગ્રાઉન્ડમાં બેસીને અભ્યાસ કરવો પડે તેવી સ્થિતિ ઉભી થશે. વીરપુરના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સરપંચ પણ આ સ્કૂલને સરકાર દ્વારા ફરીથી નવી બનાવી આપે તેવી માગ કરી રહ્યા છે.

# શિક્ષણમાં અભિરૂચિ વધારતા વિજ્ઞાન કાર્યક્રમનું આયોજન

**ધ્રોલ વિસ્તારની ૧૧ થી ૧૮ વર્ષની અભ્યાસ છોડી દીધેલ ૧૦૦ જેટલી બહેનો સામેલ**



ચક્વાત ટીમ હડિયાણા, તા.૧૩ર

ગુજકોસ્ટ-ગાંધીનગર પ્રેરીત અને શ્રી એમ.ડી.મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ, ધ્રોલ સંચાલિત શ્રી એમ. ડી.મહેતા જિલ્લા વિજ્ઞાનકેન્દ્ર ધ્રોલ દ્વારા મહિલા-બાળ અધિકારી કચેરી, જામનગર અને ICDS ધ્રોલના સહયોગથી ધ્રોલ વિસ્તારની ૧૧ થી ૧૮ વર્ષની આશરે ૧૦૦ જેટલી બહેનો કે જેઓએ અભ્યાસ છોડી દીધેલ છે અને તેઓને શિક્ષણમાં અભિરુચિ વધારવા માટે વિજ્ઞાનકેન્દ્રધ્રોલ સ્થળે "બેટી બચાવો...બેટી પઢાવો..." અંતર્ગત શિક્ષણમાં અભિરૂચી વધારતો વિજ્ઞાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમમાં વિજ્ઞાનકેન્દ્રનાં તજજ્ઞ ડો. સંજય પંડ્યા દ્વારા ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ, અંધશ્રદ્ધા નિર્મૂલન, પ્લાસ્ટિક બોટલના ફરી ઉપયોગ પ્રવૃતિનું પ્રાયોગિક નિદર્શન કરાવી તેઓનું તેને શિક્ષણ પૂરું પાડવામાં આવ્યું. સાથે તેઓની આ સેમિનાર અનુલક્ષી એક ટેસ્ટ લેવામાં આવી હતી. શ્રેષ્ઠને પારિતોષિક અને ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. સાથે વર્ષ ૧૧ થી ૧૮ ની બહેનો માટેની યોજનાની ચર્ચા ધ્રોલ તાલુકાના ઈન્ચાર્જ સી.ડી. પી.ઓ. નર્મદાબેન ઠોરીયા, દહેજ પ્રતિબંધક અધિકારી જામનગરનાં હંસાબેન, ડીવીઝનલ કો-ઓર્ડીનેટર શ્રેયશભાઈ જોશી, સખી વન્સ સ્ટોપ સેન્ટરનાં કો-ઓર્ડીનેટર દક્ષાબેન, જિલ્લા કો-ઓર્ડીનેટર સેખપૂર્ણાનાં મેઘલબેન દ્વારા કરવામાં આવેલ. સંસ્થાના સેક્રેટરીશ્રી સુધાબેન ખંઢેરિયાએ શિક્ષણ અને પોષણ મેળવવાની પ્રેરણા બહેનોને આપેલ. કાર્યક્રમનાં સફળ આયોજનમાં આઈ. સી.ડી.એસ. ધ્રોલનાં અમીનભાઈ, મહેબુબભાઈ, પુજાબેને સારી જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમ થકી સામેલ બાળાઓને તેના જીવન ઉપયોગી પ્રવૃ તિઓનું નિદર્શન કરાવતા તેઓને એવો અહેસાસ થયો કે જો ભણતર હશે તો આપણે આપણા જીવનમાં જાગૃત બની તંદુરસ્ત, અંધશ્રદ્ધા મુક્ત, પ્રદુષણમુક્ત રહીશું. આ સમાજ ઉપયોગી કાર્યને અસરકારક બનાવવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી હરસુખભાઈ મહેતા અને ટ્રસ્ટી ધર્મેશભાઈ મહેતાએ કાર્યક્રમમાં સામેલ થનાર તમામને અભિનંદન પાઠવવામાં આવેલ.

# ઉનામાં યુવા ભજપ દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મોત્સવની ઉજવણી



ચક્વાત ટીમ ઉના, તા.૧૩

ઉના યુવા ભાજપ દ્વારા નગરપાલિકા ભવન ખાતે યુવા ભા.જ.પા શહેર તેમજ તાલુકાના કાર્યકરો દ્વારા સોસીયલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે સ્વામી વિવેકાનંદજીની ૧૫૮મી જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયેલ અને તેમના જીવન ચરિત્ર વિશેનું વાંચન કરી યુવાનોમાં જોશ અને જાગૃતિનું સિંચન કરેલ હતું. આ તકે ઉપસ્થિત કાર્યકરોમાં નગરપાલિકા ઉપપ્રમુખ ચંદ્રેશ જોશી, વિનોદભાઈ બાંભણીયા, હિતેશભાઈ દિવેચા તેમજ તાલુકામાંથી કિશનભાઈ ડોડિયા, હિરેનભાઈ બાંભણીયા તેમજ ભાવેશભાઈ ડાંગોદરા તેમજ યુવા ભાજપાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ઊનાના કાણકબરડા ગામે ઝેરી મધમાખીના ઝુંડએ ખેડૂતને ધાયલ કર્યો



ચક્વાત ટીમ ઉના, તા.૧૩

ઊનાના કાણકબરડા ગામે રહેતા ખેડૂત પ ોતાની વાડીએ જતી વખતે રસ્તા પર ઝાડ ઉપરથી અચાનક ઝેરી મધમાખીનુ ઝુંડ ત્રાટકતા ખેડૂતને ગંભીર રીતે ઈજા પહોચાડતા તાત્કાલીક હોસ્પીટલે ખસેડવામાં આવેલ હતા. કાણકબરડા ગામે રહેતા રામસંગજી વજેસંગ રાઠોડ વાડીએ જતી વખતે ખેતર માંથી ઝાડ ઉપરથી અચાનક ઝેરી મધમાખીનું ઝુંડ રામસંગજી પર હુમલો કરી દીધેલ હતો. શરીરના ભાગે ગંભીર ઈજા પહોચાડી હોય આજુબાજુના વાડી વિસ્તારના લોકોને જાણ થતાં તાત્કાલીક હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા. અને જ્યાં તેમને ડોક્ટરે પ્રાથમિક સારવાર આપી હતી. આમ ગ્રામ્ય વિસ્તારોમાં ઝેરી મધમાધીના ત્રાસથી લોકો પણ ત્રાહીમામ પોકારી ઉઠ્યા હોય અને હજુ પણ અન્ય લોકોને ધાયલ ન કરે જેથી આ ઝેરી મધમાખીને દૂર કરવા માંગણી ઉઠવા પામેલ છે.

## દીપડીના બચ્ચાની પજવણી કરતો વિડીયો વાયરલ

ચક્વાત ટીમ, તા.૧૩

હાલ શીયાળાની સીઝનમાં ખેડૂતો પોતાના ખેતરોમાં શેરડીનો પાક તૈયાર થતા રહ્યા છે. શેરડીના વાડીને કાઢી રહ્યા છે. ત્યારે ઊના કોડીનાર વિસ્તારમાં શેરડીના વાવેતરમાં દીપડીએ તેમના બચ્ચાને જન્મ આપેલ હોય આ દીપડીના બચ્ચા વાડીમાં ખુલ્લા હરતા ફરતા જોવા મળે છે. અને ત્યાથી ટુરીસ્ટોના નજરે પડતા ચાર શખ્સો પોતાના મોબાઈલ કેમેરામાં ફોટા વિડીયો પાડતા હોવાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો હતો.

## નાથદ્વારા મંદિરના કિર્તનકાર તોલારામનું અવસાન

**સૌરાષ્ટ્રની શ્રી બાલકૃષ્ણ કિર્તન મંડળીની શ્રધ્ધાંજલી**

ચક્વાત ટીમ કાનભાઈ સુવા, તા.૧૩

શ્રી પૃષ્ટિમાગીય વૈષ્ણવ સંપ્રદાયના રાજસ્થાનના નાથદ્વારા મંદિરના પ્રમુખ કિર્તનકાર તોલારામજીનું ૯૫ વર્ષની વયે ૧૦ને રવિવારે નાથદ્વારા મુકામે અવસાન થતાં નાથદ્વારા ધેરા શોક અને દુઃખની લાગણી છવાઈ જવા પામેલ હતી તેમને શ્રદ્ધાંજલી આપતા સૌરાષ્ટ્રની ખ્યાતનામ ઉપલેટાની શ્રી બાલકૃષ્ણ કિર્તન મંડળીના પ્રમુખ સુરેશભાઈ માડલીયા તથા ઉપપ્રમુખ કિશોરભાઈ ઝાલા અને મંત્રી સંદિપભાઈ નથવાણીએ તેમને શ્રદ્ધાંજલી અર્પી હતી.

# ઊના શહેરમાં અવનવી પતંગો આકર્ષણનું કેન્દ્ર બન્યુ



ચક્વાત ટીમ ઉના, તા.૧૩

તા.૧૪ જાન્યુઆરી એટલે મકર સંક્રાંતનો પ્રિય તહેવાર ગણતરીની કલાકોજ બાકી છે. ત્યારે ઉના શહેરમાં પતંગ, દોરાની ફિરકી અને અવનવી ડિઝાઈનમાં પતંગો આકર્ષણનું કેન્દ્ર બની ગયેલ છે. અને બાળકોથી માંડી નાના મોટા વ્યક્તિઓ આ તહેવાર પોતાના પરીવાર સાથે મળી શકશે તેથી ઉમંભેર પતંગ ફિરકીની ખરીદી કરતા જોવા મળે છે.

# ઊનામાં કારમાંથી વિદેશી દારૂનો જથ્થા સાથે એક શખ્સને પકડાયો

ચક્વાત ટીમ ઉના, તા.૧૩

દિવથી વ્યાપક પ્રમાણમાં દારૂની હેરાફેરી થતી હોય તેમ દિવ થી ઉના તરફ આવતી કારને ઉના પોલીસે રોકાવી તલાસી લેતા કાર માંથી વિદેશી દારૂનો જથ્થા સાથે મક શખ્સને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ કેતન ગોવિંદ બાદરશાહી રહે. રાધેશ્યામ પાર્ક જી.પોરબંદર વાળો દિવથી દારૂ ભરીને ઉના તરફ આવતો હોવાની બાતમી આધારે ઉના પોલીસ પી.આઈ. વીએમ ચોધરીની સુચના મુજબ પી પી બાંભણીયા, એ.પી. જાની, અનિલસિંહ, ધર્મેન્દ્રસિંહ તેમજ સંદિપભાઈ સહીતનો પોલીસ કાફલો નાલીયા માંડવી ગામ નજીક નગીનાના ઢોર પાસે પોલીસે વોચ ગોઠવેલ હતી. અને કાર નં.જીજે ૦૪ સીએ ૧૪૯૧ ને રોકાવી કારની અંદર તલાસી લેતા ચોરખાના માંથી અલગ અલગ બ્રાંન્ડની વિદેશી દારૂની બોટલો નં. ૪૮ કિ.૧૯,૨૦૦ તેમજ કાર સહીત કુલ કિ.રૂ. ૨ લાખ ૧૯ હજારથી વધુનો મુદામાલ સાથે એક શખ્સને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. ઊના માંથી પસાર થતી કાર ચાલકને પોલીસે રોકાવી તલાસી લેતા કારની



અંદર ચોરખાના માંથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાંન્ડની બોટલો સાથે એક શખ્સ ઝડપાયો હતો.

# ઊનાના નવાબંદર ગામમાં ચાલતો ગે.કા. દારૂનો અડ્ડો બંધ કરવા માંગ

ચક્વાત ટીમ ઉના, તા.૧૩

ઊનાના નવાબંદર ગામે વિધવા મહીલા ગે.કા.દારૂનો અડો ચલાવી બેફામ વેચાણ કરતી હોય અને બાજુ માંજ રહેતા લોકોને ધકધમકી આપી હેરાન પરેશાન કરતી હોય આ દારૂનો અડો બંધ કરાવવા મનિષાબેન ભરતભાઈ બાંભણીયાએ નવાબંદર મરીન પોલીસે લેખિત રજુઆત કરી કડક કાર્યવાહી હાથ ધરવા માંગણસ કરેલ છે. નવાબંદર ગામે રહેતી વિધવા મહીલા રતનબેન ગભરૂભાઈ સોલંકી પોતે ગે.કા.મોટાપાયે દારૂનો અડો ખુલ્લે આમ પોતાના ધરમાં ચલાવતી હોય અને બાજુમાંજ રહેતા મનિષાબેન તેમજ તેના પતિ ભરતભાઈ બાંભણીયાને આ બુટલેગર મહીલા અવાર નવાર ધમકાવી હેરાન પરેશાન કરતી હોય આ દારૂનો અડો ચાલુ હોય રોજના મોટી સંખ્યામાં દારૂડીયાએ આવતા હોય છે. અને મોટી વગધરાવતી આ મહીલા અન્ય કેસમાં તથા દુષ્કર્મ કેસમાં તેના પતિને સંડોવી જેલમાં પુરાવી દેવા ધમકી પણ આપી તમારે જ્યા દોડવુ હોય ત્યાં દોડો તેવું બોલી હેરાન કરે છે. અને આ મહીલા તેનો સાગરીત છગન કાના સોલંકી અવાર નવાર રોડ પર પોતાની બાઈક આડી રાખી ધમકાવી હેરાન કરતા આ બાબતે નવાબંદર મરીન પોલીસ લેખિત રજુઆત કરી આ દારૂનો અડો બંધ કરાવવા યોગ્ય તપાસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માંગણી કરેલ છે.

# ઉનાના સનખડા ગામે વાસ્મો યોજનાનો પાણીનો ટાંકો ૮ વર્ષથી ધૂળ ખાઈ રહ્યો હોવા છતાં તંત્ર ચૂપ



ચક્વાત ટીમ ઉના, તા.૧૩

ઉના તાલુકાના સનખડા ગામે વાસમો યોજના હેઠળ બનાવવામાં આવેલ પીવાના પાણીનો ટાંકો છેલ્લા નવ વર્ષથી ધૂળ ખાઈ રહ્યો છે. અને તંત્રની બેદરકારીથી પાઈપલાઈન ફીટીંગ પણ બાકી હોય એકકાત્રે પાણી મળતું હોવાથી ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળે છે. સનખડા ગામે ૮ થી ૧૦ હજાર લોકોની વસ્તી ધરાવતુ ગામ હોય અને એકજ પીવાના પાણીનો ટાંકો જે વાસ્મો યોજના હેઠળ આઠ વર્ષ પહેલાં બનાવવામાં આવ્યો હતો. આ ટાંકામાં પાઈપ લાઈનની વાકે કનેક્શન આપવામાં આવ્યુ નથી. અગાઉ વાસ્મો યોજના હેઠળ પાણીનો ટાંકો બનાવાયો છે. પરંતુ તેમાં હજું સુધી પાઈપ લાઈન ફીટ ન કરેલી હોય ટાંકો ધુળ ખાઈ રહીયો છે. જો લાઈટ ફિટ કરવામાં આવે તો આખા ગામમાં પાણીની સમસ્યા દૂર થઈ જાય લોકોને દરરોજ પૂરતું પાણી મળી રહે તેમ છે. તંત્રની બેદરકારીથી છેલ્લા આઠ વર્ષથી પાણીની સમસ્યાનો ભોગવી ગ્રામજનો બની રહ્યા છે. વાસ્મો યોજનાનું કામ અધુરી છોડી દેતા લોકોને પૂરતું પાણી મળતું ન હોવાતી ભારે રોષ જોવા મળી રહ્યો છે. અનેકવાર ગ્રામ પંચાયત દ્વારા રજૂઆત કરેલી હોય અધિકારીઓ ડેલીએ હાથ દઈ આશ્વાસન આપી ચાલ્યા જાય છે. આમ સનખડા ગામ છેલ્લા આઠ વર્ષથી ધુળ ખાતો પાણીના ટાંકો તાત્કાલીક શરૂ કવરામાં આવે તેવી ગ્રામજનોની માંગણી ઉઠવા પામેલ છે. જોકે હાલ ગામમાં બે પાણીના કુવા આવેલા હોવાથી ગામ લોકોને પીવાનું પાણી મળી રહે છે. પરંતુ તંત્રની ધોરબેદરકારીના કારણે પુરતુ પાણી મળતુ નથી. તેવો ગ્રામજનોમાં રોષ વ્યાપી ઉઠેલ છે.

# શ્રેષ્ઠ કેપ્ટન મામલે આઈસીસીના પોલમાં ઈમરાન ખાન અને કોહલી વચ્ચે ટક્કર

(જી.એન.એસ.)દુબઈ,તા.૧૩

વિશ્વ ક્રિકેટ જગતમાં બુધવારે એક રસપ્રદ મુકાબલો જોવા મળ્યો. જેમાં ભારતીય કેપ્ટન વિરાટ કોહલી અને પાકિસ્તાન ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અને હાલના વડાપ્રધાન ઈમરાન ખાન વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી. છેલ્લા ૨૪ કલાકમાં આઈસીસીના આ પોલ અંગે સોશિયલ મીડિયા પર જોરદાર બઝ (ગણગણાટ) જોવા મળ્યો. ICC દ્વારા એક પોલ યોજવામાં આવ્યું. જેમાં 'વિશ્વનો શ્રેષ્ઠ કેપ્ટન કોણ' અંગે ક્રિકેટ રસિકો પાસેથી કેપ્ટન તરીકે કોનું પ્રદર્શન સારું રહ્યું તે અંગે વોટિંગ કરાયું હતું. બુધવારે પોલિંગની અંતિમ ક્ષણોમાં વિરાટ કોહલી અને ઈમારન ખાન વચ્ચે રસાકરી સર્જાઇ હતી. અંતે ઈમરાન ખાને નજીવા અંતરે બાજી મારી લીધી. પોલમાં ૫.૩૬ લાખ મત પડ્યા. જેમાંથી ૪૭.૩ ટકા વોટ ઈમરાનને અને ૪૬.૨ ટકા મત કોહલીને મળ્યા હતા. ભારતમાં ટ્વીટર પર સતત હકોહલી માટે વોટિંગની અપીલ કરવામાં આવી રહી હતી. તે નંબર વન ટ્રેન્ડ પણ બની રહ્યું હતું. પ્રારંભમાં ઈમરાન ખાન આગળ ચાલી રહ્યા હતા. જ્યારે કોહલીએ વચ્ચે વચ્ચે જોરદાર ટક્કર આપી હતી. પરંતુ અંતે એક ટકા કરતા પણ ઓછા મતે ઈમરાને બાજી મારી લીધી. વાસ્તવમાં ગત દિવસ આઈસીસીએ ટ્વીટ કરી હતી કે ક્રિકેટ વિશ્વના કેટલાક ખેલાડી એવા છે, જેમનું કેપ્ટનશીપ ઉપરાંતનું પરફોર્મન્સ સતત સારુ થતું ગયું. આઈસીસીએ તમામના રેકોર્ડ શેર કર્યા હતા. વોટિંગમાં ડિવિલ્યર્સને ૬ ટકા અને મેગ લેનિંગને માત્ ૦.૫ ટકા જ વોટ મળ્યા.

# અશ્વિને મને મોટા ભાઈની જેમ ગાઈડ કર્યો ત્યારે મેચ ડ્રો કરાવી શક્યા : વિહારી



(જી.એન.એસ.)બ્રિસબેન,તા.૧૩

ભારતીય ઓલરાઉન્ડર હનુમા વિહારીએ રવિચંદ્રન અશ્વિન સાથે મળીને ઓસ્ટ્રેલિયા સામે સિડની ખાતે ટેસ્ટ ડ્રો કરાવી હતી. બંનેએ છઠ્ઠી વિકેટ માટે રેકોર્ડ ૪૩ ઓવર રમીને અણનમ ૬૨* રન ઉમેર્યા હતા. આ પાર્ટનરશિપ અંગે હનુમાએ કહ્યું કે, અશ્વિને મોટા ભાઈની જેમ તેને રસ્તો બતાવીને ગાઈડ કર્યો હતો. તેથી જ બંને વચ્ચે આટલી મોટી ભાગીદારી થઈ શકી હતી.

ઓસ્ટ્રેલિયાએ મેચમાં ૪૦૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં ભારતે ૫ વિકેટે ૩૪૪ રન કરીને મેચ ડ્રો કરી હતી. અશ્વિન અને વિહારીએ છઠ્ઠી વિકેટ માટે બોલ (૨૫૯)ના હિસાબે ભારતની ત્રીજી સૌથી મોટી ભાગીદારી કરી.ત્રીજી ટેસ્ટ ડ્રો થતા સીરિઝ અત્યારે ૧-૧ની બરાબરી પર છે. ૧૫ જાન્યુઆરીએ બ્રિસ્બેન ખાતે અંતિમ ટેસ્ટ રમાશે.

વિહારીએ કહ્યું કે, "પાંચમા દિવસે અંતિમ સેશનમાં બેટિંગ કરવાનો અનુભવ સારો રહ્યો. આ કોઈ સપનું સાચું પડ્યું હોય તેના જેવું હતું. હું બહુ ખુશ છું. અશ્વિને મને મોટા ભાઈની જેમ ગાઈડ કર્યો. બેટિંગ દરમિયાન હું ઘણું બધું વિચારી રહ્યો હતો. ત્યારે અશ્વિને કહ્યું- અત્યારે માત્ર બોલ પર ધ્યાન આપ." અશ્વિને ૧૨૮ બોલમાં ૩૯* અને વિહારીએ ૧૬૧ બોલમાં ૨૩* રન કર્યા હતા.

સિડની ટેસ્ટમાં ચોથા દિવસના અંતે ભારતને ૩૦૯ રનની જરૂર હતી અને ૮ હાથ વિકેટ હાથમાં હતી. આ અંગે અશ્વિને કહ્યું કે, હું જ્યારે રાત્રે સૂવા ગયો તો મેં પોતાને કહ્યું કે, જો હું દરેક ફોર્મેટમાં બેટિંગ કરી શકું છું તો હું એ કેમ નથી કરી શકતો જે ડુ-પ્લેસીસે એડિલેડમાં કર્યું હતું. હું પોતાને એક સારી તક આપી શકું છું. નોંધનીય છે કે, ડુ-પ્લેસીસે ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં છેલ્લા દિવસે ૮ કલાક બેટિંગ કરીને મેચ ડ્રો કરાવી હતી. તેણે અણનમ ૧૧૦ રન માર્યા હતા.

# બ્રિસબેન ટેસ્ટમાં ભારતીય ટીમમાં બે વિકેટ કિપર રમે તેવી સંભાવના



(જી.એન.એસ.)બ્રિસબેન,તા.૧૩

ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ભારતીય ખેલાડીઓની ઈજા ભારતીય ટીમ માટે ચિંતાનો વિષય બની ગયો છે, એક પછી એક કરીને નવ જેટલા ખેલાડીઓ ઈજાગ્રસ્ત થઈ ચૂક્યા છે. ત્રીજી ટેસ્ટમાં હનુમા વિહારી, રવિન્દ્ર જાડેજા અને રવિચંદ્રન અશ્વિન ઈજાગ્રસ્ત થતા હવે અંતિમ અને ચોથી ટેસ્ટમાં ચોક્કસપણે ભારતીય ટીમ કમજોર પડી શકે છે. જો આવુ બને તો ટીમ મેનેજમેન્ટ રિદ્ધિમાન સાહા અને ઋષભ પંત બન્ને વિકેટકીપરોને એકસાથે ચોથી ટેસ્ટમાં ઉતારી શકે છે, જો ઓપ્શન અપનાવવામાં આવે તો રિદ્ધિમાન સાહાને વિકેટકીપર અને ઋષભ પંતને એક બેટ્સમેન તરીકે ટીમમાં સામેલ કરી શકાય છે. જોકે બીજો ઓપ્શન મયંક અગ્રવાલ અને પૃથ્વી શૉ પણ છે. વિહારી, જાડેજા અને અશ્વિનના પહેલા જ મોહમ્મદ શમી, ઉમેશ યાદવ અને રાહુલ ઈજાગ્રસ્ત થઈને ભારત પરત ફરી ચૂક્યા છે. વિરાટ કોહલી પણ પહેલા બાળકના જન્મના કારણે પ્રથમ ટેસ્ટ બાદ સ્વદેશ પરત આવી ગયો હતો. આવામાં ભારતીય ટીમ પહેલાથી જ કમજોર પડી ચૂકી છે. જો ચોથી ટેસ્ટ માટે પંત અને સાહાને સમાવવામાં આવે તો પંતને નંબર પાંચ પર જ બેટિંગ કરવી પડશે, અને રિદ્ધિમાન સાહા નંબર છ પર બેટિંગમાં ઉતરી શકે છે.

# ૪૮ વર્ષની અભિનેત્રી આયેશા જુલ્કાએ મારા બાળકો નથી, કારણ કે હું ઈચ્છતી નથી



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૩


અભિનેત્રી આયેશા જુલ્કાએ પોતાની ફિલ્મી કરિયરની શરૂઆત 'કુર્બાન' (૧૯૯૧) થી કરી હતી. તેણે બોલિવૂડના ઘણા મોટા સેલેબ્સ સાથે કામ કર્યું હતું. આયશા જુલકા ઈન્ડસ્ટ્રીમાં જ એક મોટું નામ રહ્યું છે. જો કે, લગ્ન પછી, તેઓએ ઈન્ડસ્ટ્રીને વિદાય આપવાનું નક્કી કર્યું. વર્ષ ૨૦૦૩ માં, તેઓએ સમીર વશી સાથે લગ્ન કર્યા. ૪૮ વર્ષની ઉંમરે પણ તેને બેબી પ્લાનિંગ વિશે કોઈ વિચાર નથી. પતિ સમીર અને આયેશાએ એક સાથે બાળક ન લાવવાનો નિર્ણય કર્યો છે. લાઈમલાઈટથી દૂર થયા પછી, આયેશા જુલ્કાએ તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન લગ્ન, પ્રેમ, જીવન અને બાળકના ન લેવાના નિર્ણય અંગે ખુલીને વાત કરી હતી. એક ઈન્ટરવ્યુમાં આયેશાએ કહ્યું હતું કે, મારા બાળકો નથી, કારણ કે હું ઈચ્છતી નથી. હું કામમાં બહુ એનર્જી અને સમય લગાવું છું. સાથે જ ઘણા સોશિયલ કોઝ જોવું છું. મને મારા નિર્ણયથી કોઈ પરેશાની નથી. પરિવાર સાથે મળીને આ નિર્ણય લીધો હતો. આયેશા આગળ કહે છે કે પતિ સમીર વશીએ પણ સંતાન ન થવાની બાબતે તેની સાથે સંમતિ દર્શાવી હતી. આયેશાએ કહ્યું, "મારા પતિએ મારી જિંદગીમાં મને ઘણો સાથ આપ્યો છે. મને પોતાને વ્યક્ત કરવા માટે પ્રોત્સાહન આપ્યું. મારે જે કરવાનું હતું તેમાં તેઓએ હંમેશાં મને ટેકો આપ્યો છે. મારે તેના ઉપર ક્યારેય કોઈ દબાણ નથી રાખ્યું. આયેશા કહે છે કે મેં ફિલ્મ ઈન્ડસ્ટ્રીને અલવિદા કહેવાનો નિર્ણય લીધો હતો તે કાળજીપૂર્વક લેવામાં આવ્યો હતો.

# ઈજાગ્રસ્ત ખેલાડીઓ માટે IPLની ટાઈમિંગ જવાબદાર : જસ્ટિન લેંગર

(જી.એન.એસ.)બ્રિસબેન,તા.૧૩

ભારતનો ઓસ્ટ્રેલીયા પ્રવાસ હવે તેના અંતિમ પડાવમાં છે. પ્રવાસની અંતિમ મેચ હવે બ્રિસબેનમાં રમાનારી છે. જોકે આ દરમ્યાન ભારતીય ખેલાડીઓને ઈજા થવાથી બહાર થવાની યાદી લાંબી થવા લાગી છે. દરમ્યાન ઓસ્ટ્રેલીયાના કોચ જસ્ટીન લેંગરે આ માટે આઈપીએલની અંતિમ સીઝન જવાબદાર હોવાનુ કારણ ગણાવ્યુ છે. લેંગરનુ માનવુ છે કે, આઈપીએલના ટાઈમીંગને લઈને બંને દેશોના આટલા બધા ખેલાડીઓને ઈજા પહોંચાડવામાં ફાળો છે. જસ્ટીન લેંગરને આમ તો આઈપીએલ ખૂબ પસંદ છે. કોરોના મહામારીને લઈને આઈપીએલ તેના નિયત સમય કરતા મોડી આયોજીત કરવામાં આવી હતી. આઈપીએલને યુએઈમાં રમાડવામાં આવી હતી, આમ તો સામન્ય રીતે તે ભારતમાં એપ્રિલ-મે માસ દરમ્યાન આયોજીત કરવામાં આવે છે. આઈપીએલ દરમ્યાન અને ત્યાર બાદ થી ભારતના અનેક ખેલાડીઓ ઈજાગ્રસ્ત બન્યા છે. સાથે જ ઓસ્ટ્રેલીયાના પણ કેટલાક ખેલાડીઓ ફીટનેશની પરેશાની ભોગવી રહ્યા છે. લેંગરે એક વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યુ હતુ કે, આ સિઝનમાં ઈજાની યાદી લાંબી છે. મને લાગે છે કે, આઈપીએલ ૨૦૨૦ નુ ટાઈમીંગ યોગ્ય નહોતુ. ખાસ કરીને આવડી મોટી સીરીઝના પહેલા તો સહેજ પણ નહી. ભારતના મુખ્ય ખેલાડી મહંમદ શામી, કેએલ રાહુલ અને ઉમેશ યાદવ તો ઈજાને લઈને સીરીઝ થી બહાર થયા હતા. હવે તેમાં તાજા નામ રવિન્દ્ર જાડેજા અને જસપ્રિત બુમરાહ પણ ઉમેરાયા છે. ઓસ્ટ્રેલીયાના ડેવિડ વોર્નર પણ પ્રથમ બે ટેસ્ટ નહોતો રમી શક્યો.

# સુશાંતની જૂની નોટ વાયરલ : 'હું ખોટી રમત રમી રહ્યો છું, હું કોણ છું



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૩

અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના મોતને ૭ મહિના થવા આવ્યા છે. તેમનું મોત બોલિવૂડ માટે નુકસાનકારક સાબિત થયું અને જેની વળતર ક્યારેય નહીં મળે. આ કેસની તપાસ ચાલી રહી છે, પરંતુ અભિનેતાના પરિવારજનો પણ કંઈક શેર કરીને ચાહકો સાથે સંકળાયેલા રહે છે. આ સમયે સુશાંતની એક જૂની નોટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ નોટ ખુદ સુશાંતની બહેન શ્વેતા સિંહ કીર્તિએ શેર કરી છે.

સુશાંત આ નોટમાં લખે છે- મેં મારા જીવનના ૩૦ વર્ષ ફક્ત કંઈક બનવાની ઈચ્છામાં કાઢ્યા છે, હું સારી ટેનિસ રમવા માંગુ છું, સારા ગ્રેડ મેળવવા ઈચ્છું છું. હું બધું જ એ નજરથી જોવા લાગ્યો હતો. હું કદાચ મારી જાત સાથે ખુશ ન હતો, સારું થવાનું સ્વપ્ન જોતો હતો. પરંતુ પછી હું સમજી ગયો કે હું ખોટી રમત રમું છું. કારણ કે ખરેખર વાત તો એ હતી કે હું કોણ છું. સુશાંતની આ જૂની નોટ શેર કરતી વખતે શ્વેતા પણ ભાવુક થઈ રહી છે. તે કહી રહી છે કે આ બહુ ઉંડી વાત છે.

આ પહેલીવાર નથી જ્યારે સુશાંતના પરિવાર દ્વારા આવું કંઈક શેર કરવામાં આવ્યું હોય. આ અગાઉ ઘણા પ્રસંગો પર અભિનેતાની યાદો બધા સાથે શેર કરવામાં આવી છે. ક્યારેક તેના ગીત ગાવાનો વીડિયો વાયરલ થયો છે તો ક્યારેક તે કોઈની મદદ કરતો હોય એવો વીડિયો શેર કરવામાં આવે છે. બોમ્બે હાઈકોર્ટમાં પણ તાજેતરમાં સુશાંત સિંહ રાજપૂતની પ્રશંસા કરવામાં આવી હતી.

# જાસ્મીને આખરે જગજાહેર કર્યું: અલી ગોની મારો બોયફ્રેન્ડ છે



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૧

હાલમાં બિગ બોસને લઈ ભારે ચર્ચા કરવામાં આવી રહી છે. બિગ બોસમાં ઘણી લવ સ્ટોરી શરૂ થાય છે તો ઘણી લવ સ્ટોરી તૂટી પણ જાય છે. ત્યારે વાત કરીએ અભિનેત્રી જાસ્મીનની તો બિગ બોસના ઘરમાં ૧૦૦ દિવસ રહ્યા બાદ જાસ્મીન ભસીન ૧૦મી જાન્યુઆરીએ આઉટ થઈ ગઈ. પરંતુ 'દિલ સે દિલ તક'ની આ એક્ટ્રેસનું કહેવું છે કે, તે ખુશ છે કારણ કે બેસ્ટફ્રેન્ડમાંથી તેનો બોયફ્રેન્ડ બનેલો અલી ગોની હજુ બિગ બોસના ઘરમાં ટકી રહ્યો છે અને સરસ રમી રહ્યો છે.

જાસ્મીને વાત કરતાં કહ્યું હતું કે- હું રોજ સવારે ઊઠીને સૌથી પાહેલા તેને જોતી હતી, હવે હું તે મિસ કરીશ. ઉલ્લેખનીય છે કે શો છોડ્યા બાદ તરત જાસ્મીને પોતાના ઘરે જવાના બદલે, તેના મિત્રો ભારતી સિંહ અને હર્ષ લિંબાચિયાની મુલાકાત લીધી હતી. તેણે આ બાબતે પણ વાત કરી હતી કે- બિગ બોસનું ઘર છોડ્યા બાદ, મને ઘણા બધા વિચારો આવ્યા હતા. હું નહોતી જાણતી કે બહાર લોકો મારા વિશે શું વિચારતા હશે. તેથી હું થોડી નર્વસ હતી. આગળ વાત કરી કે-મારા માતા-પિતાએ મને ગેમ પર ફોકસ કરવાનું કહ્યું હતું. તેમણે જે કહ્યું તે ગેમ માટે કહ્યું.

આ વાતચીત દરમિયાન જાસ્મીને રિલેશનશીપ વિશે પણ વાત કરી હતી કે-મારા પેરેન્ટ્સને અમારા રિલેશનશિપ સામે વાંધો કેમ હોય? મેં તેમની સાથે ચર્ચા કરી હતી અને તેઓ ખૂબ ખુશ છે'. હું પ્રેમમાં પડી છું અને આ સુંદર લાગણી છે. જો મારા માતા-પિતાને તકલીફ ન હોય તો મને આ વર્ષે લગ્ન કરવામાં કોઈ વાંધો નથી. એકવાર અલી બહાર આવે પછી મારા પેરેન્ટ્સ તેના પેરેન્ટ્સને મળવા જશે. તેના માતા-પિતા શું કહે છે તે અમારે જાણવાની જરૂર છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે આખરે આ પ્રેમ લગ્ન સુધી પહોંચે છે કે કેમ?

# અલી અબ્બાસ ઝફર મને ગંભીર પાત્ર માટે કાસ્ટ કરશે એવું ક્યારેય ધાર્યું નહોતુ : સુનિલ ગ્રોવર



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૨

સદાબહાર સુનિલ ગ્રોવર મોટે ભાગે કોમિક રોલ્સ અને પાત્રો ભજવતો જોવા મળે છે, પરંતુ બહુપ્રતિક્ષિત એમેઝોન ઓરિજિનલ સિરીઝ તાંડવમાં તે સંપૂર્ણ નવા અવતારમાં સ્ક્રીન પર આવીને દર્શકોને સરપ્રાઈઝ આપવા તૈયાર છે. ચાહકો તેના સ્ક્રીન પર પાછા આવવાની અને અદભુત પરફોર્મન્સ સાથે ચમત્કાર સર્જવાની વાટ જોઈ રહ્યા છે. હાલમાં સુનિલે તાંડવ વિશે સાંભળ્યા પછી પ્રથમ પ્રતિક્રિયા આપી અને તેના ખુશમિજાજી વ્યક્તિત્વ છતાં આ પાત્ર કઈ રીતે મળ્યું તે વિશે પણ તેણે વાતો કરી. તોડવમાં હું સાડી પહેરીને લોકોને હસાવવાનો નથી, એમ સુનિલ કહીને વાર્તા આગળ વધારે છે, શો વિશે મેં સૌપ્રથમ સાંભળ્યું ત્યારે જ આ જૂના યુગની, જૂની ઘરેડની રાજકીય વાર્તા હોવાની અપેક્ષા હતી.

મેં સૌપ્રથમ વાર સ્ક્રિપ્ટ વાંચતાં જ હું ખોટો પડી ગયો હતો. તાંડવ બહુ જ રોચક વાર્તા છે. હું પણ વાંચતાં જકડાઈ ગયો અને આખી સ્ક્રિપ્ટ વાંચી નાખી. શો બહુસ્તરીય પાત્રો સાથેની હોવાથી મને મોહિત કરે છે. તેણે જણાવ્યું કે હું કોમેડીની જૂની ઘરેડમાં ક્યાંક અટવાઈ ગયો હતો. જેથી આવી સિરીઝનો હિસ્સો બનવા માગતો હતો. અગાઉ હું કોમેડી અને મોજીલો પાત્રોની પ ા ર ભાગ્યે જ વિચારતો હતો. આથી જ અલી અબ્બાસ ઝફર મને આવા ગંભીર અ ન ે સઘન પાત્ર માટે કાસ્ટ કરશે એવું ધાર્યું નહોતું. અલીએ મને ગુરપાલના પાત્ર માટે હું પ્રથમ પસંદગી છું અને પાત્રને હું જ ન્યાય આપી શ ક ી શ એવો વિશ્વાસ છે એમ કહ્યું ત્યારે મને આશ્ચર્ય થયું હતું. આ ગંભીર પાત્ર ભજવવાના અનુભવ વિશે બોલતાં અભિનેતાએ જણાવ્યું કે મને ડાયરેક્ટર પાસેથી આ માટે માર્ગદર્શન મળ્યું હતું. સુનિલ ઉમેરે છે. હું કોમેડી ભૂમિકાથી ટેવાઈ ગયો છું. આથી આ પાત્ર અલગ કઈ રીતે ભજવાશે તે અલીએ મને જણાવ્યું હતું. મને રસપ્રદ રુચિ લાવવાની આખી પ્રક્રિયામાં અ ા નવો અનુભવ બહુ જ ગમ્યો છે.

# અંગ પ્રદર્શનની હદબાર નેહા ભસીનનું ગીત



(જી.એન.એસ.) મુંબઈ,તા.૧૨

સિંગર નેહા ભસીનના ગીત લોકોમાં પોપ્યુલર હોય છે. તેમનો અવાજ લોકોના દિલ જીતી લે છે. નેહા ભસીનના તમામ ગીતો પોપ્યુલર હોય છે. હવે આ જ પોપ્યુલર ગીતોના લિસ્ટમાં વધુ એક ગીત ઉમેરાયું છે. ગીતનું નામ છે 'તૂ કી જાને....' આ ગીતમાં નેહા અત્યંત બોલ્ડ લૂકમાં દેખાઈ રહી છે. તેના ગીત કરતા તેના લૂકની ચર્ચા હાલ સોશિયલ મીડિયા પર વધુ થઈ રહી છે. નેહા ભસીનનું આ ગીત બોલ્ડ અંદાજમાં ફિલ્માવાયું છે. નેહાએ ગીત માટે બોલ્ડ શોટ્સ આપ્યા છે. સિંગ ગીતમાં બ્લેક આઉટફીટમાં નજર આવી રહી છે.

તેની સાથે જ નેહાની હેર સ્ટાઈલે પણ આકર્ષણ જમાવ્યું છે. શોર્ટ બ્લોન્ડ હેરમાં તે કાતિલ લાગી રહી છે. ગીતમાં અનેક ઈન્ટીમેટ સીન પણ નજર આવી રહ્યાં છે. લેટેસ્ટ રિલીઝ સોન્ગ તૂ કી જાનેની વાત કરીએ તો તેમાં નેહા ભસીને ભલે બોલ્ડ અંદાજ આપ્યા હોય, પરંતુ ગીતમાં કોઈ ઉણપ દેખાઈ રહી છે. ગીતનું સંગીત અને શબ્દોમાં કંઈક એવુ મિસિંગ લાગી રહ્યુ છે, જેનાથી આ ગીત બીજીવાર પણ સાંભળવાનું મન થતુ નથી.

આ ગીત વધુ વ્યૂ મેળવવામા સફળ નહિ થાય. માત્ર બોલ્ડ અંદાજને કારણે ચર્ચામાં રહે તેવુ લાગી રહ્યું છે. નેહા ભસીનના અનેક ગીતો પોપ્યુલર છે. નેહાના ગીતો પોપ્યુલર પણ ઘણા છે. જેમ કે, સ્વૈગ સે કરેંગે સબકા સ્વાગત, નહિ જાના, કુછ ખાસ હૈ.... જેવા ગીતો તેના હીટ ગીતો છે.

ઘાયલ કાર્યકરોએ કમિશ્નર ને અરજી કરી ગુનો નોંધવા માંગ કરી : સીએમ નાં શહેર માં વિજિલન્સ ની લુખ્ખી દાદાગીરી થી લોકોમાં રોષ ની લાગણી

# પોલીસનું ગુંડારાજ: આપના કાર્યકરોને બેફામ માર માર્યો







ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૩

મહાનગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગતા રાજકિય પક્ષોએ લોકોની મુશ્કેલી પ્રશ્ને રજૂઆતો કરવાનું શરૂ કરેલ છે. રાજકોટ મહાનગરપાલિકાના તંત્ર દ્વારા વોર્ડ નં.૪ના વિસ્તારમાં કેટલીક મિલ્કતોનું ગેરકાયદેસર બાંધકામ ૪ દિવસમાં દૂર કરવા નોટીસ અપાતા વોર્ડ નં.૩ના આપના આગેવાનો તેમજ ચૂંટણીના સંભવિત ઉમેદવારો અસરગ્રસ્તો વતી મહાપાલિકા કમિશ્નર સમક્ષ રજૂઆત કરવા ગયેલ. ત્યારે કમિશ્નર ઉપલબ્ધ ન હોવાથી કચેરી પટાંગણમાં આપના કાર્યકરો તેમજ આગેવાનો બેઠા હતા તેને મહાપાલિકાના સુરક્ષા વિભાગના અધિકારી આર. બી. ઝાલા દ્વારા ધમકાવવામાં આવેલ બાદ માર મારવામાં આવ્યો હતો. જે બાબતની પોલીસ કમિશ્નરને આપના જગદિપભાઈ દ્વારા લેખિત સ્વરૂપે ફરિયાદ નોંધાવેલ છે.

શહેરના મોરબી રોડ વોર્ડ નં.૪ ના રહેવાસી કેટલાક લોકોને પોતાના મકાનનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા તંત્રની નોટીસ મળતા આ મામલે આપના આગેવાનો રાહુલ ભુવા, જયદીપભાઈ તેમજ અસરગ્રસ્ત થનાર લોકો મહાપાલિકા કચેરી ખાતે મહાપાલિકા કમિશ્નરને રૂબરૂ મુલાકાત લઈ રજૂઆત કરવા પહોંચ્યા હતા. ત્યારે કમિશ્નર હાજર ન હોવાથી રજૂઆતકારો મેદાનમાં રાહ જોઈ રહ્યા હતા. તે સમયે મહાપાલિકાના તકેદારી-સુરક્ષા વિભાગના અધિકારી આર.બી. ઝાલા તેમના કેટલાક મદદનીશો સાથે આવ્યા બાદ કચેરીના પટાંગણમાંથી બહાર જતા રહેવા જણાવ્યુ હતું. આપના આગેવાનોએ મહાપાલિકા કમિશ્નરને મળી રજૂઆત કરવાની હોવાનું જણાવ્યું હતું. રજૂઆત કરવા આવેલ લોકો ત્યા આપના આગેવાનો કચેરીમાંથી બહાર ન જતા તકેદારી-સુરક્ષા વિભાગના અમલદાર કર્મચારીઓએ આપના આગેવાનો તેમજ રજૂઆત કરવા આવેલ અસરગ્રસ્ત લોકોને માર મારવામાં આવેલ. જેમાં મહિલાઓ સાથે કાયદા વિરૂદ્ધનું વર્તન કરી માર મારેલ તેમજ કેટલાક લોકોના કપડા ફાડી નાખેલ.

આપના આગેવાન જયદીપ નિમ્બાર્ક, રાહુલ ભુવા વગેરેને પકડી લઈ એક રૂમમાં લઈ જઈ વિજીલન્સ (તકેદારી-સુરક્ષા વિભાગ)ના અમલદાર તથા મદદનીશોએ બેફામ માર મારેલ હતો. આ સમગ્ર બનાવ મહાપાલિકાની મુખ્ય કચેરીના અંદરના ભાગે લગાવેલ સીસીટીવી કેમેરામાં કેદ થયેલ ઉપરાંત કેટલાક લોકોએ પણ તેનુ શુટિંગ કરેલ હતું.

ત્યાર બાદ આ બનાવ શહેરના એ. ડીવીઝન પોલીસ મથકની હદમાં સર્જાયેલ હોવાથી ત્યા લઈ જવામાં આવ્યા હતા. એ. ડીવીઝનમાં મારનો ભોગ બનનારાઓની રજૂઆત બાદ સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડેલ તા. આ બનાવાની જાણ થતા રાજકોટ શહેર આમ આદમી પાર્ટીના પ્રમુખ રાજભા ઝાલા, અગ્રણી શિવલાલ બારસીયા વગેરે પોલીસ મથક તેમજ હોસ્પિટલે પહોંચ્યા હતા.

બનાવ અંગેની વિગતો જાણ્યા બાદ આપના આગેવાનો દ્વારા આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી તટસ્થ તપાસની માંગ કરી એ. ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધોલ છે.

## બોર્ડ ધોરણો બાદ ધો. ૯ અને ૧૧ના વર્ગો પણ ૨૦મીથી શરૂ થવાની વકી

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૩



ગુજરાત રાજ્યમાં ૯ મહિનાના વિરામ બાદ ધોરણ ૧૦ અને ૧૨ની શાળા શરૂ કરવામાં આવી છે. બીજી તરફ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ધોરણ ૯ અને ૧૧ના વર્ગો ૨૦ જાન્યુઆરી આસપાસ શરૂ થઈ શકે છે. ૧૮ જાન્યુઆરીએ સીબીએસઈની સ્કૂલો શરૂ થયા બાદ સરકાર ધોરણ ૯ અને ધોરણ ૧૧ માટે જાહેરાત કરી શકે છે. તો વળી પ્રાથમિક સ્કૂલ ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં શરૂ થઈ શકે છે. પ્રાથમિક શાળા શરૂ થયા બાદ ધોરણ ૧થી ૫ની શાળા શરૂ થઈ શકે છે. કોરોનાકાળના કારણે આશરે ૦૯ જેટલા મહિનાના સુધી બંધ રહેલી શાળાઓમાં ખુલી છે. આજથી રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે શાળામાં શરૂ થઈ છે. કેન્દ્ર સરકારની કોવિડ ગાઈડલાઈન મુજબ શાળાઓ ખોલવા રાજ્ય સરકાર અને શાળા સંચાલકોએ તૈયાર થયા બાદ આ પ્રકારનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે પીજી અને યુજીના છેલ્લા વર્ષનું શૈક્ષણિક કાર્ય પણ શરૂ થયું છે. કોરોના કાળમાં શાળા-કોલેજો બંધ રહેતા વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ પર માઠી અસર પહોંચી છે. ઓનલાઈન શિક્ષણ તો ચાલી રહ્યું છે. શાળા શરૂ કરતા પહેલા વિવિધ મહાનગરોમાં આવેલી શાળામાં સેનિટાઈઝરની કામગીરી શરૂ કરવામાં આવી હતી. સરકારી ગાઈડલાઈન મુજબ સોશિયલ ડિસ્ટન્સ સાથે બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. કોઈ પણ વિદ્યાર્થીને ખાંસી, તાવ કે શરદી હોય તેવા વિદ્યાર્થીઓએ તાત્કાલિક આચાર્યને જાણ કરવાની રહેશે.

## રાજ્યના વાહન વ્યવહાર વિભાગનું દરેક વાહનની ગતિ મર્યાદા નક્કી કરતું જાહેરનામું

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૩

ગુજરાતમાં વાહનની ગતિ મર્યાદા અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. રાજ્યના વાહન વ્યવહાર વિભાગે જાહેરનામું પ્રસિદ્ધ કરીને વાહનની ગતિ મર્યાદા અંગે જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં રાજ્યમાં એક્સપ્રેસ હાઈ-વે પર ૧૨૦ની સ્પીડે ચલાવી શકાશે, જ્યારે નેશનલ હાઈવે પર ૧૦૦, સ્ટેટ હાઈવે પર ૮૦ની સ્પીડે વાહન ચલાવવા નક્કી કરવામાં આવ્યું છે. મનપા શહેરી વિસ્તારમાં ૬૫ અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ની સ્પીડ નક્કી કરવામાં આવી છે. આ સિવાય માલસામાનની હેરફેર કરતા વાહનની ગતિ મર્યાદા પણ નક્કી કરાઈ છે.

### ગાડી માટે સ્પીડ લિમિટ

એક્સપ્રેસ હાઈવે ૧૨૦ કિ.મી
નેશનલ હાઈવે ૧૦૦ કિ.મી
સ્ટેટ હાઈવે ૮૦ કિ.મી
મ્યુન્સિપલ શહેરી વિસ્તાર ૬૫ કિ.મી
ગ્રામ્ય વિસ્તાર રોડ ૫૦ કિ.મી

### માલસામાનની હેરફેર કરતા વાહનોની ગતિ મર્યાદા


એક્સપ્રેસ હાઈવે ૮૦ કિ.મી
નેશનલ હાઈવે ૮૦ કિ.મી
સ્ટેટ હાઈવે ૭૦ કિ.મી
મ્યુન્સિપલ શહેરી વિસ્તાર ૬૦ કિ.મી
ગ્રામ્ય વિસ્તાર રોડ ૪૦ કિ.મી

### દ્વિચક્રી વાહનોની ગતિ મર્યાદા

નેશનલ હાઈવે ૮૦ કિ.મી
સ્ટેટ હાઈવે ૭૦ કિ.મી
મ્યુન્સિપલ શહેરી વિસ્તાર ૬૦ કિ.મી
ગ્રામ્ય વિસ્તાર રોડ ૫૦ કિ.મી

## રાજકોટમાં પૂરપાટ ઝડપે આવતી BMW-બાઈક વચ્ચે અકસ્માત : બાઈક ચાલકનું મોત

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૩



રાજકોટમાં મંગળવારે મોડી રાત્રે બીએમડબલ્યુ કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો છે. આ ગમખ્વાર અકસ્માતમાં બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત નિપજ્યું છે. બીએમડબલ્યુ કાર ચાલક તબીબ લક્કીરાજ અકવાલિયાની હાલ અટકાયત કરવામાં આવી છે. લક્કીરાજ અકવાલિયા નશાની હાલતમાં બીએમડબલ્યુ કાર ચલાવતો હોવાનો સામે આવ્યું છે. થોરાળા પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે. રાજકોટમાં મોડી રાત્રે ૮૦ ફૂટ રોડ પર અમૂલ સર્કલ નજીક કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો.

જેમાં ડોકટર નશાની હાલતમાં કાર ચલાવતો હોવાનું સામે આવ્યું છે. બીએમડબલ્યુ કાર લક્કીરાજ ભગવાનજી અકવાલિયા ચલાવતો હોવાનું સામે આવ્યું છે. પોલીસે લક્કીરાજની અટકાયત કરી દીધી છે. પરંતુ આ અકસ્માતમાં ૪૫ વર્ષીય જયંતિભાઈ રાઠોડનું મોત થયું છે. ૪૫ વર્ષીય જયંતિભાઈ રાઠોડ થોરાળા વિસ્તારમાં રહે છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, રાજકોટમાં મોડી રાતે બીએમડબલ્યુ કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક જયંતિભાઈ રાઠોડનું ઘટના સ્થળે મોત નીપજ્યુ છે. આ અકસ્માત બાદ મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા.




## રાજકોટમાંથી આઠ જિલ્લાઓમાં ૭૭ હજાર વેક્સિન સપ્લાય કરાશે

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૩



દેશવાસીઓ જેની ખૂબ જ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. તે કોરોના વેકસીનનું આજે (બુધવાર) સવારે રાજકોટ ખાતે આગમન થયું છે. જેને હાલ રાજકોટના વેકસીન સ્ટોર ખાતે રાખવામાં આવી છે. આ વેકસીન સ્ટોર ખાતેથી આગામી દિવસોમાં સૌરાષ્ટ્રના ૮ જિલ્લાઓમાં કોરોના વેકસીન મોકલવામાં આવશે. આ કોરોના વેકસીન સિરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા દ્વારા બનાવામાં આવી છે. રાજકોટ ખાતે આવેલી કોરોના વેકસીન સૌરાષ્ટ્રના ૮ જિલ્લાઓમાં મોકલવામાં આવશે. જેમાં રાજકોટ જિલ્લામાં ૯૦૦૦ ડોઝ , રાજકોટ શહેરમાં ૧૬૫૦૦ ડોઝ, જામનગરમાં ૫૦૦૦ ડોઝ, જામનગર શહેરમાં ૯૦૦૦ ડોઝ, દેવભૂમિ દ્વારકામાં ૪૫૦૦ ડોઝ, પોરબંદરમાં ૪૦૦૦ ડોઝ, મોરબીમાં ૫૦૦૦ ડોઝ, કચ્છ જિલ્લામાં ૧૬૦૦૦ ડોઝ મોકવામાં આવશે. રાજકોટ વેકસીન સ્ટોર ખાતે રાખવામાં આવેલી કોરોના વેકસીનને હાલ ૨થી ૮ ડીગ્રી સે. તાપમાન જળવાઈ રહે તે પ્રમાણે રાકજવામાં આવશે. તેમજ સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લામાં પણ આજ રીતે વેકસીન માટેનું તાપમાન જળવાઈ રહે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

## રાજ્યમાં માધ્યમિક વિભાગના ૨૩૦૭ સહિત ૬૬૧૬ શિક્ષકોની ભરતી જાહેર

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૩

કોરોના કાળમાં માંડ માંડ શિક્ષણ તંત્ર થાળે પડી રહ્યું છે. ધોરણ ૧૦ અને ૧૦ના ક્લાસિસ શરૂ કરી દેવામાં આવ્યા છે. ત્યારે હવે શિક્ષણમંત્રીએ શિક્ષકોની ભરતીને લઈને મોટી જાહેરાત કરી છે. ગ્રાન્ટેડ શાળાઓમાં ભરતીના વિષય પર તેમણે કહ્યું કે, શિક્ષણ વિભાગમાં મોટી સંખ્યામાં ભરતી કરવાની છે. માધ્યમિક વિભાગમાં શિક્ષક સહાયક ૨૩૦૭ની ભરતી કરાશે. તો કોલેજમાં અધ્યાપક સહાયક ૯૨૭ કુલ મળીને ૬૬૧૬ ની ભરતી કરવામાં આવશે. શિક્ષણ વિભાગમાં ભરતી અંગે તેમણે જણાવ્યું કે, ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ભરતી કરાશે. કોલેજમાં અધ્યાપ કોની ૯૨૭, માધ્યમિકમાં ૨૭૦૭ અને ઉચ્ચતર માધ્યમિકની ૩૩૮૨ એમ કુલ મળીને ૬૬૧૬ શિક્ષકોની ભરતી કરાશે. તો કોલેજોમાં ૯૨૭ અધ્યાપક સહાયકોની ભરતી થશે. તો માધ્યમિક વિભાગમાં ૨૩૦૭ શિક્ષક સહાયકની ભરતી કરાશે. ગુજરાતીમાં ૨૩૪ શિક્ષક સહાયકોની ભરતી થશે. સામાજિક વિજ્ઞાનમાં ૨૮૯ શિક્ષક સહાયકોની ભરતી કરાશે. અંગ્રેજીમાં ૬૨૪ શિક્ષક સહાયકોની ભરતી કરાશે. ગણિત-વિજ્ઞાનમાં ૧૦૩૯ શિક્ષક સહાયકોની ભરતી કરાશે. એકાઉન્ટ અને કોમર્સમાં ૪૪૬ શિક્ષક સહાયકોની ભરતી કરાશે. તેમણે વધુમાં કહ્યું કે, કોલેજ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકમાં ૬૬૧૬ ની ભરતી પ્રક્રિયા કરવામાં આવશે. મુખ્યમંત્રી અને નાણામંત્રીનો આભાર માનું છું કે આ ભરતી પ્રક્રિયા માટે મંજૂરી આપી છે.













Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)